પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૫ ॥

श्री नमस्कार महामंत्र




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



દીક્ષા લેવા તૈયાર શ્રી ભગવાનદાસ - કારતક વદ ૩, સં. ૧૯૮૭
(પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ)

## જ્ઞાનાર્ણવ પ્રમાણે અનાહતનો આકાર



**અનાહતમાં નીચે લખેલા નવ અક્ષર જોડાયેલા છે:**

| | | |
|---|---|---|
| (૧) ઉકાર | (૨) અનુસ્વર | (૩) ઈકાર |
| (૪) ઊર્ધ્વરેફ | (૫) હકાર | (૬) હકાર |
| (૭) નિમ્નરેફ | (૮) અનુસ્વાર | (૯) ઈકાર |

ॐ बिन्द्वाकार हरोर्ध्वरेफ बिन्द्वानवाक्षरम् ।
मात्रा द्विःस्यन्दि पीयूष बिन्दुं विदुरनाहतम् ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૧૫॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

श्री


## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 15

January 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

શ્રી



# પ્રભુવાણી રુપી મેઘધારાની છાંટ સમી આંશિક ઝાંખી...



પરમ કૃપાળુ પરમાત્મા પ્રભુ મહાવીર છેલ્લે-છેલ્લે સોળ પ્રહર અવિરત દેશના આપીને જતા જતા અમાપ ઉપકાર કરતા ગયા. પ્રભુની દેશનાનો તે આસ્વાદ આજે પણ ઉત્તરાધ્યયન સૂત્રનાં આધારે પામી શકાય છે, બસ તેવી જ પ્રભુની વાણી રુપી મેઘધારાની છાંટ સમાન આંશિક ઝાંખી 'હસ્તાક્ષરનાં અક્ષયપાત્ર' સમી પૂજ્ય પંન્યાસજી ભગવંતની ડાયરીઓ દ્વારા અનુભવાય છે.

તેમાં રહેલ જીવરાશિ પ્રત્યેના અવિહડ સ્નેહપરિણામના શબ્દબિંદુઓ દરેક આત્માને પરિપ્લાવિત કરતા જાય છે. 'સર્વ જીવોમાં આત્મા... અને આત્મામાં સર્વ જીવો' એ ભાવોને સાહેબજીએ આત્માની સાથે અત્યંત ઘુંટીઘુંટીને જે પ્રકટ કર્યા છે, તે કેવા અદ્ભૂત ચિંતનો છે! વળી...

'અરિહંતમાં સ્વઆત્માનું અને સ્વઆત્મામાં અરિહંતનું દર્શન થાય, ત્યારે સમજવું કે અભ્યાસ પરિપક્વ થયો છે અથવા સર્વ જીવોમાં આત્મા અને પોતાના આત્મામાં સર્વ જીવો દેખાય, ત્યારે પણ અભ્યાસ સુદ્દઢ સમજવો'.

'સકલ જીવ કે જડ સૃષ્ટિની વર્તમાન સ્થિતિને જોતાં જ તેની પાછળ તીર્થંકરદેવોનો ઉપકાર અને કરૂણાભાવ નજરે પડવો જોઈએ'. 'વૈરાગ્ય કરતાં ય ભક્તિધર્મ વધુ જરૂરી એટલા માટે છે કે ઉપકારીઓના ઉપકારના સ્મરણ વિના પાત્રતા નાશ પામે, માટે ભક્તિ એ ફરજરૂપ છે'. 'એકવીસમી સદીનું આર્ષ વાક્ય છેઃ આપો. દાન એ સર્વોપરી ધર્મ છે'.

શ્રીં

‘અધ્યાત્મવિદ્યાનો એક અર્થ એમ છે કે આપણે ફક્ત એક જ શરીરમાં નહિં, બલ્કે દુનિયામાં જેટલા શરીર છે, તેટલામાં છીએ, એવી અનુભૂતિ સાથે જેટલો વિશ્વાસ મારો મારી જાત પર રહે છે, એટલો જ વિશ્વાસ સૌ પર રહે. જ્યારે આટલું થશે, ત્યારે અધ્યાત્મવિદ્યા આવશે’.

આત્મા સાથે અનુસંધાન કરાવતા આવા અધ્યાત્મભાવ ભાવિત અભૂતપૂર્વ ચિંતનોનો થાળ ભાવુક આત્માઓ માટે તો ભાવતું ભોજન મળ્યા સમો - અનહદ આનંદ અર્પતો હોય તેવો છે. પ્રભુની પ્યારી-પ્યારી ભાવકરૂણાને પાત્ર બનેલા આપણા આત્માને પૂજ્ય સાહેબજીનું ચિંતન અંતસ્થલમાં સ્પર્શી રહે તેમાં નવાઈ નથી. અહીં દરેક અક્ષરો તેના અર્થની સાક્ષીએ ઝીલવાના છે અને અગણ્ય આવી રહેલા પત્રોમાંથી ખ્યાલ આવે છે કે તે તેમ જ ઝીલાઈ રહ્યા છે. એક પત્રમાં લખાયું છેઃ ‘આ શબ્દસભામાંથી બહાર નીસરવું એ જાણે ન ગમતું કાર્ય થઈ પડે છે’. કેવી સરસ વાત!

અંતરથી અભિવાદન કરવાનું મન થાય છે ગુરુભકત શ્રાવક મુંબઈનાં શ્રી સી.કે.મહેતાનું, કે જેમણે વિશાળ નભ જેટલી આર્થિક ઉદારતા બતાવી, તો જ આજે જાણે મશીનમાં નીકળતા પાનાંઓની જેમ ઝડપથી એક-એક વોલ્યુમ પ્રકટ થઈ રહ્યા છે. હાં... સાથે જ અભિવાદની આગળની રૉ માં છે અમારા રાજકોટનાં શ્રાવકરત્ન શશીકાંતભાઈ મહેતાનાં સુપુત્ર દિપકભાઈનાં ધર્મપત્ની ભારતીબેન, કે જેઓની ૩૦ થી વધુ પુણ્યાત્મા કાર્યકર્તાઓ સંગે એકદમ સ્ટ્રોંગ થઈને તથા ઍલર્ટ રહીને કરાતી કામગીરી થકી મિલિટ્રી સમી શિસ્તથી દર મહિને એક વૉલ્યુમ ડાયરીઓમાંથી ડાયવર્ટ થઇ રહ્યો છે.

બસ, અંતરની એક જ તમન્ના કે વ્યવહાર અને નિશ્ચયની ચોકકસ સુસમજણ અર્પતા આ સદ્સાહિત્યનાં વાંચન દ્વારા મુમુક્ષુ આત્માઓ મોક્ષમાર્ગના સાચા પથિક બની રહે.

જાન્યુઆરી, ૨૦૧૯
**હાલાર તીર્થ, આરાધનાધામ.**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

શ્રીઁ



# સૌનાં જીવનદ્વારે હળવા ટકોરા...

સન્ ૧૯૬૫ પૂર્વે જ્યારે-જ્યારે અવધૂતયોગીજી શ્રી આનંદઘનજી, મહામહોપાધ્યાય યશોવિજયજી, અધ્યાત્મયોગી શ્રી દેવચંદ્રજી, પૂજ્ય વીરવિજયજી આદિના સર્જનમાંથી હું પસાર થતો, ત્યારે-ત્યારે વિચારતો કે પરમાત્મપદ પ્રાપ્તિની ઉપાસના કરનાર એવા કોઈ યોગી મહાત્મા હવેના આ કાળમાં ક્યાંયે હશે ખરા? ...અને ત્યાં જ તેમની કૃપાથી અમારો ભેટો થયો! અંદરથી જાગી ગયેલા અને સતત સાક્ષીભાવમાં જ રહેતા એવા મહાત્મા એટલે મારા ગુરુમહારાજ, જે આજે એમના હસ્તાક્ષરો થકી સંજીવની બનીને ભવ્યજીવોનાં જીવનદ્વારે હળવા ટકોરા દઈને સૌને જગાડી રહ્યાં છે!

જ્યારે-જ્યારે તેઓ સમીપ જતો, તેઓની શાંત મુખમુદ્રા ને કોમળ કરૂણાર્દ્ર આંખોથી સંમોહિત થઈ જતો! ત્યાં પહોંચું કે બધી જ ઈન્દ્રિયોનો કોલાહલ થઈ જતો પ્રશાંત! તેઓના આત્માની શીતળ જ્યોતથી પ્રગટી ઉઠતી સમતાની દીપમાળ! તેઓનું સમગ્ર અસ્તિત્વ જ કેન્દ્રિત થયેલી ચેતનાનાં તેજથી જાણે ઝગારા મારતું. રાજસ્થાનથી પરત મુંબઈ પહોંચું, ત્યાં જ 'ફરી ક્યારે જઈશ' તેવા વિચારોથી અશ્રુ ઝીલમીલતાં.

આજે ય સાંજ પડે જોઉં છું કે તેઓના આ હસ્તાક્ષરો મને એવી જ
પ્રશાંતિ તથા સમતા સાથે ઝીલમીલ અશ્રુની પણ ભેટ આપે છે.
**ગુરુનો ક્યારેય વિયોગ ન હોય, તે આનું જ નામ ને?**

જાન્યુઆરી, ૨૦૧૯
મુંબઈ

સી. કે. મહેતા









સરસશાન્તિ સુધારસ સાગરં,
વિરસ શોકહરં નમ નાગરામ્ ।
પરમ સ્મનકરં ચ વિશારદાં,
ભગવતીં ભજ માનસ પારગામ્ ॥

## સામાયિક તથા અન્ય વિચારો

(૧) જે ક્રિયા વડે આત્મા રાગ-દ્વેષને છોડી સમઅવસ્થાને પ્રાપ્ત થાય તે સામાયિક.

(૨) રાગ-દ્વેષથી મુક્ત થયેલા આત્માને જ્ઞાન વગેરેનો જે પ્રશમ સુખરૂપ લાભ થાય તે સમાય.
પ્રશમસુખનો લાભ અને સમઅવસ્થાની પ્રાપ્તિ પહેલામાં, બાકી ગુણસ્થાનકમાં શમસુખનો લાભ.

(3) બાકી નયનો વિરોધ નહિ કરતાં તેને પણ દૃષ્ટિકોણમાં રાખી, પોતાના દૃષ્ટિકોણથી પોતાનો વિષય સમજાવે તે નય 'સુનય' કહેવાય છે.

(૪) સામાયિકમાં ૪ ઉપકરણ જોઈએ.
અનુયોગદ્વાર ચૂર્ણિમાં કહ્યું છે:
'सामाइयकडस्स समणोवासगस्स चउविहे धम्मोवगरणे पन्नत्ते, तं जहा-ठवणायरियत्ति, मुहपत्तिअत्ति, जवमालिअत्ति, दंडपडिंछणगं च त्ति ।
(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

(૫) આત્માને સંયમ, નિયમ, તપમાં લાવવો તે સામાયિક.
ત્રસ અને સ્થાવર સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ, મિત્રભાવ રાખવો તે પણ સામાયિક છે.

(૬) ભગવતી સૂત્ર ૨, શતક ૯ ઉદ્દેશાને...

સામાયિક શું? સામાયિકનો અર્થ શો?

આત્માની સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત કરવી,

આત્મભાવમાં લીન થવું તે નિશ્ચયથી સામાયિક છે.

તે તરફ લઈ જનારા તમામ સાધનો, અનુષ્ઠાનો અને

ક્રિયાઓ તે વ્યવહારનયથી સામાયિક છે.

(૭) સામાયિકમાં સિદ્ધ કરવાની મુખ્ય વસ્તુ સમભાવ છે.

'સમભાવ' એટલે રાગ-દ્વેષનો અભાવ.

(૮) એવા મહાપુરુષો કામે લાગવાના છે કે જેમના હૃદયમાં

મૂળભૂત કરૂણા પેદા થઈ હોય. ઈશ્વર કામ કરી રહ્યો છે

અને આપણે સૌ એના સાધના ઓજાર છીએ.

અનુભૂતિ પણ એવા છે કે જેમના હૃદયમાં કરૂણા છે,

તેમનો પ્રભાવ દુનિયામાં બળવાન છે.

(૯) <u>સૌથી વધુ સુંદર શું?</u>

<u>આપણા દિલમાં રહેલી કર્તવ્યની ભાવના.</u>

(૧૦) મનના પાપને આપણે પાપ માનતા જ નથી.

કાયાના પાપને પાપ માનીએ છીએ,

પણ વધુ પાપ મનથી થાય છે.

મનમાં ખરાબ વિચાર આવ્યા તો સમજો કે બાર વાગી જશે.

(૨૧) હિંદુસ્તાનના રાજા પ્રજાના
આશીર્વાદથી જીવે છે, દમનથી નહિ.

નિઃસાસામાં રહેલી ગરમી છે કે ઝાડને પણ સુકાવી દે.

(૨૨) આત્મા એ ક્રિયા છે, વિચાર એ બીજ છે.
તેમાં જેવા વિચારરૂપ બીજ પડે છે, તેવાં ફળ મળે છે.
માટે જ જ્ઞાનીઓ સત્સંગનો આગ્રહ રાખે છે.

(૨૩) તમે કોઈ વસ્તુને શોધશો નહિ. યોગ્ય વસ્તુ તમને શોધી રહી છે. એ વસ્તુ પુરુષની - ભાવનાની દાસી છે.

(૨૪) પરસ્પરસ સંબંધ દાનથી સંધાય છે.
અમેરિકામાં કોઈ સાધુ ન ટકી શકે,
કારણ ત્યાં દાનની પ્રથા નથી. ધર્મ દાનથી ટકી શકે છે.
આઠમે ક્રોધ નહિ કરું. અગિયારસે અભિમાન નહિ કરું.
પાંચમે માયા નહિ કરું. ચૌદસે લોભ નહિ કરું.

(૨૫) સીલોનમાં ૨ લાખ, તિબેટમાં ૭ લાખ બૌદ્ધ સાધુઓ છે.
જાપાનના દાનથી જ ૨ મઠમાં ૭ હજાર સાધુ રહી શકે છે.

(૨૬) પરીક્ષા કરવી સહેલી છે, પરીક્ષા આપવી કઠિન છે.
પરીક્ષા કરવા ઉતાવળ કરે તેનામાં યોગ્યતા નથી.

(૨૭) શરીર-મનની રચના સ્ત્રી-પુરુષની અલગ અલગ છે.
એકનું મગજ, બીજાનું કાળજુ અંગ બળવાન છે.

(૧૮)શબ્દના અર્થ બે રીતે નીકળે: વ્યુત્પત્તિ અને નિર્યુક્તિથી.

(a) વ્યુત્પત્તિ = તત્ત્વને સાંભળે તે શ્રાવક.

(b) નિર્યુક્તિ = શ્રદ્ધા - વિવેક - ક્રિયા હોય તે શ્રાવક.

વ્યુત્પત્તિ અર્થ 'મૂળને શોધ' થાય છે.

નિર્યુક્તિ અર્થ 'શાખને ફેલાવવા' થાય છે.

(૧૯)બારાખડીના અક્ષરો પરમાત્મપદ મેળવવાની ચાવી છે.

<u>નાભિ, હૃદય અને કંઠના સ્થાને બારાખડીનું</u>

રટન <u>કરવામાં આવે તો શ્રુતજ્ઞાની બની શકાય</u> છે.

(૨૦)સાલમપાકમાં સૂંઠ, ગંઠોડા, મુસલી, ઘી, ગોળ સંયુક્ત રીતે શક્તિ આપે, પણ આ વસ્તુઓ અલગ અલગ ખાય તો? ભેગા કરીને ખાય તો પાકનો ગુણ આવે, તેમ મંત્રમાં સમજવું.

(૨૧)મન - વચન - કાયાની ગુપ્તિથી આરાધક વિકસે છે.
સ્ફટિકના ગોળા અને કાગળમાં કાળા ડાઘથી ત્રાટક થાય છે.
છોકરાને ડરાવવા આંખ કાઢવી તે પણ ત્રાટક છે.

(૨૨) સૃષ્ટિનું બીજ વિચારમાં છે.

બીજ પડ્યા પછી સામગ્રી મળવાથી તે ઉગે છે.
જેવું બીજ તેવું ઉગે. બીજ મીઠું અને કડવું હોય છે,
તેમ સુવિચાર અને કુવિચાર છે.
વાંચન - ચિન્તન સારું કરો. સત્સંગતિ કરો.

(૨૩) આપમાં મન-વચન-કાયા જોડાય છે.

આપમાં ખૂબ દિવ્યશક્તિ છે.

શ્રી નમસ્કારમહામંત્રના પ્રથમ પાંચ પદના

કુલ ૩૫ અક્ષરો ઉલટી રીતે અને

૧૦૮ વાર ગણવાથી

બંધનમાં રહેલ માનવ છૂટી શકે છે.

(૨૪) જેવું આપણું હૃદય, તેવું આપણું વિશ્વ સર્જાય છે.

આપણામાં રાગ-દ્વેષ હશે,

તો વિશ્વમાંથી રાગ-દ્વેષી આપણને મળશે.

તીર્થંકરો અહીં લોકને હિતથી વાસિત કરે છે,

તેથી તેમને અહીં ભુવનના નાયકનું પદ મળે છે.

(૨૫) ભગવાન રાગાદિ શત્રુઓનો સંહાર કરે છે.

જગતનો બહારનો કોઈ શત્રુ નથી.

ખરા રાગદ્વેષાદિ શત્રુ અંતરમાં - અંદરમાં જ છે.

તારે લડવું હોય તો તારા કર્મ સાથે લડ.

બીજા સાથે શું લડે છે?

(૨૬) મગજમાં દિવ્ય અવધિ ઇંદ્રિય પ્રગટ થાય,

તો દેવલોકને જોઈ શકે છે.

ત્યાંની વાતો પણ સાંભળી શકે છે.

(૨૭) મહાત્મા જેને વિષે વિચાર કરે,
તેના વિચારણા છૂટીને સામા વ્યક્તિમાં પહોંચી જાય છે.
તમે દૂર રહેલા મહાત્માને યાદ કરો,
તેના પત્રની રાહ જુઓ,
તો તેને અસર થશે કે
આ ભાઈ મને યાદ કરતા હશે.
તેને કાગળ લખવાનું મન થશે.

(૨૮) જેવું કાર્ય, તેવો પ્રત્યાઘાત
જેવું action, તેવું Reaction.

(૨૯) 'મારે શું?'
તેવો વિચાર કરવાને
બદલે સામાના માટે તેવો જ વિચાર કરે છે.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ
જો આ ૪ ભાવનામાં અભાવ થયેલા હોય,
તેનું ચિંતન કરવું.
જીવને ખરાબ સંસ્કાર અનાદિકાળથી છે.
જેને લાગે કે મારામાં ખરાબ સંસ્કાર નથી,
તે પણ વિચારે તો તેનામાં
અનંતા ખરાબ સંસ્કાર ભરેલા હોય છે.

(30) કોઈ સારી વાત કરે

તો પણ સામું ભોંકવું તે કૂતરાના ભવના સંસ્કાર છે.

તેના સામે ડંખ રાખવો તે વાંદરાના ભવના સંસ્કાર.

ધુંવાંફુંવા થવું કે ફૂંફાડા મારવા તે સર્પના ભવના સંસ્કાર.

(31) જિનરાજ કરતાં પણ સારા સંસ્કારમાં અનંત શક્તિ છે.

સમ્યગ્દર્શન અને સંયોગાદિ અનંત પુદ્ગલ પરાવર્તનમાંથી

આત્માને અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં લાવી દે છે.

(32) તારા હૃદય, મન, જીભમાં મહાન શક્તિ છે, તેને સાર્થક કર.

મનના અનંતા પાપો બાળવાની શક્તિ

પંચપરમેષ્ઠિના સ્મરણમાં છે.

(33) દાન એ સકલ જગતનો સાર છે.

મનુષ્યનું એક બાળું શરીર ઔદારિક શરીર છે.

પવિત્ર પુરુષના પરમાણુ ૫-૭-૧૦ ફૂટ સુધી રહેલ છે.

(34) ઓછામાં ઓછા સમયમાં નિર્વાણ કરનારા માત્ર

જૈન સાધુ છે. કલિયુગમાં કુવો તરસ્યા પાસે જાય છે.

'પાણી લ્યો, પાણી લ્યો' એમ કહેશે છતાં કોઈ પાણી નહિ લ્યે.

લોકો પાણી નહિ લ્યે, ત્યાં સમજી દયા આવે છે.

(35) અન્ન-પાણી આપવામાં લાભ જ છે,

કારણ કે તેનો દુરુપયોગ તો ઓછામાં ઓછો થાય છે.

તત્વને સમજવા તર્કશાસ્ત્ર નહિ પણ યોગશાસ્ત્ર છે.
કેમ કે તર્ક અપ્રતિષ્ઠિત છે. શાસ્ત્રના આધારે તર્ક કરે
તો વસ્તુ પ્રાપ્ત થાય. કેમ કે તર્કની કાંઈ આબરૂ નથી.

(૩૬) 'ધર્મસ્ય તત્ત્વં નિહિતં ગુહાયાં ।'

અર્થાત્ ધર્મનું રહસ્ય હૃદયની ગુફામાં છે.

પાંચ ઇંદ્રિયથી થતો તર્ક એક ઇંચ જેટલો છે,

તેનાથી આકાશને માપી શકાય?

તર્કથી કોઈ વસ્તુ સિદ્ધ થતી નથી.

મરેલાને તર્કથી જીવાડી શકાય?

(૩૭) જગતમાં આશ્ચર્ય શું?

બધા મરે છે છતાં પોતાને મરવાનું છે તે યાદ રહેતું નથી.

જગતમાં સન્માર્ગ કયો?

મહાપુરુષો માર્ગે ગયા તે સન્માર્ગમાં તર્કની પ્રતિષ્ઠા નથી.

મહાપુરુષો ગયા તે માર્ગે જવું એ કર્તવ્ય છે.

(૩૮) જીવો જેને ઇચ્છે, પ્રાર્થે તે પુરુષાર્થ.

સાધન - અર્થ, સાધ્ય - કામ ० સાધન - ધર્મ, સાધ્ય - મોક્ષ.

જગતના સૌ જીવો ઇચ્છા પ્રાપ્તિને માટે કામ કરે છે.

(૩૯) જે જગતને આનંદ આપે છે,

તે આત્મા સદાને માટે નિર્ભય બને છે.

શ્રી

(૪૦) દિવસે જાગૃત મન સૂચનાનો સ્વીકાર કરતું નથી. દલીલ-તર્ક કરવાની કુટેવથી સારા પરમાણુ આવતાં અટકે છે.

રાત્રે બહારનું મન અટકી જાય છે,
અભ્યંતર મન જાગૃત થાય છે.

તેથી વિચારોને જે ગતિ આપીએ, તે તેનામાં પ્રવેશ પામે છે.

(૪૧) વર્તમાન યુગના બે રોગ: વાદ અને સ્વાદ.
'વાદ' એટલે હું કહું તે સત્ય. 'સત્ય તે મારું' તે સ્યાદ્વાદ. તે વાદનું ઔષધ છે. સ્વાદનો પ્રતિભાવ રસ પરિત્યાગ છે.

બાહ્યરસ ત્યાગ વિના આંતરરસાનુભવ અથવા
ભાવનાનું સંવેદન થતું નથી.

(૪૨) સ્વપ્નશાસ્ત્રીઓ કહે છે કે:
રાત્રે જેવા વિચાર કરી સુઓ, તેવા સ્વપ્નો આવે. જે જે સંસ્કારો બાળકને તેની જાગૃત અવસ્થામાં નાંખી ન શકાય, તે તેને ઘોડીયામાં નાંખી હાલરડાં ગાતાં નાંખી શકાય છે.
તે સંસ્કારો આપોઆપ બાળકમાં ઉતરી જાય છે.

(૪૩) અનાદિકાળના ધામા નાંખીને પડેલા મલીન સંસ્કારોને
નાશ કરવાનું સાધન પરમાત્માનું સ્મરણ છે.
એકાગ્રતા માટે જેની ઉપાસના કરવાની છે,
તેના સ્મરણમાં લીન બનો.

(૪૪) પરમાત્મા મોક્ષે ગયા પછી અસંખ્ય વર્ષ વીતવા છતાં તેમની સાથે ભગવાનની પ્રતિમા અને નામ દ્વારા આત્માનું જોડાણ સાધી શકાય છે.

ઉપાસનામાં દિશા-કાળ આડે આવી શકતા નથી.

ઉપાસના માટે બે વસ્તુ આવશ્યક છે: નામ અને રૂપ.

(૪૫) હૃદય અને મન એક કે જુદા?

સામાન્યે એક ગણાય પણ મનોવર્ગણા અને હૃદય જુદાં છે. હૃદયથી ૧૪ રાજલોક સુધી અનંતકાળ પહેલાંની વ્યક્તિ સાથે સંબંધ જોડી શકાય છે. હૃદયમાંથી મનોવર્ગણા છૂટે છે. મનોવર્ગણા બહાર જાય છે, હૃદય સ્થિર રહે છે.

(૪૬) તીર્થંકરોની રાખ-દાઢા, કષાય-દુઃખનો નાશ કરે છે. સંપૂર્ણ સુખ આપે છે. દિવ્ય ઔષધિનું કાર્ય કરે છે.

રાખથી ઠંડી-ગરમીની અસર થતી નથી.

નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવથી ભગવાન તારણકારી છે.

(૪૭) લાલ રંગમાં વશીકરણની શક્તિ છે.

સફેદ રંગમાં મોક્ષ-ગુણોજ્જ્વલ કરવાની શક્તિ છે.

વિશ્વની શક્તિ અક્ષરોમાં રહેલી છે.

અક્ષરોમાં ગજબ તાકાત પડી છે.

અરિહંતોના અક્ષરોને અક્ષરો નહિં, સાક્ષાત્ અરિહંત માનજો.

(૪૮) શબ્દતરંગોથી હૃદય આસપાસ કુંડાળું નિર્માણ થાય છે.
તેમાંથી બીજું - ત્રીજું કુંડાળું રચાય છે
અને કુવિચારોના કુંડાળા નાશ પામે છે.
જેમ જેમ હૃદય શુદ્ધ બને, તેમ તેમ અપવિત્ર વિચારો દૂર ખસે છે અને પવિત્ર વિચારોની ફિલ્મો નિર્માણ થાય છે. પાપનું કુંડાળું જાય અને પવિત્ર કુંડાળું નિર્માણ થવાથી 'સવ્વપાવપ્પણાસણો' થાય છે. આ વસ્તુના અનુભવ પછી આપણા ચારેબાજુ 'નમો અરિહંતાણં'નો ધ્વનિ સંભળાશે. એ પછી એકાગ્રતા આવશે. આને 'પ્રાથમિક અવસ્થા' કહે છે.

(૪૯) હૃદયમાં કમળની કલ્પના કરી તેમાં નવકારને સ્થાપો. તે માત્ર પાપનો નહિ પણ પાપી વિચારોનો નાશ કરે છે. અરિહંતના ૧૨ ગુણ છે, તો હૃદયમાં ૧૨ વખત તો તે શબ્દો જરૂર વાંચવાં. જાપ કરતાં ધ્યાનમાં રાખવી ગુણ તાજાતા રહે છે. અક્ષરો સફેદ અને તેજસ્વી વાંચવા.
હૃદયમાં તે અક્ષરો લખ્યા છે તેમ કલ્પવું.

(૫૦) દરેક જીવને કાંઈ ને કાંઈ ખૂટે છે. ઈંદ્ર કે ચક્રવર્તીને પણ કાંઈક ખૂટે છે. એવું છૂપું છૂપું પણ ભાન રહે છે. ખૂટતી ચીજ શું છે? ક્યાંથી મળે? એનું ભાન હોતું નથી. તે ચીજ ન મળે તો કોઈ સંયોગોમાં શાંતિ મળે તેમ નથી.

(૫૧)અરિહંત દેવોએ સર્વજીવો પ્રત્યે અભેદભાવ સાધ્યો હતો. જ્યાં સુધી 'જગતના જીવો આપણા છે અને હું તેઓનો છું' તેવો ભાવ ન આવે ત્યાં સુધી કોઈ સાધના થતી નથી. માત્ર અરિહંત સાથે નહિ પણ અરિહંત જેના સંબંધમાં છે, તે સર્વજીવો સાથે સંબંધ થાય તે આનંદ અવર્ણનીય છે.

મૈત્રી તૂટે પણ મૈત્રીભાવ ન તૂટે.

નવકાર મૈત્રીભાવ ભાવ આપે છે.

(૫૨) જગતના દાતારો પોતાનામાંથી થોડું આપે છે, જ્યારે તીર્થંકરો તો પોતાની પાસે છે તે સઘળું આપે છે.

અરિહંતના સંબંધથી આત્મા

૧૪ રાજલોક સુધી સંબંધ બાંધી શકે છે.

(૫૩) ઉપાસના કરતી વખતે લોકને ઉદ્યોત કરનારા પરમાત્મા અંદર છે, તેમ જ્યોતિ ઝળહળી રહેલ જોઈએ. 'આરુગ્ગ-બોહીલાભં, સમાહિ-વરમુત્તમં દિંતુ।' અર્થાત્ આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ સમાધિ મને આપો. આનો જાપ ગમે તે અવસ્થામાં સમાધિમાં રાખી શકે છે. આ કાલ્પનિક અનુભવ નથી, પણ વાસ્તવિક અનુભવ છે.

આપણી બુદ્ધિ સ્થૂલ છે,

તેથી વાસ્તવિકને મિથ્યા માનીએ છીએ.

(૫૪) ૐ અર્હં નમઃ। અર્હંના અગ્નિજ્વલનનો જાપ પ્રકાશ અને ધુમાડો કરે છે. તેની જ્વાળા કર્મોને બાળી નાંખે છે.

તે ધુમાડાને દેવો પણ સહન કરી શકતા નથી.

(૫૫) સ્યાદ્ શબ્દ લગાડવાથી છ દર્શન સાચા બની જાય છે! જૈનદર્શન બની જાય છે. ન લગાડો તો છ દર્શન મિથ્યાદર્શન બની જાય છે. જિનેશ્વરને ભજે તે દર્શનનો જ્ઞાતા છે.

(૫૬) જીવ જેવા વિચારો કરે, તેવી જ સ્થિતિ પામે છે. *As a man thinketh, so he becomes.* સ્થિરપણે 'અરિહંત'નું ધ્યાન કરો, દિવ્ય પ્રકાશ અનુભવાશે.

(૫૭) અરિહંતની વિશિષ્ટતા એ છે કે તેઓએ રાગ-દ્વેષનો નાશ કર્યો છે અને તેઓએ સ્વસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે.

(૫૮) આપણે કંચન, કુટુંબ, કામિની, કાયા અને કીર્તિમાં સુખ સમજીએ છીએ. બાહ્યપદાર્થો આપણા નથી પણ તે પદાર્થો સાથે 'હું' પદ મેળવ્યું છે, માટે પોતાનું લાગે છે. પાંચમાં જરા જેટલો ઘટાડો થાય, તો ક્લેશ થાય છે.

એ પાંચે મળે તો પોતાને સુખી માને છે.

મોટામાં મોટું પાપ બહિરાત્મદશા છે.

કાયાને પોતાની માને ત્યાં સુધી ઠીક છે પણ 'હું' માને ત્યારે જરા જેટલું દુઃખ થાય, તે પણ સહન કરી શકતો નથી.

જેમ બંગલામાં રહીએ છીએ છતાં બંગલો તે 'હું' નહિ,
તેમ આ સ્થિતિવાળો શરીરને 'હું' નહિ માનતો.

(૫૯) સંકલ્પ અને ધ્યાનની ગજબ શક્તિ રહેલ છે.

મનમાં જેવા વિચારો કરશો, તેવો તે બનશો.

પસીના અને થુંક ઉપરથી મનુષ્યના ક્રોધાદિની પરીક્ષા થાય છે.
સ્ત્રી બહુ ક્રોધ કરે તો તેનું બાળક સ્તનપાનથી મરી જાય છે.

(૬૦) વર્ષાઋતુ અને ચરોતરના વણિકને જલોદર થાય
અને ગ્રીષ્મઋતુ અને મારવાડના વણિકને નિરોગિતા.

'ઉપાસના' તેને કહેવાય કે જેમાં ઉપાસ્ય હૃદયમાં આવે
અને બાકી બધી જ વાતો હૃદયમાંથી બહાર નીકળી જાય.

નવ અંગની પૂજા ચક્રના સ્થાને કરવાની છે.
પ્રભુની પૂજાથી આપણા તે ૯ ચક્રો ખુલી જાય છે.

(૬૧) જગતના જીવો માટે સંકલ્પ અરિહંતે કરેલો છે,
તેથી જગત ખેંચાઈને અરિહંત પાસે આવે છે.

ત્રિભુવન ભગવાનને ભજે છે.

માનસિક શરીર (aura)માં લોહચુંબક છે.
બાળક માતા પાસે ખેંચાય તેમાં કારણ આ માનસિક શરીર છે.
તીર્થંકરોના પ્રાણ એવા નિરોગી - પવિત્ર પરમાણુઓવાળા
હોય, જેના પ્રભાવે ૧૨૫ યોજન સુધી રોગો નાશ પામે છે.

(૬૨) સંસારનો પ્રેમ કાચના ટુકડા જેવો હોય છે,
છતાં તેમાં આકર્ષણ અને વશીકરણ છે.
ભગવાન પ્રેમના મહાસાગર છે.
કોઈ પાસેથી તેમને લેવાનું નથી,
ફક્ત બધાને સુખ - સંપત્તિ - આબાદી આપ્યા જ કરે છે.
તેની દયા-પ્રેમ-કરુણા વિશાળ હોય છે. સ્વયંભૂરમણ સમુદ્ર
કરતાં પણ વધુ વિશિષ્ટ પ્રેમનો મહાસાગર હોય છે.
'ગંભીર' એટલે ઉંડા. 'ઉંડા' એટલે પ્રેમથી ભરેલા.
પ્રેમના વિચારો વર્ષો નહિ પણ ભવો સુધી ચાલુ હોય છે.
'સર્વ જીવો સુખી બનો' આ ભાવનાથી જીવો કેમ આકર્ષાય?

(૬૩) મનુષ્ય જેવા જાતના વિચારો કરે છે તેવા જાતના
પરમાણુઓ જગતમાંથી ખેંચે છે. આ સનાતન નિયમ છે.
વિચાર કરતાં પરમાણુ ગ્રહણ કરે છે.
ગ્રહણ કર્યા પહેલાંનાં પુદ્ગલો તે અચિત્ત હતા.
જીવ પુદ્ગલો ગ્રહણ કરે છે ત્યારે તે સચિત્ત બને છે.
તેનામાં સ્વામિત્વ આવે છે ત્યારે તેની અસર થાય છે.
મનુષ્ય જેવો વિચાર કરે છે, તેવા પુદ્ગલો આકર્ષે છે.
સદ્વિચારથી જગતમાં જે સદ્વિચારની મનોવર્ગણાઓ છે,
તે આકર્ષાઈને આપણા હૃદયમાં વસે છે.

શ્રી

જગતમાં મહાપુરુષો વિચારોનો જે ભંડાર મૂકી ગયા છે,
તે સદ્‌વિચારની આવક ઉઘાડે છે અને
તે વિચારોથી મહાન શક્તિ પ્રાપ્ત થાય છે.

અસદ્‌વિચાર ભૂલેચૂકે કર્યો, તો તેનો તો આખો ભંડાર છે,
તે આપણા વિચારમાં આવતા જશે.

(૬૪) ક્રોધ કરનારને સામાનું ખૂન કરવાની ઇચ્છા પહેલાં હતી નહીં. પહેલાં સામાન્ય દ્વેષ થાય છે પણ તે વિચારો વિકૃતિ કરવાથી અપવિત્ર વિચારો ખેંચાઈ આવે છે,
તેથી ખૂન કરવાના વિચારો થાય છે.

કામ કામનાપૂર્તિના પુદ્‌ગલો ગ્રહણ કરે છે, પછી તો તેવા વિચારમાં ને વિચારમાં પામર અને લાચાર બની જાય છે.
અપવિત્ર કરતાં પવિત્ર વિચારોમાં ઘણું બળ હોય છે.
અસત્ય પોલું છે, જ્યારે સત્ય નક્કર છે.

(૬૫) વિચારોમાં લોહચુંબક કરતાં વધુ આકર્ષણની શક્તિ છે.
ભૂલે ચૂકે કામ-ક્રોધનો વિચાર કર્યો, તો તેમાં ઘેરાઈ જશો.
પછી તેમાંથી છૂટવું પણ મુશ્કેલ બનશે.

શત્રુ પ્રત્યે પણ કલ્યાણની ભાવના રાખો.

(૬૬) કામ-ક્રોધના વિચારો આવતા હોય તો કેમ કાઢવા?
'જતો રહે, જતો રહે' એમ કહેવાથી ન જાય.

વિચારો ટાળવા વિચાર કરાય, તેમ વધુ દૃઢ બને છે.
તેને દૂર કરવાનો વિચાર ન કરતાં ક્રોધ સામે પ્રેમનો,
કામ સામે બ્રહ્મચર્યનો, અભિમાન સામે નમ્રતાનો
વિચાર કરશો તો પેલા ખરાબ વિચારો ચાલ્યા જશે.

(૬૭) દરેક વ્યક્તિમાં કાંઈક ગુણ તો છે જ.
તેનામાં જે ગુણ હોય તેના ઉપર પ્રેમની ભાવના ભાવવી.
જેને જોતાં જ દ્વેષ થાય તેના પર પ્રેમની ભાવના કેમ જાગે?
પ્રેમની ભાવના જગાડતા થોડાક જ દિવસ અઘરૂં લાગશે,
પણ એક બે દિવસમાં ઠીક થઈ જશે અને
તમારા પવિત્ર વિચારોની શત્રુને પણ શુભ અસર થશે.

(૬૮) હૃદયમાંથી વેરભાવના નાશ થશે તો વેરી વેર નહિ લેશે.
જો લેશે તો વેર લેવાનું સામર્થ્ય ઓછું થઈ જશે.
ભગવાનના શરીરમાંથી નિરંતર પ્રાણ - ઓજસ દ્રવ્ય
ઝરતું હોય છે. આ પ્રાણમાં અપૂર્વ શક્તિ હોય છે.
૧૨૦ જોજન સુધી મારી-મરકી નાશ પામે છે તેનું કારણ
ભગવાનના મન-વચન-કાયામાંથી ઝરતો પ્રાણ-પ્રવાહ છે.

(૬૯) આત્માનો સંકલ્પ સાચો હોય,
તો ફળીભૂત થયા વિના રહેતો નથી.
જેવો વિચાર જીવ કરે છે, તેવા પરમાણુ ખેંચે છે.

(૧૦) લોકો ચમત્કારથી જ નમસ્કાર કરે છે એમ નહિ.
દેવો પાસે ચમત્કાર કરવાની શક્તિ છે,
પણ દેવોની કોઈ પૂજા કરતું નહિ, કિન્તુ તીર્થંકરોની
પવિત્ર ભાવનાથી આખું જગત ખેંચાઈને હાજર થાય છે.

(૧૧) ત્રણ શક્તિ ભેગી થવાથી કાર્યની સિદ્ધિ થાય છે:
જ્ઞાન, ફળની ઇચ્છા અને કાર્ય કરવાનો પ્રયત્ન.

(૧૨) જેવું સુંદર વિચારનું પ્રમાણ, તેવું જગતનું ખેંચાણ.
તીર્થંકરના શરીરમાં અને વાણીમાં દિવ્યપ્રકાશ હોય છે.
દરેક વસ્તુમાં પોતાની છાયા હોય. હીરામાં તેજની જેમ
પ્રભુના શરીરની પ્રભા એટલી તેજસ્વી હોય છે કે લોકો
જોઈ શકતા નહિ. માટે દેવો તેજને સંહરી ભામંડળ
બનાવે છે. જ્ઞાનીના શરીરમાં શાંત, નિરોગી, આકર્ષક,
કલ્યાણકારી પરમાણુ હોય છે. જે કોઈ તેઓ પાસે જાય,
તેને ખૂબ શાંતિ, સુખ અને તૃપ્તિનો અનુભવ થાય છે.

(૧૩) મનના સંકલ્પથી આકર્ષણ શક્તિ વધારે, તો તે
પોતાની ઇચ્છા પ્રમાણે આકર્ષણ કરી શકે છે.
યોગી પુરુષો દેવોને આકર્ષે છે. સામાન્ય માણસો મંત્ર
વડે બીજા ઉપર આકર્ષણ કરે તે મેસ્મેરીઝમ છે.
હીપ્નોટીઝમમાં પ્રયોગ કરી નિદ્રામાં નાંખી દે છે,
પછી જે હુકમ કરવામાં આવે તે પ્રમાણે કરે છે.

શ્રી

(૭૪)હીપ્નોટીઝમ-મેસ્મેરીઝમમાં પોતાનો પ્રાણ સામા મનુષ્યમાં દાખલ કરી શકાય છે. પ્રાણ વિશેષે આંગળીના ટેરવામાંથી-હથેળીમાંથી છૂટતો હોય છે. કોઈને ગભરામણ થાય કે બાળક રડતું હોય ત્યારે તેને પંપાળવાથી છાનું રહી જાય છે. માલિશ કરતી વખતે તેલની સાથે પ્રાણનો સંચાર થાય છે.

(૭૫)વિદ્યા સત્પુરુષો પાસે આવે તો સદુપયોગ થાય,
દુરાચારી પાસે આવે તો દુરુપયોગ થાય.
તીર્થંકરોની કેવળ કલ્યાણદૃષ્ટિ છે. તેઓ પ્રયોગ કરતા નથી
પણ તેમના શરીરમાંથી પ્રાણ કાર્ય કરે છે.

(૭૬)પ્રતિમામાં પ્રાણ નાંખવાથી તે સાક્ષાત્ પરમાત્મા બને છે.
દીક્ષા વખતે ઓઘો લેતાં ઉંચા શ્વાસે લેવાય છે.
શ્વાસ ઉંચે આવે ત્યારે સુષુમ્ણા ચાલે છે,
તે વખતના કાર્યનું અદ્ભુત ફળ હોય છે.

(૭૭)વાસક્ષેપ નાંખતી વખતે કેવળ વાસક્ષેપ નંખાતો નથી
પણ જે સંકલ્પ કરી વાસક્ષેપ નાંખ્યો હોય,
તેવી શક્તિ નિક્ષિપ્ત થાય છે.
સામાયિક લેતી વખતે ગરુડતત્ત્વની સ્થાપના થાય છે,
પારતી વખતે ગરુડતત્ત્વ પાછું ખેંચી લેવાય છે.
મનુષ્યના ૯ દ્વાર છે. ૧૦મું દ્વાર મસ્તકમાં ગુપ્ત હોય છે.

વાસક્ષેપ જે ભાવથી, પ્રેમ અને સ્નેહથી નાંખ્યો હોય,
તેવા પવિત્ર ભાવો પેદા થાય છે.

(૭૮) મહાવીર પ્રભુ ગૌતમ ગણધરને વાસક્ષેપ નાંખે છે,
તેમાં પોતાની શક્તિ તેમનામાં નાંખે છે.

સમોવસરણમાં પાખંડીઓને અસર કેમ ન થઈ?
નાકમાં વિષ્ટાની જે ગોળી મૂકીને આવે,
તેને કેસર સુંઘાડવામાં આવે તો સુગંધ લઈ શકે?
જે માત્ર પરીક્ષા કરવા કે દોષ જોવા જ આવે,
તેના હૈયાં બંધ હોય છે.

(૭૯) સિંહ પણ પોતાના બાળકનું પાલન કરે છે,
પણ આખા જગતનું રક્ષણ કરવાની ભાવના
તો માત્ર તીર્થંકરોમાં જ હોય છે.

(૮૦) સર્પાકાર નાડી માત્ર મનુષ્યના શરીરમાં જ હોય છે.
દેવો કે તીર્યંચોના શરીરમાં નહિ.
એ સર્પનું પુછડું તેના પોતાના મોઢામાં હોય છે.
જો તે છોડી દે તો વિશિષ્ટજ્ઞાન - શક્તિ પ્રાપ્ત થઈ શકે.
તે સર્પને વશ કરવા આપણે એવી મોરલી વગાડવા પડશે
કે તે સર્પ આપણે કહીએ તે કરે.
પદ્માસન જાપ કરવો તે મોરલી છે.

શ્રી

(૯૧) સંગીતના ૭ જ સ્વર છે પણ પદ્ધતિસર જોડાય તો ચંચળ મૃગને ખેંચી લાવે ને ભયંકર સર્પને ય ડોલાવી શકે.

જાપ પદ્ધતિસર અને તાલબદ્ધ કરવામાં આવે, તો પરમશાંતિ પ્રાપ્ત થાય છે.

(૯૨) અનંતકાળની કાળી કેદમાંથી છોડાવનાર સિદ્ધ ભગવંતનો ઉપકાર અતીન્દ્રિય છે. તીર્થંકરો તો પછી ઉપકાર કરી શકે છે. જે ઉપકાર અરિહંત નથી કરતાં, તે સિદ્ધ ભગવંતો કરે છે. સિદ્ધની ઉપાસના કરવાથી સિદ્ધના જેવી શુદ્ધ આત્મતું અનુસંધાન થાય છે. અરિહંતોને પણ આદર્શ સિદ્ધો છે.

ભગવાન દીક્ષા લેતાં 'નમો સિદ્ધાણં' બોલે છે.

સિદ્ધના ૮ કર્મો ધ્યાનાગ્નિથી બળી ગયાં છે, તેથી તેમનો રંગ લાલ છે.

લાલ રંગની ઉપાસના કરવાથી વશીકરણ થાય છે. આધ્યાત્મદૃષ્ટિએ વશીકરણ મોક્ષલક્ષ્મીનું કરવાનું હોય છે.

o શિક્ષણ આપવાનો સૌથી સહેલો ઉપાય: જુઓ, સાંભળો અને શીખો.

o મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગના સાધક રૂપે ત્રણ તત્ત્વો ઉપર અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, બોધ, મીમાંસા, પ્રતિપત્તિ, પ્રવૃત્તિ રાખેલ છે.

શ્રી

## દ્રવ્યોપકાર-ભાવોપકાર

(૧) દ્રવ્ય વડે ઉપકાર (૨) ભાવ વડે ઉપકાર.
ભાવ વડે ઉપકાર કરનારાઓમાં સૌથી શ્રેષ્ઠ નંબર
અરિહંત પરમાત્માઓનો આવે છે.
જેમના જેટલો વિશાળ ભાવ બીજાઓમાં સંભવતો નથી.
તીર્થંકરો સ્વયમેવ જગતના જીવોને ભાવ આપે છે.
એ ભાવ એટલો પ્રબળ હોય છે કે
તેની સરખામણીમાં જગતના અન્ય જીવોના
તમામ શુભ કે અશુભ ભાવોનું બળ કાંઈ વિસાતમાં નથી.
જગતના સર્વજીવો આપણું અશુભ ચિન્તવે,
તે તેટલું નુકસાન કરી શકતું નથી, જેટલું આપણું શુભ
ચિન્તવનાર અરિહંતોનો ભાવ આપણું શુભ કરે છે.
જ્ઞાન-દર્શનાદિ શક્તિઓમાં સર્વ જીવ સમાન છે,
કિન્તુ ભાવ આપવાની શક્તિમાં
અરિહંતોની બરાબરી કોઈથી થઈ શકતી નથી.
જીવ માત્રે નિર્ભય રહેવાની જરૂર છે, કારણ કે
જગતના જીવો ભલેને ગમે તેટલું અશુભ ચિંતવે, તો પણ
શુભ ચિંતવનાર અરિહંતોના આત્માઓ છે,
ત્યાં સુધી અશુભ ચિંતવનારનું બળ અલ્પ જ રહેવાનું છે.

શ્રી

જળનો ભાવ જળ ઉપર અસર કરે ખરી કે?
જળનું દ્રવ્ય પણ અસર કરે,
ક્રિયા કે કાળ ઉપર હોવા છતાં કર્મ-ક્ષયોપશમમાં
અસર કરનાર તરીકે સ્વીકારીએ તો ભાવ કેમ ન કરે?
સૌથી સ્થૂલ કાળ, તેથી સૂક્ષ્મ ક્રિયા, ક્રિયાથી પણ સૂક્ષ્મ દ્રવ્ય
અને તેથી પણ સૂક્ષ્મતર ભાવ છે.
ભાવ વધુ સૂક્ષ્મ છે માટે વધુ અસર કરે છે.
સ્થૂલ કરતાં સૂક્ષ્મની અસર વધુ છે.
જેમ કે અન્ન કરતાં જળ અને જળ કરતાં વાયુ સૂક્ષ્મ છે,
માટે જીવન ધારણ કરવા માટે વધુ ઉપકારક છે.
દવાના એક ટીપામાં ૧૦૦ ટીપા પાણી ભેળવ્યા પછી
તેમાંના ૧ ટીપામાં જળ ૧૦૦ ટીપા ભેળવવા,
તેના એક ટીપામાં જળ ૧૦૦ એમ હજારો અને લાખો
વખત કરીને પછી જે તૈયાર થાય તેની અસર,
ક્રોડો અને અબજોગુણી વધી જાય છે.
જેમ ચોસઠ પહોરી પીપર, સહસ્ત્રપુટી અભ્રક,
સુવર્ણ-રૌપ્ય-મૌક્તિક-પન્ના અને હીરાની ભસ્મ
સૂક્ષ્મ બનવાથી વધુ શક્તિશાળી થાય છે,
તેમ કાળ, ક્રિયા અને દ્રવ્ય કરતાં પણ વધુ સૂક્ષ્મ ભાવ છે.

ભાવમાં પણ જેટલી વિશાળતા, તેટલી સૂક્ષ્મતા વધે છે.
તીર્થંકરોનો ભાવ વિશાળ, અગાધ, અમાપ છે,
તેથી તે સૂક્ષ્મતમ છે.
જીવો ભલે કાંઈ ન કરે પણ તેમના ભાવની કદર,
પૂજા, સ્તુતિ, સત્કાર, સન્માન, અનુમોદન, પ્રશંસા કરી
તેમના પ્રત્યે પ્રમોદભાવ વ્યક્ત કરે,
તો ઘણી મોટથી ધર્મ કરી શકે.
ધર્મ એ દાન, શીલ કે તપરૂપ જ નહિ પણ ભાવરૂપ છે.
એ બધાની પાછળ રહેલો ભાવ એ જ ધર્મરૂપ છે.
જેના ભાવથી દાન અપાય છે, જેના ભાવથી શીલ પળાય છે,
જેના ભાવથી તપ થાય છે, જેના ભાવથી જપ થાય છે,
જેના ભાવથી ધ્યાન ધરાય છે, જેના ભાવથી જ્ઞાન ભણાય છે,
તે ભાવ ઉપર જ ધર્મનો આધાર છે.
ધર્મહીન આત્માને ધર્મ પમાડવો એ ભાવોપકાર છે અને
તે દ્રવ્યોપકાર કરતાં શ્રેષ્ઠ છે.
એનો અર્થ એ થયો કે સ્વાર્થભાવમાં રહેલા
આત્માઓને પરમાર્થભાવવાળા બનાવવા.
પરમાર્થભાવ એટલે સર્વ પ્રત્યે સમાનભાવ.
સ્વાર્થભાવ એટલે ભેદભાવ.

શ્રી

'હું જુદો અને બીજા જુદા, મારું સુખ જુદું અને બીજાનું જુદું,
મારા સુખના સાધન જુદા અને બીજાના જુદા'
આ ભેદભાવ છે, અધર્મ છે,
કેમકે તે રાગ-દ્વેષાદિ ક્લિષ્ટભાવોને પેદા કરે છે.
અભેદભાવમાં જ સંક્લેશને ઘટાડવાનું સામર્થ્ય છે.
'સંક્લેશ' એટલે ક્રોધ, માન, માયા, લોભ,
રાગ-દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા, દ્રોહ વગેરે.
એ સૌની ઉત્પત્તિનું મૂળ ભેદભાવ છે,
સ્વાર્થબુદ્ધિ છે, સંકુચિત મનોભાવ છે.
તેને વિસ્તૃત બનાવવા માટે એક જ ઉપાય છે
અને તે છે આત્મૌપમ્ય બુદ્ધિ.
એટલે અભાવ બધાને બ્રહ્માત્મૈક્યભાવ.
એ બુદ્ધિ અને ભાવ ધર્મ રૂપ હોવાથી
મંગલ, શિવ અને કલ્યાણકારક છે,
એને જણાવનાર શબ્દો આ મુજબ છે:
'શિવમસ્તુ સર્વ જગતઃ
પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।
દોષાઃ પ્રયાન્તુ નાશં
સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥'

શ્રી

જેને આ લક્ષ આપતાં આવડશે, તેને ધર્મ થશે.
જેને ન આવડશે, તેને ધર્મ ન થશે.

જેમ જીવોને બચાવવાનો લક્ષ અને તે લક્ષપૂર્વક થતી ક્રિયા એ ધર્મ છે, તેમ જીવોને સુખી કરવાનો લક્ષ અને તે લક્ષપૂર્વક થતાં દાન-પૂજન એ ધર્મ છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળમાં જેમ લક્ષને પલટાવવાનું સામર્થ્ય છે,
તેમ લક્ષમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળને પલટાવવાનું સામર્થ્ય છે.
બંને પરસ્પર સાપેક્ષ છે,

છતાં વધુ સામર્થ્ય લક્ષમાં રહેલું છે એ ભૂલવું ન જોઈએ.

સર્વ જીવો પ્રત્યે તેવો લક્ષ ન આવે, તો પણ જેઓને તે લક્ષ આવેલો છે, તેઓની પૂજા વિના તો ન જ ચાલે.
એ પૂજન જ જીવની ઉત્ક્રાંતિનું બીજ છે.

પરાર્થવ્યસનિતા અને કૃતજ્ઞતાસ્વામિતા પરસ્પર પૂરક છે.
પરાર્થવ્યસનિતાનું બીજ કૃતજ્ઞતાપતિતા છે.
કૃતજ્ઞતાપતિતાનું બીજ પરાર્થવ્યસનિતા છે.

સર્વ જીવો પ્રત્યેનો સેવાલક્ષ એ જ
સર્વજીવોનો સ્વામીલક્ષ પેદા કરે છે.

સાચો સ્વામી, સાચો નાયક, સાચો પ્રભુ તે છે કે
જે સાચો સેવક, સાચો દાસ, સાચો ભક્ત બની શકે.

ભક્તિ-ભજવાની શક્તિ જ ભગવદ્ભાવની જનેતા છે.
તેથી ભક્તિનું ઉદ્ગમસ્થાન કૃતજ્ઞતા ગુણ છે,
કૃતજ્ઞતાગુણ પરાર્થતા લાવે, પરાર્થતા ભગવદ્ભાવ લાવે.
ભગવદ્ભાવ પ્રત્યેનો ભક્તિભાવ
એ પણ કૃતજ્ઞતાગુણનો જનક છે,
તેથી પાછો પરાર્થતા - ભગવદ્ભાવ જન્મે. ભગવદ્ભાવ,
પરાર્થતા, કૃતજ્ઞતા અને ભક્તિને પરસ્પર સંબંધ છે.
વિશ્વ ઉપર સામ્રાજ્ય કર્મનું છે,
કર્મ ઉપર ધર્મનું અને ધર્મ ઉપર શુભભાવનું છે,
તેથી શુભભાવનાં સ્થાન એ જ ત્રણ ભુવનનાં સ્થાન છે.
તીર્થંકરોની ત્રિભુવન પૂજ્યતા એ ભાવમાં છુપાયેલી છે.
સર્વ જીવોના હિતની ચિંતા જેઓના અંતઃકરણમાં
રહેલી છે, તેઓ પ્રત્યેનો ભક્તિભાવ આવ્યા વિના
'ધર્મ' થતો નથી કે 'કર્મનો ક્ષય' થતો નથી.
એ વિના જીવનું કલ્યાણ કે સુખ 3 કાળમાં થતું નથી.
ધર્મ મંગળ છે, સ્વર્ગાપવર્ગનું કારણ છે, જીવને હિતકારક છે,
સુખકારક છે વગેરે વિશેષણો તો જ સાર્થક ઠરે કે
'જીવમાત્ર પ્રત્યે હિત-સુખ કરવાનો ભાવ જ ધર્મ છે'
એમ સિદ્ધ થાય.

શ્રી

મહાત્માની શ્રેષ્ઠતા તેના ભાવ ઉપર છે,
નામ, ચાતુર્ય, વિદ્વત્તા, ઐશ્વર્ય કે સત્તા ઉપર નહિ.
જેનો ભાવ શ્રેષ્ઠ, તેની સઘળી યે સંપત્તિ વખાણવાલાયક છે.
જેનો ભાવ કનિષ્ઠ છે, તેનું ઐશ્વર્ય પણ શાપરૂપ છે.
ભાવને સુધારવો, વધારવો, દીપાવવો તે જ ધર્મનો પાયો છે.
ધર્મનું સેવન એટલા માટે વખાણ્યું છે કે ધર્મના કોઈપણ
અંગનું આરાધન મનુષ્યના ભાવને ઉચ્ચ બનાવે છે.
પછી તે ધર્મ દાનરૂપ, દયારૂપ કે ભક્તિરૂપ હોય,
ભાવને સુધારવાની તાકાત ધર્મના દરેક અંગોમાં હોય છે.
ધર્મથી ભાવ સુધરે છે અને ભાવ સુધરવાથી ધર્મ વધે છે.
એ રીતે ધર્મને અને ભાવને પરસ્પર સંબંધ છે.
શ્રેષ્ઠભાવ કયો કહીએ?
બધા ભાવોમાં શ્રેષ્ઠભાવ તે પ્રેમભાવરૂપ છે.
દાન, દયા, ક્ષમા કે અહિંસા,
ધર્મના બધા અંગો એક પ્રેમભાવમાં રહેલા છે.
પ્રેમી ક્ષમાવાન છે અને અહિંસક છે.
તે પ્રેમપાત્ર પ્રત્યે ઉદાર છે,
દયા અને દાક્ષિણ્યથી ભરપુર,
વિનય અને વૈયાવચ્ચથી યુક્ત છે.

પ્રેમીજનો કૃતજ્ઞ, હિતકારી, સુખકારી, ગુણાનુરાગી, ભીરુ,
લજ્જાવાન, અશઠ, સત્યવાદી, સૌમ્ય, અક્રૂર,
મધ્યસ્થ, અક્ષુદ્ર, નિર્લોભ, અદ્વેષી અને અભેદી હોય છે.
બધા પ્રકારના સદ્ગુણો પ્રેમભાવનો જ વિસ્તાર છે.
સાચો પ્રેમ કલ્યાણ, ભક્તિ અને તપસ્યા છે.
સ્વ પ્રત્યેનો પ્રેમભાવ સમસ્ત પ્રત્યે વિકસવો જોઈએ.
સમસ્ત પ્રત્યે જેમને પ્રેમભાવ વિકસેલો છે,
તેમના પ્રત્યે સદા જ પ્રેમભાવ વિકસવો જોઈએ.
ધર્મ અને પ્રેમ એ બે અભિન્ન વસ્તુ છે.
પંચપરમેષ્ઠિ સમસ્ત જીવરાશિ પ્રત્યે પ્રેમી છે, માટે ધર્મી છે.
પ્રેમમાં જાદુ છે. પ્રેમ સમસ્ત જીવલોકનું અમૃત છે.
પ્રેમના કારણે જ માતા-પિતા પૂજનીય છે,
ભાઈ-ભગિની માનનીય છે, પત્ની-પરિવાર પોષણીય છે,
દુષ્ટ દયનીય છે, વેરી પણ વિરોધ કરવા યોગ્ય નથી.
સમસ્ત વિશ્વમાં પ્રેમનું સામ્રાજ્ય છે.
કર્મ ધર્મનો રક્ષક છે અને ધર્મ પ્રેમનો રક્ષક છે.
જે જેટલાને પ્રેમ આપી શકે છે,
તે તેટલા અંશમાં અધર્મથી બચે છે, ધર્મને ભજે છે.
પ્રેમના ઈચ્છુકને પ્રેમ ન આપવો એ જ અધર્મ છે.

શ્રી

પ્રેમને કોણ ઇચ્છતું નથી? સર્વ કોઈ ઇચ્છે છે.
પ્રેમ આપવા માટે હૈયું કોઈને મળ્યું નથી?
સર્વ કોઈ સ્વજન માનવાને,
સંજ્ઞી પંચેન્દ્રિય જીવમાત્રને મળેલું છે.
છતી વસ્તુ જેને જોઈએ છે,
તેને ન આપે તે કૃપણ, નિષ્ઠુર અને હૃદયહીન છે.
જેને જે વસ્તુ ગમે તેટલી આપવા છતાં ખૂટે તેમ નથી
તેટલી પ્રચુર મળેલી છે, તે મળ્યા પછી પણ આપવામાં
સંકોચ અને કૃપણતા રાખે, તેને તે વસ્તુ ફરી કેમ મળે?
ફરી તે વસ્તુ મેળવવા માટે તે અનધિકારી ઠરે છે.
માટે જ તે નરક, નિગોદ, એકેન્દ્રિય અને
વિકલેન્દ્રિયના ક્ષુદ્ર ભવોનો અધિકારી બને છે.
જીવનની જેટલી ક્ષણો બાકી રહેલી છે, તે પ્રત્યેક ક્ષણ
સમસ્ત જીવરાશિને પ્રચુર પ્રેમ આપવામાં ખર્ચવી એ
સમજણ શક્તિનું અને વિવેક-વિચારનું પરમ ફળ છે.
ધર્મ વિવેક, વિચાર અને વિચાર-વિવેકપૂર્વકના વર્તનમાં છે.
તેનો અર્થ એટલો જ કે
ધર્મ સર્વ કોઈને સમાન ભાવે પ્રેમ આપવામાં છે,
પ્રેમને આપવાના અંગોરૂપ ધર્મને સેવવામાં છે.

o બિન માંગા મુક્તિ મિલે, માંગા મિલે ન ભીખ.

o જગત વસ્તુથી અને પ્રભુ પ્રેમથી પ્રસન્ન થાય છે.

જગતને ખુશ કરવા વસ્તુઓ આપો,
ભગવાનને પ્રસન્ન કરવા જીવમાત્રને પૂર્ણ પ્રેમ આપો.

તપ, દાન, પ્રેમ અને પૂજન
આત્મશુદ્ધિના સાચાં સાધનો છે.
'થોડામાંથી પણ થોડું આપો અને ઘણું મેળવો'
એ વિશ્વનો અકાટ્ય નિયમ છે.

o નમસ્કાર એ સિદ્ધમંત્ર છે, કારણકે તે:
(૧) યોગસિદ્ધ મહાપુરુષોનો કહેલો છે.
(૨) કદી નિષ્ફળ જતો નથી.

માનસશાસ્ત્ર કહે છે કે:
'જે વસ્તુનું પ્રથમ ગ્રહણ અને ધારણા થયું હોય,
તેનું જ ઉદ્બોધન થઈ શકે છે.'

આ રીતે ગૃહિત, ધારિત વસ્તુનું ઉદ્બોધન થવું તે જ સ્મૃતિ કે સ્મરણ છે. જે મંત્ર મનની વૃત્તિઓથી જ સ્વસંવેદનરૂપે જપાય છે, તે 'માનસજાપ' છે.

o

Don't cry for money,
money will come to you.

## મંત્ર સાધનાની ક્રમ-3 ભૂમિકા

(૧) સ્વરક્ષા (૨) જાપ (3) ધ્યાન.

'મંત્રાધિરાજ રહસ્ય' મુજબ મંત્રજાપના ૧૩ પ્રકારો

(૧) રેચક (૨) પૂરક (3) કુંભક (૪) સત્વ
(૫) રાજસ (૬) તામસ (૭) સ્થિરકૃતિ (૮) સ્મૃતિ
(૯) હક્કા (૧૦) નાદ (૧૧) ધ્યાન (૧૨) ધ્યેયૈક્ય (૧૩) તત્ત્વ.

## મંત્રસાધનાનાં ૫ પગથિયાં

(1) આલિંગન એટલે સ્થાન શુદ્ધિ.
(2) ઉપાદાન એટલે જરૂરી ઉપકરણો એકઠા કરવાં.
(3) ઇજ્યા એટલે ભૂતશુદ્ધિ, પ્રાણાયામ, ન્યાસ વગેરે ઉપચારો.
(4) સ્વાધ્યાય એટલે વિધિ પુરઃસર જાપ.
(5) યોગ એટલે મંત્રના ઇષ્ટનું ધ્યાન.

## મંત્રસિદ્ધિના ૨૬ અંગોમાં

ભક્તિ, શુદ્ધિ વગેરેને માનવામાં આવ્યાં છે, એમાં

(૨૪) જાપને (૨૫) ધ્યાનને અને (૨૬) સમાધિ (લય) ને મહત્ત્વનું સ્થાન આપ્યું છે.

o પદસ્થ અને પિંડસ્થ ધ્યાન આકૃતિ અને વર્ણોના ધ્યાનપૂર્વક થાય છે.

Imp.

આકૃતી બને તેટલાં સુંદર તથા મરોડદાર કલ્પવાં અને
તેનું ધ્યાન પરમેષ્ઠિઓના વર્ણ પ્રમાણે કરવું.
આકૃતી જ્યારે બરાબર સ્પષ્ટ અને સ્થિર દેખાય
તથા તેના વર્ણો બદલાઈ જાય,
ત્યારે આપણું મન તેના ઉપર સ્થિર થયું સમજવું.
આકૃતી ઉપર મનની બરાબર સ્થિરતા થાય છે,
ત્યારે આકૃતીમાંથી પ્રકાશની રેખાઓ ફુટે છે.
અંતે તે અદ્‌ભુત જ્યોતિર્મય બની જાય છે.
આવા જ્યોતિર્મય આકૃતીને નિહાળતાં પરમ આનંદ આવે છે
અને આપણું હૃદયકમળ, જે અધોમુખ રહેલ છે,
તે ઉર્ધ્વમુખ થવા માંડે છે અને
આપણી અંદર ચૈતન્યનો સ્ત્રોત વહેવા લાગે છે.
પદસ્થ પછી પિંડસ્થનો અધિકાર છે અથવા
પિંડસ્થ પછી પદસ્થનો અધિકાર છે.
આકાર ચિન્તનનો અભ્યાસ કરતાં કરતાં સાધકે
પંચપરમેષ્ઠિઓનું વર્ણો પ્રમાણે ધ્યાન ધરવું
અને તેમાં ચિત્તવૃત્તિઓને તદાકાર બનાવી દેવી.
તે તે મૂર્તિઓના દર્શન સિવાય
બીજો વિચાર કે વિકલ્પ મનમાં ઉઠવા દેવો નહિ.

ધ્યાનના પ્રારંભમાં અરિહંત સામે હું, સિદ્ધ સામે હું,
આચાર્ય સામે હું, ઉપાધ્યાય સામે હું તથા સાધુ સામે હું
એવો દ્વૈતભાવ રહેલ છે,
પરંતુ ધ્યાનમાં પ્રગતિ થતાં એ દ્વૈતભાવ ભૂંસાઈ જશે.
'મારી આત્મા જ અરિહંત છે,
મારી આત્મા જ સિદ્ધ છે, મારી આત્મા જ આચાર્ય છે,
મારી આત્મા જ ઉપાધ્યાય અને મારી આત્મા જ સાધુ છે';
એવો અદ્વૈતભાવ ઉત્પન્ન થઈ આત્મતત્ત્વનો સંપૂર્ણ
એવો તો સાક્ષાત્કાર થશે કે જે ધર્મનું અંતિમ ધ્યેય છે,
યોગનો અંતિમ આદર્શ છે, સાધનાનું અંતિમ ફળ છે.
આ રીતે શ્રી નવકારમહામંત્રનું ધ્યાન ચૈતન્ય અને
આનંદની ચરમ સીમાએ પહોંચાડનારું છે, ત્યાં અવાંતર
ફળ અને અવાંતર સિદ્ધિઓની ગણના કરવા ક્યાં બેસીએ?
યોગાદિ જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે,
તે બધી મહામંત્રના ધ્યાનથી પ્રાપ્ત થાય છે, કારણકે
તે ઉત્તમ-શ્રેષ્ઠ પ્રકારનો યોગ છે.

૦ ગુરુકૃપા, આત્મકૃપા, શાસ્ત્રકૃપા
અને ઈશ્વરકૃપા પરસ્પર સંબંધિત છે.
સૌ પ્રથમ આત્મકૃપા પ્રાપ્ત કરવી જોઈએ.

પ્રકૃતિ હંમેશા જગતના જીવોને સહાય આપવા તત્પર છે,
પછી તે ભૌતિક હોય કે આધ્યાત્મિક. અગ્નિ અને જળને
વિધિવત્ સેવાય તો તે બંને સેવનારને સહાય આપે જ છે,
તેમ અરિહંત, સિદ્ધ આદિ પણ તૈયાર જ છે.
પ્રકૃતિ સહાય આપવા તત્પર છે, છતાં
તેની સહાય લેવાનો કોઈ ઈન્કાર કરે અગર વિરોધ કરે,
તો તે અભિમાન જ પ્રતિબંધક બને છે,
તેમ આધ્યાત્મિક તત્ત્વો માટે પણ સમજવું.
સૌ પ્રથમ તે અભિમાન દૂર કરવા અહંકાર છોડવો જોઈએ.
અહંકાર છોડાવનાર મંત્ર નમસ્કાર છે,
તેથી નમો પદ વડે સહાયકારી તત્ત્વોની સહાય માગાય છે.
માગવાથી તે અવશ્ય મળે છે.
ના પાડવાથી અથવા તટસ્થ રહેવાથી તે સહાય મળતી નથી.

0 કુદરતી રીતે મેળવેલ જીવન એ મોટામાં મોટી ભેટ છે.

0 સુખ-દુઃખ એ જીવને માપવાના કાંટા છે.
એક માનવના સંયમનું માપ કાઢે છે, બીજું સમજશાસ્ત્રનું.

0 માંગો અને મેળવો. ખખડાવો અને ઉઘડાવો.

અર્થાત

*Ask & receive. Knock & get it opened.*
*This is the simplest possible rule.*

શ્રી

મારા સુખનો કર્તા સુપ્રયુક્ત હું છું.
મારા દુઃખનો કર્તા દુષ્પ્રયુક્ત હું છું.

'સુપ્રયુક્ત' એટલે મારા સુખમાં કર્તૃત્વ જે જે તત્ત્વોનું છે,
તે બધાનો યથાયોગ્ય સ્વીકાર કરનાર અને
'દુષ્પ્રયુક્ત' એટલે જે તત્ત્વોનું કર્તૃત્વ મારા દુઃખમાં છે,
તે બધાનો ઈન્કાર કરનાર.

ન્યાયબુદ્ધિ, નિરાગ્રહવૃત્તિ, વિશિષ્ટમતિ, દૃઢ જિનવચન,
સ્થિતિ, તપ, જ્ઞાન, ચારિત્રદર્શન આદિ આત્મશક્તિઓનો
વિકાસ કરનાર હું મારા સુખનો કર્તા છું.

o સત્તા વડે દેહ વશ થાય, દિલ નહિ.
દિલ તો સમર્પણ અને સ્વાર્થત્યાગ વડે જ જીતી શકાય છે.

o દુનિયામાં ઈચ્છવા લાયક વસ્તુ એક મોક્ષ જ છે.
તે મોક્ષ શાનો? અજ્ઞાનનો. અજ્ઞાનથી મુક્ત થયેલ જીવ
ગમે તેવા દુઃખને જ્ઞાનના બળ દ્વારા પચાવી શકે છે.

o શ્રદ્ધા - સ્વેચ્છા, મેધા - સમજણ, ધૃતિ - સ્થિરતા,
ધારણા - અવિસ્મરણ, અનુપ્રેક્ષા - વિચારણા
આ બધા અપૂર્વકરણ નામની મહાસમાધિનાં અંગ છે.
તેના પરિપાક અને અતિશયથી અપૂર્વકરણની પ્રાપ્તિ થાય.
'પરિપાક' એટલે કૃતકોથી ઉત્પન્ન થતાં મિથ્યા વિકલ્પોનું
શમન, શ્રવણ, પઠન, પ્રતિપત્તિ, ઈચ્છા અને પ્રવૃત્તિ.

'અતિશય' એટલે સ્થૈર્ય અને સિદ્ધિ.
એ બંનેય પ્રધાન પરોપકારના હેતુભૂત
'અપ્રતિચક્ર' નામનું ગુહ્યરત્નક પ્રાપ્ત થાય છે.

o બુદ્ધિ આંધળી છે, લાગણી દેખતી છે.
દેખતો મનુષ્ય અંધકારમાં ફાંફાં મારીને
જેમ પદાર્થને જોવાનો નિષ્ફળ પ્રયત્ન કરતો રહે છે,
તેમ મન અને બુદ્ધિ પદાર્થને જાણવાને માટે વપરાય છે,
કિન્તુ લાગણી ચક્ષુરૂપે કોઈ પદાર્થને પ્રત્યક્ષ દેખી શકે છે.
બાહ્ય રીતે બુદ્ધિ પદાર્થને સામાન્યથી જાણી શકે છે,
લાગણી જ પદાર્થને વિશેષથી જોઈ શકે છે.
જો કે સર્વ વિશેષોને જાણવા લાગણી પણ સમર્થ નથી,
છતાં તે તીવ્રતાને ધારણ કરનારી હોવાથી પરંપરાએ
અશેષ-વિશેષોને સાક્ષાત્ કરાવનારી થઈ શકે છે.
અહીં લાગણી, રુચિ, શ્રદ્ધા, ઇચ્છા, તીવ્રતા
એ બધા પર્યાયવાચી શબ્દો છે.

<u>3 શાસ્ત્રો - 3 વિષયો</u>

(૧) ભૌતિકશાસ્ત્રનો વિષય સત્યાસત્ય વિવેક છે.
(૨) નૈતિકશાસ્ત્રનો વિષય સદ્-અસદ્ વિવેક છે.
(3) અધ્યાત્મશાસ્ત્રનો વિષય આત્માનાત્મ વિવેક છે.

o Deductive - અનુમાન,

Inductive - વ્યાપ્તિ જ્ઞાન, ઉદા - તર્ક.

વિશેષ ઉપરથી સામાન્યનો નિયમ એ Inductive.

સામાન્યના બોધથી વિશેષનો નિર્ણય તે Deductive.

નમોઽસ્તુ કામક્રોધો વિદિતરપિ હતો ન પ્રભવતિ। અર્થાત્

ક્રોધ પણ જેને ન હરાવી શકે તે એમને નમસ્કાર થાઓ.

o મનને વશ કરે તે મનુષ્ય.

મનને વશ વર્તે તે પશુ - તિર્યંચ - કીટ.

સ્યાદ્વાદને સમજવો કઠિન છે, પચાવવો એથી પણ કઠિન છે.

દરેક શ્રેષ્ઠ વિચારકે સમન્વય દૃષ્ટિપૂર્વક

પોતાનો વિચાર સિદ્ધ કરવો જોઈએ.

સ્યાદ્વાદ પદાર્થનું ખંડન - મંડન કરતો નથી,

પરંતુ એ પદાર્થ કયા દૃષ્ટિથી જોવાયો છે,

એ દૃષ્ટિ સાધવામાં કેટલે અંશે સત્ય અને અપૂર્ણ છે,

એ અપૂર્ણતા દૂર કરવા માટે

બાકી કયા કયા તત્ત્વો જોડવામાં આવે

તો તે સંપૂર્ણ સત્ય બને અને

ઇષ્ટ દૃષ્ટિને સાધી શકે એ સ્યાદ્વાદનું કાર્ય છે.

સ્યાદ્વાદ મધ્યસ્થ દૃષ્ટિએ આવા બધા વિચારણા કરે છે.

શ્રી

## શબ્દનો પ્રભાવ

અનુભવની ભૂમિકા પરથી બોલવું એ હૃદયથી બોલવું છે.
તેની શક્તિ સૌથી અધિક છે.
તે સર્વ ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે છે.
જેવું હૈયામાં હોય તેવું હોઠે આવે,
ત્યારે શબ્દશક્તિ કામ કરતી થાય છે.
શબ્દ ઉપરની શ્રદ્ધાને જોવા એ
બહુ મોટી શક્તિને જોવા બરાબર છે.
અનેક અર્થ નિકળે એવા શબ્દો રાજકારણ લાગે છે.
આત્મસાક્ષાત્કાર - વિશ્વસાક્ષાત્કારથી આત્મવિશ્વાસ આવે.
સૌમાં એક માનવ આત્મા છે
અને તે આત્માની કીમત સરખી છે.
આ પાયાની શ્રદ્ધા છે. આનું જ નામ 'વેદાંત' છે.
માનવ આત્માની એકતાનું માપ
આપણે ઓછું - વધતું ન કરી શકીએ.
જ્યાં સાક્ષાત્કૃતિ હોય, ત્યાં જેમ રીતે વિશ્વાસ જાગે છે,
એ જ રીતે શબ્દશક્તિમાં જે વિશ્વાસ અને શ્રદ્ધા હોય,
તો ઘણા આફતોથી બચી જવાય.
શબ્દ મિથ્યા કે નિષ્ફળ કદી ન હોવા જોઈએ.

श्री

શબ્દો સત્ય અને અમોઘ હોવા જોઈએ.
'દ્વિઃશરં નાભિસંધત્તે રામોદ્વિઃ નાભિભાષતે ।' અર્થાત્
બાણ બે વાર છોડાતું નહિ, રામ પણ બેવાર બોલતા નહિ.
શબ્દો વ્યર્થ પણ ન હોય અને દ્વ્યર્થ પણ ન હોય.
શબ્દો સાર્થ અને એકાર્થ હોય.

## માનસિક સ્તર અને અનેકાન્તવાદ

આપણું મન ક્ષોભનો અનુભવ ન કરે એ બહુ જરૂરી છે.
માનસિક સ્તરની જે કોઈ વાત કહેવાશે,
તેને બીજી બાજુ પણ હશે જ.
કેવળ માનસિક સ્તર ઉપર જ નહિ, એનાથી પણ
ઉપરના સ્તર ઉપર આવે, તે છે 'અનેકાન્તવાદ'.
અક્ષોભ્યતા જોઈતી હશે તો માનસિક સ્તર ઉપરની વાતોને
સ્યાદ્ શબ્દ લગાડીને જ વિચારવાની ટેવ પાડવી પડશે.
'સ્યાત્' એટલે કોઈ એક જ અપેક્ષાએ
અર્થાત્ બીજી અપેક્ષા પણ રહેલી છે જ.
માનસિક સ્તરની ઉપર ઉઠવાનો આ એક જ માર્ગ છે,
તેથી ક્ષુબ્ધ બનીને વગર વિચાર્યું કાંઈ પણ ન કહેવું.
એ માટે મનની ઉપર ઉઠવાનો પ્રયત્ન સતત ચાલુ
રાખવો પડશે. એનો જીવનભર અભ્યાસ પાડવો પડશે.
એ અભ્યાસ જ આપણને બચાવી લેશે.

એક વસ્તુના અભાવને લીધે જે આકુળતા દશા રહે છે,
તેવી જ આકુળતા દશા વસ્તુનું લાભ થયે પણ ટકી રહે,
તો સમજવું કે આપણે મનના સ્તરથી ઉપર ગયા.
એ જાણીએ છતાં જાણી ન જાણ્યું હોય,
તેમ આકુળતા ટળી એ મોટી સિદ્ધિ છે.
એ સિદ્ધિ સ્યાદ્વાદના આશ્રય વિના બીજી રીતે શક્ય નથી.
આપણે બીજાનું પરિવર્તન ઇચ્છીએ છીએ,
તેમ આપણે આપણું પરિવર્તન પણ ઇચ્છવું જોઈએ,
કારણ કે આપણા હૃદયમાં પણ ઘણા ગ્રન્થિઓ હોય છે.
'સ્યાદ્વાદી' તે છે કે
જે સત્યનો પોતાનો દાવો છોડે નહિ,
છતાં
'સામાવાળા પાસે સત્ય છે જ નહિ' એમ કદી ન માને.
સ્યાદ્વાદી માને કે 'સત્યનો એક અંશ મારી પાસે છે અને
બીજો અંશ તેના પાસે પણ હોઈ શકે.'
તે અંશ ઓછો-વધતો હોઈ શકે,
તેની ચર્ચા તટસ્થ બુદ્ધિથી થઈ શકે.
આનું જ નામ સત્યનું અર્થીપણું અને
એનું જ બીજું નામ સ્યાદ્વાદી વિચારધારાપણું.

સ્યાદ્વાદી તે જ જાણશે કે જે પોતાની પાસેના સત્યાંશને
નહિ છોડનારો હોય અને સામેના પાસેના સત્યાંશને
ગ્રહનારો હશે. આ જ છે સત્યગ્રાહી સ્યાદ્વાદી મનોવૃત્તિ.

ભગવાન 'ભાવગ્રાહી' છે.

ભક્તિ સાહિત્યમાં એ શબ્દ પ્રસિદ્ધ છે.

ભગવાન ભાવને ગ્રહણ કરે છે અને તે પ્રમાણે વર્તે છે.

પોતાના સત્યને વળગી રહેવાની અને
સામાના સત્યાંશને ગ્રહણ કરવાની તૈયારી રાખવાની વાત
મનની ઉપર ઉઠ્યા વિના નહિ બને.

મનમાં જે વિચાર થાય છે, તે એક બાજુનો જ હોય છે.
તેને બીજી બાજુ હોય છે, તેથી તે સમજવાનો પ્રયાસ
કરવો એમાં જ મનને જીતવાની કળા છુપાયેલી છે.

મનમાં થતાં કલહ, ક્લેશ અને કંકાશનો અંત
એ સિવાય બીજી કોઈ રીતે આવવો શક્ય જ નથી.
'પોતે માને છે તે આંશિક નહિ પણ પૂર્ણ સત્ય છે'
એવા આગ્રહમાંથી જ બધા યુદ્ધો ઊભા થાય છે, તેથી
વેદમાં યુદ્ધનો પર્યાય શબ્દ 'મમ સત્યમ્' કહેલો છે.

'મમ સત્યમ્ યુદ્ધમ્'

અર્થાત્ સત્ય મારું છે, એનું નામ જ યુદ્ધ છે.

શ્રી

'સત્ય મારી પોતાની પાસે જ છે,
સામા પક્ષનો એની ઉપર કોઈ અધિકાર નથી;'
એમ માનવું એટલે એની સાથે યુદ્ધ શરૂ થવું જ સમજો.

આપણે કાંઈ કરી શકીએ કે નહિ એ જુદી વાત છે, પણ ઓછામાં ઓછું લોકો આપણા શબ્દો ઉપર ભરોસો રાખી આટલું કરી શકીએ તો પણ ઘણું કર્યું ગણાય, કેમકે એ જ અહિંસા-શાંતિ-પ્રેમનું સામ્રાજ્ય સ્થાપી શકશે.

એ કરવા માટે આપણે 'સ્યાદ્વાદી મનોવૃત્તિ' એટલે
સત્ય જ્યાં હોય ત્યાંથી ગ્રહણ કરવાની વૃત્તિ
કેળવવા માટે તૈયાર થવું પડશે.

એક શબ્દમાં એક કાળે બે વિરુદ્ધ ધર્મને એકસાથે કહેવાની શક્તિ નથી, તેમ મનના એક વિચારમાં એક કાળે એક વસ્તુમાં રહેલા બે વિરુદ્ધ સત્યોને પકડવાની શક્તિ નથી. એક બાજુનું સત્ય સમજ્યા પછી જ ધૈર્ય ધારણા કરવામાં આવે તો બીજા વખતનો વિચાર બીજી બાજુનું સત્ય ગ્રહણ કરી શકે છે, તેથી વિચાર અને શબ્દ દ્વારા જ જ્યાં શુદ્ધ વ્યવહાર કરવાનું સામર્થ્ય છે, ત્યાં શુદ્ધ આપણા માટે અનેકાન્ત અને સ્યાદ્વાદનો આશ્રય સ્વીકાર્યા સિવાય પ્રબુદ્ધ અને શાંત રહેવાનો બીજો કોઈ ઉપાય જ છે નહિ.

આત્મવિદ્યા એ જીવનવૃક્ષની ડાળ નહિ પરંતુ મૂળ છે. મોટરના સારા એંજીનની સાથે જેમ સારા સ્ટીયરીંગની જરૂર રહે છે, તેમ વિજ્ઞાનને અંકુશમાં રાખવા માટે આત્મવિદ્યાની જરૂર છે. મનુષ્યના મનના ભાગલાને જોડવાની વાત આત્મવિદ્યા વડે સિદ્ધ થઈ શકે છે.

ઉપનિષદ મનુષ્યને કહે છે:

'તું બ્રહ્મ છે. તું પાપી નથી, તું સંત છે.'

સત્ય જ જીવનની મૂળ શક્તિ છે.

દ્વેષ કરતાં પ્રેમની શક્તિ વધારે છે.

દુઃખ કરતાં આનંદની શક્તિ વધારે છે.

એ આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ.

ઝાડ પર મહુડાં પાકે છે, દારૂ નહિ. દારૂ તો એની વિકૃતિ છે.

તે પ્રમાણે પ્રેમ અને આનંદ જ જીવનનાં પાકાં ફૂલ છે.

દ્વેષ અને દુઃખ તો તેની વિકૃતિ છે.

જેઓનો ભાવ શુદ્ધ છે, તેઓના ચાર નિક્ષેપા સાચા,

જેઓનો ભાવ અશુદ્ધ છે, તેઓના એક કાચે સવ કાચા.

અરિહંત દેવના નામાદિ સાચા છે,

કારણ કે તેમનો ભાવ સાચો છે.

ભાવ અર્થાત્ સર્વજીવોને શાસનરસી કરવા તે.

## મોક્ષાભિલાષી બનાવવાનો ભાવ

જેમના સંસર્ગમાં આવનારને મોક્ષાભિલાષી બનાવે જ,
કેમકે ભાવની ભાવ ઉપર અસર થાય જ છે. મનુષ્યના
ચિત્ત ઉપર દ્રવ્યાદિની અસર પણ ભાવને કારણે જ છે.

o ભગવાનની ઇચ્છા બળવાન છે,
કેમકે તે સર્વનું કલ્યાણ ઇચ્છનારી છે.

તે બળવાન હોવાથી તેમની ઇચ્છાનુસાર જ જગત ચાલે છે.
<u>ભગવાનની ઇચ્છા બધાને સુખી કરવાની હોવા છતાં
બધા સુખી થતા કેમ નથી? કારણ કે બધા ભગવાનની
ઇચ્છા પ્રત્યે કૃતજ્ઞતાભાવ ધારણ કરી શકતા નથી.</u>

કૃતઘ્ન આત્માનું કદી કલ્યાણ ન થાય,
એ નિયમનું ઉલ્લંઘન થઈ શકતું નથી.

સૌનું કલ્યાણ ઇચ્છનાર ભગવાન પ્રત્યે જેઓ કૃતજ્ઞતા
ગુણથી દીન મુખવાળા થઈને અંતરથી નમે છે, તેઓ
પોતાની નમ્રતાના કારણે જ નહિ, પરંતુ ભગવાનની
પ્રબળ ઇચ્છાના કારણે સર્વદુઃખથી મુક્ત થઈ જાય છે.

o ધર્મ તેના કરનારને લાભ કરે છે,
કેમકે તે કર્મરોગનું ઔષધ છે.

તે સેવવામાં આવે તો આત્માના કર્મરોગને દૂર કરે છે.

ૐ શ્રી

## ષડ્ વિચારરત્નો

(૧) દુઃખી પ્રાણીના દુઃખનો નાશ કરવાની ઇચ્છા
તે કૃપા કે અનુકંપારૂપ ધર્મ છે.
તેને જણાવનારા તીર્થંકરો છે, માટે ત્રણે ભુવનને પૂજનીક છે.
તેને સાધનાર સાધુઓ છે, માટે વંદનીય છે.

(૨) 'જિન' એટલે રાગ-દ્વેષને જીતનારા, સર્વ લબ્ધિઓને જીતનારા, અજ્ઞાન દોષને જીતનારા. ત્રણે ભુવનને પ્રેમધર્મથી જીતનારા જિનેશ્વરો પ્રેમના પર્વતો છે, દિલના દરિયા છે, ભાવનાના સાગર છે, સુસાધુઓ નિજના ધર્મને વિસ્તારનારા છે.
દુઃખીઓના દુઃખનો નાશ કરવો તે 'ધર્મ' છે.

(૩) મુમુક્ષુઓ માટે જેટલી આવશ્યકતા બ્રહ્મજ્ઞાનની છે,
તેથી વધુ આવશ્યકતા બ્રહ્મવિહારની છે.
બ્રહ્મજ્ઞાન અને તેની ચર્ચા
રાગ-દ્વેષ કે કલહાદિ કાલુષ્યને કદાચ પેદા પણ કરે, કિન્તુ બ્રહ્મવિહાર ચિત્તની એકાંત પ્રસન્નતાને પેદા કરનાર છે.

(૪) 'બ્રહ્મવિહાર' એટલે જીવ-બ્રહ્મૈક્યાનુસંધાન અથવા
જીવમાત્ર સાથે તાદાત્મ્યભાવ.
બ્રહ્માદ્વૈતભાવ કે આત્માદ્વૈતભાવ એ ભાવ ગાઢ મૈત્રીને પેદા કરે છે. જ્યાં મૈત્રી ગાઢ છે, ત્યાં પ્રમોદ-કારુણ્ય અને માધ્યસ્થ્યની સ્થિતિ અપરિહાર્ય છે.

श्री

स्याद्वाद पण कहे छे के:

'तत्तुल्यानां परमार्थेन तत्त्वात्' संग्रहनयथी तत्तुल्य ते ज छे.

'सर्वमेकं सदविशेषादिति ।'

(५) संग्रहनयथी सर्व जीवो तादात्म्य छे,

तादात्म्यभावने वरेला छे.

ते तादात्म्य तिर्यक् सामान्यरूप पण छे अने

ऊर्ध्वता सामान्यरूप पण छे.

तिर्यक् सामान्य सर्व जीवोनी एकतानुं उद्बोधन करे छे.
ऊर्ध्वता सामान्य सर्व पर्यायोमां अनुस्यूत एक ज तत्त्वनी उद्घोषणा करे छे. संसारी आत्माना रागादि अनेक पर्यायोमां अनुस्यूत चैतन्य एक ज छे. ए दृष्टिथी विकारीभावो वच्चे पण अविकारी भावनुं दर्शन थाय छे.
ए दर्शन सम्यग् होवाथी मिथ्यात्वजनित अनंतानुबंधी कषायोनो नाश करे छे. तेना भावना दृढ थवानी साथे संज्वलनादि कषायो पण निर्मूल थाय छे माटे अनेकतामां एकतानुं ज्ञान ए शुभध्याननुं जनक छे.

एथी ज 'ललित विस्तरा'मां कह्युं छे के:

एगंमि पूइए सव्वे ते पूइआ हुंति ।

एगंमि हीलिए सव्वे ते हीलिआ होंति ॥ (परिशिष्ट-२)

શ્રી

અન્વય અને વ્યતિરેક ઉભયથી
અનેકમાં એકતાનો બોધ ઉપકારક થાય છે.

(૬) અભ્યાસમાં લંબાઈ-પહોળાઈનું મહત્ત્વ નથી, પરંતુ ઊંડાણનું મહત્ત્વ છે. લાંબા વખત સુધી કલાકોના કલાકો ભાતભાતના વિષયોનો અભ્યાસ કરતા રહેવું,
એનું નામ લાંબો-પહોળો અભ્યાસ છે.

સમાધિમાં જેમ જોઈએ તેમ રોજ થોડો વખત નક્કી કરેલા વિષયનો અભ્યાસ કરવો તેને હું 'ઊંડો અભ્યાસ' કહું છું.
સમાધિ એ અભ્યાસનું મુખ્ય તત્ત્વ છે.

ભાવત્રિવેણી

મધ્યસ્થ - મધ્યાહ્નનો સૂર્ય સર્વને સરખો તાપ અને પ્રકાશ આપે છે, તેમ રાગ અને દ્વેષની મધ્યમાં રહેલો સર્વને સરખો પ્રેમ (નો ગરમા) અને ભાવ (નો આનંદ) આપે છે.

તટસ્થ - સમુદ્રના કિનારે રહેલા દુઃખરૂપી જલ અને દુરાગ્રહરૂપી જલજંતુઓથી બચી જાય છે. દ્વેષ એ દુઃખરૂપી જલ છે અને રાગ એ દુરાગ્રહરૂપી જલજંતુ છે.

ઉદાસીન - પર્વતની ટોચે રહેલો રાગ-દ્વેષરૂપી ખાડામાં
પતનના ભયથી મુક્ત પક્ષીની જેમ છે તેમ.

રાગ એ તિર્યંચગતિનું કારણ, દ્વેષ નરક ગતિનો હેતુ છે.

ખંભેદ ગયા બધા માટે ઉદાસીનતા પર્વત છે.
પર્વતની ટોચે, સમુદ્રના કિનારે, આકાશના મધ્યમાં રહેલો
જેમ સુખ, શાંતિ અને તેજને અનુક્રમે પ્રાપ્ત કરે છે,
તેમ રાગ-દ્વેષના પક્ષનો ત્યાગ કરીને
ઉદાસીન, તટસ્થ અને મધ્યસ્થ બનેલો આત્મા
સંપૂર્ણ સુખ-શાંતિ-પ્રભાવને વિસ્તારનારો થાય છે.

○ 'અહં પ્રમાદઃ પરમઃ સમત્વસ્ય પ્રતીકતામ્ ।
કલ્પાપિનઃ ક્ષણેનાઽપિ પદમિક્રતિ શાશ્વતમ્ ॥૧॥'

અહીં સમત્વનો આ મોટો પ્રભાવ છે કે પાપી
આત્માઓ પણ ક્ષણવારમાં શાશ્વત પદને પામી જાય છે.

સમત્વની સાધના બે પ્રકારે થાય છે:

એક પ્રત્યેક દ્રવ્યવ્યક્તિમાં રહેલ સમાનતત્ત્વનું ભાન અને
બીજું પ્રત્યેક પર્યાયવ્યક્તિમાં રહેલ સમાનતત્ત્વનું આકલન.
પહેલાનું નામ છે 'તિર્યક્ સામાન્ય' અને
બીજાનું નામ છે 'ઊર્ધ્વતા સામાન્ય'.
ભેદની પાછળ રહેલ અભેદને જોવો તે સમત્વની સાધના છે.

○

There are no hopeless situations: there are only men who have grown hopeless about them.
- Clare Boothe

શ્રી

## ૫૪ વિચારકણિકાઓ

(૧) બૌદ્ધિકજ્ઞાનની નિશાની: માથું દુઃખવું, પરિશ્રમ લાગવો, વધુને વધુ મેળવવાની ઇચ્છા, અસંતોષની લાગણી વગેરે.

(Intellect)

(૨) અનુભવજ્ઞાનની નિશાની: શ્રમ ન લાગવો, માથું ન દુઃખવું, હૃદયને આનંદ થવો, વસ્તુનો બોધ છુટવો, સંતોષની લાગણીનો અનુભવ થવો વગેરે.

(Intuition)

(૩) બુદ્ધિ ભેદ ઉપર - અનુભૂતિ અભેદ ઉપર અવલંબે. ભેદ એ રાગ-દ્વેષનું ને અભેદ એ સમત્વભાવનું મૂળ છે. સમત્વભાવ એ સૂર્ય સરખો પ્રતાપવાન છે.

(૪) સમત્વભાવ પર્વતની ટોચ કરતાં ઉંચો અને સાગરના તળિયા કરતાં ઊંડો છે. મધ્યસ્થભાવ, ઉદાસીનભાવ, તટસ્થભાવ એ બધા સમત્વના પર્યાયવાચી શબ્દો છે.

(૫) બાળકોને જોતાં જ સુખ થાય એવું વર્તન તે ધર્મ. બાળકોને જોતાં જ દુઃખ થાય એવું વર્તન તે અધર્મ.

(૬) આ સુંદર નદીઓ, લીલાં મેદાનો, ફુલો અને ફુવારા... ધનવાન એવા આંધળાને કોઈ દેખાડી શકે તો તે આંધળો મહાશય કેટલું ધન આપવા તૈયાર થાય એનો વિચાર કરો.

શ્રી

તો આવા હજારો સુખ આપણે દરરોજ ભોગવીએ છીએ,
તે જેના પ્રતાપે ભોગવીએ છીએ,
તેના ઉપકારનો ખ્યાલ કરો.

(૭) સાધુ કંગાલ નથી, કેમકે
તે કોઈ પાસે કંઈ માંગતા નથી.
રાજા, ચક્રવર્તી કે ઇંદ્ર પણ કંગાલ છે, કેમકે
તે બધાને પોતાના સુખ માટે
કોઈના પણ પાસે કંઈ પણ માગવું તો પડે જ છે.

(૮) આખો સમાજ આધ્યાત્મિક ન હોય તો ચાલે,
પણ ઐક્ય તો હોવો જ જોઈએ.
ધાર્મિક વિચાર સાથે સંઘનિષ્ઠા પણ કેળવવી જોઈએ.
Philosophy denies nationalism.
'આખું વિશ્વ આપણું છે' એ ભાવના કેળવો.
ધર્મનો સંઘ હોવો જોઈએ. સંઘ વિના ધર્મ દુર્બળ રહેશે.
પારકાને સુખકારક લાગે તે ધર્મ,
દુઃખકારક લાગે તે અધર્મ.

(૯) દેવ પૂજારીને સોંપ્યા, ગુરૂ રસોઈયાને સોંપ્યા અને
ધર્મ જૈનેતરોને સોંપ્યો હોય,
એવી સ્થિતિ ન પ્રવર્તે તેનું ધ્યાન રાખવું.

શ્રી

(૨૦) (a) શુભેચ્છા - ધર્મપ્રશંસા (બીજનું વપન).

હું અશુભમાં ડુબેલો છું.

મારે શુભની સાધનાનો પ્રયત્ન કરવો જોઈએ. હું મૂઢ છું.

એ મૂઢતાને દૂર કરી મારે સદ્ઉપાસના કરવી જોઈએ.

(b) વિચારણા - ધર્મચિન્તા (અંકુરોદ્ગમ).

શુભની સાધના કઈ રીતે કરવી એવો વિચાર કરવો તે.

(c) તનુમાનસા - ધર્મશ્રવણ (સ્કાંડ).

શુભેચ્છાને પરિણામે વિચારણા જન્મે,

એથી ઇંદ્રિયોના વિષયોની આસક્તિ ઓછી થવી તે.

(d) સત્ત્વાપત્તિ - ધર્મવિજ્ઞાન (નાલ).

વિષયાસક્તિ ક્ષીણ થઈ ચિત્તસત્ત્વમાં સ્થિત - સ્થિર બને તે.

(e) અસંસક્તિ - ધર્મવિજ્ઞાન (નાલ).

પહેલા ચારના ફળરૂપે યોગયુક્ત સ્થિતિ થાય તે.

(f) પદાર્થભાવના - સ્થિતિ (પુષ્પ).

દૃશ્યમાન જગત ભૂલાઈને કેવળ ઈશ્વરનું ભાન રહે તે.

(g) તુર્યગા - આત્મસ્થિતિ (ફળ).

સ્વરૂપાવસ્થાન પ્રાપ્ત થાય તે.

(૨૨) જાતે સૌથી નાના બનવું અને સૌને આપણાથી મોટા બનાવવા એ અપૂર્વ અને અમૃતતુલ્ય જડીબુટ્ટી છે.

તેનું પાન કરવાથી જીવ અમર બની સર્વ દુઃખોથી મુક્ત થાય છે.
આ જડીબુટ્ટી દેખાવમાં ખરાબ અને કડવી છે,
પણ ગુણમાં અમૃત સમાન છે.
જે અમરતા આપે છે, તેનાથી મોક્ષ મળે છે.
ઋષિ-મુનિઓ આ જડીબુટ્ટીના સેવનથી
સર્વશક્તિમાન અને જગતપૂજ્ય બન્યા.

(૯૨) 'ધર્મ' એટલે સર્વ સાથે ઉચિત વ્યવહાર,
જીવમાત્ર સાથે મૈત્રીપૂર્વકનો વ્યવહાર તથા
અજીવમાત્ર સાથે માધ્યસ્થ્યપૂર્વકનો વ્યવહાર.
મૈત્રી અને માધ્યસ્થ્ય અનુક્રમે
અભ્યાસ અને વૈરાગ્યના સાધનો છે.

'ધર્મ' એટલે ?

એકબાજુ મૈત્રીનો અભ્યાસ વધારવો અને બીજીબાજુ
પુદ્ગલ સાથે માધ્યસ્થ્યભાવનો અભ્યાસ વિકસાવવો.

મુક્તિનો અધિકારી કોણ ?

ઉચિત વ્યવહારનું પાલન જીવને મુક્તિનો અધિકારી
બનાવીને મોક્ષમાર્ગની આરાધનાને લાયક બનાવે છે.
પૂજ્યપૂજા, દયા, દાનં, તીર્થયાત્રા, જપસ્તપઃ,
શ્રુતં, પરોપકારશ્ચ મર્ત્યજન્મ ફલાષ્ટકમ્ ॥
(પરિશિષ્ટ-૩)

(૨૩) પ્રવચનની વૈયાવચ્ચ, સર્વલોકની શાંતિ અને
સમ્યગ્દૃષ્ટિની સમાધિ કરનારા સમ્યગ્દૃષ્ટિ દેવો છે.
તેની આરાધના માટે કાયોત્સર્ગ કરવાનો છે.

(૨૪) માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સર્વાધિક સુદૃઢ સ્નેહ એટલે
'ઈશ્વર ભક્તિ'. માહાત્મ્યજ્ઞાન ભક્તિ-પ્રેમ ઉભયથી થાય.
'ભક્તિ'થી એટલે ઈશ્વરનો ઇન્કાર કરનારો અનન્ત સંસાર-
પિતૃઓનો ઇન્કાર કરનારો અનન્ત સંસાર ઉત્પન્ન થયેલો છે.
પ્રભુ અસ્તિત્વ ન સ્વીકારનારો અનંત જન્મ-મરણ કરે છે.

(૨૫) પંચ મંગલનાં ઉપધાન શા માટે?

ગૌતમ! પહેલું જ્ઞાન થાય પછી દયાનો ભાવ આવે છે.
દયા વડે આત્મસમદર્શિત્વ આવે છે અને તેથી
સંઘટ્ટ, પરિતાપ, કિલામણા, ઉપદ્રવથી ભયરહિત બનાય છે.
વળી આશ્રવ રોકાય છે, સંવર થાય છે, દમોપશમ આવે છે,
શત્રુ-મિત્ર પર સમાનભાવ આવે છે,
રાગ-દ્વેષરહિત થવાય છે,
ક્રોધ-માન-માયા-લોભ જાય છે, અકષાયપણું આવે છે,
સમ્યક્ત્વ અને જીવાદિ પદાર્થોનું વિશેષ જ્ઞાન થાય છે,
સર્વત્ર નિર્મમભાવ ઉત્પન્ન થાય છે,
અજ્ઞાન, મોહ, મિથ્યાત્વ જાય છે, સુવિવેક આવે છે.

શ્રી

વિવેકાદિ ઉદયમાં પ્રવૃત્તિ થાય છે,
અહિતનો ત્યાગ-હિતાચરણમાં અત્યંત ઉદ્યમ થાય છે,
ઉત્તમ સેવા ક્રિયાદિકને આચરવામાં ચિત્ત લાગે છે.
ચિત્ત લાગી જવાથી સર્વોત્તમ શાંતિ, સર્વોત્તમ માર્દવ,
સર્વોત્તમ આર્જવ અને સર્વોત્તમ સંગત્યાગ આવે છે.
તપ, સત્તરપ્રકારનો સંયમ, સર્વોત્તમ સત્ય વચનોમાં જળ,
બ્રહ્મચર્ય અને પરાક્રમ ફોરવાય છે તથા સર્વોત્તમ
સ્વાધ્યાય અને ધ્યાનરૂપ જળ વડે પાપમળ ધોવાય છે.
(૨૬)જેટલા પવિત્ર વિચારો છે, તે અમૃતથી બનેલા છે.
જે અપવિત્ર વિચારો છે, તેમાં વિષ ભરેલું છે.
તેમાં કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યા છે.
અશુભ રસ-ગંધ-સ્પર્શ-રૂપ રહેલાં છે.
તેનું વર્તુળ શરીર પાસે વળે છે.
(૨૭) અહોભાવ ભાવોને હૃદયના રોગ જલ્દી થાય છે.
જેટલા ચાડીયા-ક્રોધી છે તેને આંચકી લાગે છે.
જ્ઞાનતંતુ તૂટી જતાં ગાંડા બની જાય કે લકવો થાય છે.
જ્ઞાનતંતુની જાળ આખા ય શરીરમાં પથરાયેલ હોય છે.
જ્યારે તનમાં અવ્યવસ્થા ફેલાય છે,
ત્યારે લકવો, ક્ષય, મંદાગ્નિ જેવા દર્દો થાય છે.

સુંદર વાનગીઓ પીરસેલી હોય અને ખાવાનું સુંદર હોય,
તે વખતે ક્યાંક ડંખ લાગે તેવો શબ્દ કહે,
તો 'મિષ્ટાન્નમાંથી સ્વાદ' ઊડી જાય છે. કેમ?
મનની અસર જઠરાગ્નિ પર થાય, તેને આંચકો લાગે છે,
તેથી તેમાં વિષ થાય છે. વિષ જીભ સુધી પહોંચી જાય છે.
શોકના આઘાતથી કેટલાયે ગાંડા થઈ જાય છે,
બેભાન બની જાય છે, માંદા પડી જાય છે.
આમ વિચારોની અસર જબ્બર થાય છે.
<u>વિચારો નિર્મળ બનાવો તો આરોગ્ય વધે.</u>
(૬૮)નરકમાં જવાના ત્રણ દરવાજા છે: કામ, ક્રોધ, લોભ.
કામવાસના ભયંકર વાસના છે,
તેથી શારીરિક, માનસિક, આધ્યાત્મિક શક્તિ નાશ પામે છે.
તે શમે નહિ ત્યાં સુધી અસંખ્ય ડૉક્ટર હૉસ્પિટલો ખોલે
તો પણ રોગ શમે નહિ. રોગનો મૂળ ભોગમાં છે.
ભોગમાં અંકુશ રાખો તો રોગ નાશ પામે.
એક વીર્યના ટીપામાં
મનુષ્ય ઉત્પન્ન કરવાની શક્તિ છે,
તેના હજારો ટીપાં નિરર્થક નાશ પામે,
તો મનુષ્ય ઊભો કેમ થઈ શકે?

શ્રી

(૧૯) 'Return to Religion'

ધર્મ તરફ પાછા વળો તો સાચું તત્ત્વ હાથમાં આવે.

આરોગ્ય-સુખ માટે પ્રધાનો પર આધાર રાખે કાંઈ નહિ વળે.

આરોગ્ય કે સુખ ધર્મ કે ધર્માચાર્ય પાસે મળશે.

પારકાને ઉપદેશ આપવામાં કાંઈ નહિ વળે.

(૨૦) એક માસ સુધી કાળી મજૂરી કરનારને

શક્તિનો જે વ્યય થાય છે,

તેથી અધિક શક્તિ ૧ મિનિટના ક્રોધમાં ખર્ચાઈ જાય છે.

વિશ્વમાં એટમબોમ્બ જેટલું નુકસાન નહિ કરતો,

તેટલું નુકસાન વિશ્વમાં રોજે રોજ ક્રોધ કરે છે.

ક્રોધ આત્મિક, માનસિક અને શારીરિક

દૃષ્ટિએ નુકસાન કરે છે.

(૨૧) લોભથી ચિત્ત હંમેશા અતૃપ્ત રહે છે.

અતૃપ્તિથી શરીરમાં લાખો વ્યાધિ થાય છે, નિદ્રા નથી આવતી.

લોભનો ખાડો કદી પુરાતો નથી.

કારખાના એ કારખાના નહિ પણ કાળખાના છે.

સમજવા છતાં સંસારના કારખાના ચલાવે છે,

તેનું કારણ લોભ છે.

લોભ પાપ-પુણ્યના વિવેકને ભુલાવે છે.

(૨૨) પ્રેમના વિચારો કરે તેને રોગ ન થાય.

લાફીંગ બુદ્ધાનું શરીર કેવું હોય છે?

જેમના હૃદયમાં પ્રેમ ભરેલો છે.

(૨૩) તમારી લાગણી તમારા કાબુમાં રાખો.

જો નહિ રાખો તો તે તમને કાબુમાં લેશે.

રોગનું મૂળ કારણ માનસિકવૃત્તિ છે.

(૨૪) લોકોત્તર દૃષ્ટિએ આરોગ્ય એટલે સ્વસ્થતા,

પરન્તુ જ્યાં સુધી આત્મા આત્મામાં ન રહે,

ત્યાં સુધી સ્વસ્થતા ન કહેવાય.

આત્મા અનંત સુખથી ભરેલો છે.

તેનામાં રોગનું નામ નથી. રોગ મન-શરીરમાં છે.

મુક્તિ પ્રાપ્ત થશે ત્યારે જ સાચું આરોગ્ય પ્રાપ્ત થશે.

શરીરમાં બે પ્રકૃતિ છે: પાપ પ્રકૃતિ અને પુણ્ય પ્રકૃતિ.

જ્યાં સુધી પાપ પ્રકૃતિ ઉદયમાં છે,

ત્યાં સુધી અસ્વસ્થતા છે.

તે પ્રકૃતિ પુણ્યરૂપ બનશે, ત્યારે સ્વસ્થતા આવશે.

કામ, ક્રોધની પ્રકૃતિ નાશ પામશે

ત્યારે સાચું આરોગ્ય પ્રાપ્ત થશે.

આપણી ઉદ્દેશ અને આપણી ધ્યેય તે જ છે.

(૨૫) દેરાસર, ઉપાશ્રયે જવું વ્યવહાર સમકીત છે.
શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય
એ નિશ્ચય સમકીત છે. સમકીતના આ પાંચ ગુણવાળા
જીવો જગતના દુઃખ દૂર કરવાની ભાવનામાં રમતા હોય.

(૨૬) સિદ્ધની ઉપાસનાથી વશીકરણ થાય અને મોક્ષ મળે.
આચાર્યની ઉપાસનાથી રોગનાશ અને રાજ્યપ્રીતિ પ્રગટે.
ઉપાધ્યાયની ઉપાસનાથી શાસ્ત્રઅભ્યાસગામીતા - વસ્તુલાભ.

(૨૭) મનને ચંદ્ર સાથે સંબંધ છે. ધર્મનો આધાર મન
સાથે છે માટે જ મુહૂર્તમાં ચંદ્રનું બળ જોવામાં આવે છે.
માનસિક બળ ચંદ્ર ઉપર આધાર રાખે છે.

(૨૮) ઉપાસના કરતી વખતે આખું જગત ચરણે ધરીએ
છીએ તેમ ધારવું. સમસ્ત જગત એટલે પાંચ તત્ત્વો:
૧ જળ, ૨ અગ્નિ-દીપક, ૩ વનસ્પતિ-ફુલ,
૪ વાયુ-ચામર, ૫ આકાશ-સ્તુતિ અને ઘંટારવ.

(૨૯) ગોમૂત્ર અને ગોદુગ્ધથી મંદિર પવિત્ર બને છે.
ધૂપ અને ઘંટારવથી અશુભ પરમાણુઓ નાશ પામે છે.
મંદિરમાં મલબાર મસાલો આવે તો
૫ તત્ત્વોથી એમના અશુભ પરમાણુઓનો નાશ થાય છે.
શુભ પરમાણુઓથી દેવો પણ ખેંચાઈ આવે છે.

શ્રી

તીર્થોમાં ચોઘડીયા, અખંડ દીવો તથા પવિત્ર ધૂપ, દીપ અને ઘંટનું માહાત્મ્ય છે. તેથી ઉપદ્રવ કરનારા દેવો દૂર થાય છે.
ઇલેક્ટ્રીક પ્રકાશથી સૂક્ષ્મ પરમાણુ નાશ પામે, તેમાં વાંચવાથી આંખ બગાડે પણ ઘીના દીવે વાંચવાથી આંખોનું તેજ વધે છે.
દીવાના બદલે લાઈટ અને ઘંટાના બદલે માઈક યોગ્ય નથી.

મોસ્કોના ક્રિસ્તી મંદિરમાં ૧૫૦ મણનો ઘંટ છે.

ત્યાં મશાલ બત્તી છે, પણ વિજળી નહિ.

(30) ઇલેક્ટ્રીકથી મંત્રોચ્ચારની શક્તિ ઘટે છે.
તે જડ - ચૈતન્યમાંથી બોલાય તો કામ કરે, રેકોર્ડથી નહિ.

(31) સારી સંતતિની ઇચ્છાવાળાએ
સારૂં વાંચન, દેવ-ગુરૂભક્તિ, સુપાત્રદાન કરવાં જોઇએ.

(32) યોગનું લક્ષણ સ્થિતપ્રજ્ઞતા છે.
યોગમાં આત્મતત્ત્વની ઉપાસના હોય છે.

(33) સુખ-દુઃખનો સંબંધ મન સાથે છે.

સુખ-દુઃખની વેદના

મન અને શરીર સાથે છે, આત્મા સાથે નહિ.

(34) આપણે દેહ અને આત્માને જુદા માનીએ છીએ પણ જુદા અનુભવી શકતા નથી. સ્વસ્વરૂપનો અનુભવ પ્રાપ્ત કરવા માટે આપણે પોતે જ બળ કેળવવું પડશે.

(૩૫) જે લક્ષ્મી માંગે, તેનાથી લક્ષ્મી દૂર ભાગે છે.
જે લક્ષ્મી ત્યાગે, તેની તે આગે થાય છે.

(૩૬) ચિત્રાનાડીમાં ૧૦૮ ગાંઠ છે. ૧૦૮ મણકા ગણવાથી તે ગાંઠો તૂટે છે, ભેદાય છે, આત્માનું દિવ્યસ્વરૂપ પ્રગટે છે.

(૩૭) ભગવાન ૧૨।। વર્ષ તપમાં શું કરે?
તેઓ અંતરના સ્વરૂપનો, અવયવોનો વિચાર કરે અને તેમનાં શરીરની અંદર રહેલ ૭ ચક્રો ઉઘાડમાં કરે છે.
શરીરમાં અમૃત વહે છે, તે અમૃત અંદર બળી જાય છે.
જો તે અમૃત ગળે આવે, તો ૬ માસ સુધી આહાર વિના ચાલે.
શરીરમાં ઘણી શક્તિઓ પડી છે.

(૩૮) તું કોણ છે? સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરંજન છે, પરમાત્મા સ્વરૂપી છે, સંસારની માયાથી અલિપ્ત છે.
મહાસનો વિકલ્પ કરવામાં ગુરુ ન હોય તો ય ગુરુનો આરોપ કરવો તે જુઠ નથી. વાસ્તવિકમાં જે વસ્તુ શુદ્ધ છે તે સત્ય છે અને દેહસ્વરૂપ છે તે જુઠું છે.

(૩૯) સત્પુરુષો સંપત્તિ કરતાં શાંતિની ઇચ્છા રાખે છે.

(૪૦) મહાન પુરુષનાં નામમાં ઓંકાર થવાથી નિમ્નામાં રહેલા ગુણો જોઈ શકાય છે. ભેદભાવને તોડી ભક્તિથી અભેદભાવ ભાવી શકાય છે. જે નમશે તે પ્રભુને ગમશે.

કુવામાં ઘડો નાંખ્યા પછી ન નમે તો પાણી ભરાય?
નમે તો ઘડો ભરાય. બુદ્ધિ લાવે દેવ-ગુરૂ પાસે જશો,
તો દેવ-ગુરૂ જેવા બુદ્ધ થશો.

(૪૧) જ્ઞાન, ઇચ્છા, ક્રિયા ભેગા થયે કાર્યની સિદ્ધિ થાય.
યુરોપ-અમેરીકામાં અર્થ-કામ, ભારતમાં ધર્મ પુરૂષાર્થ છે.
અધિકાર વિના દાન માંગે,
તેનું મુખ રાંકડું છે અને આંખ તેજહીન છે.

(૪૨) અખંડ ૧૨ વર્ષ સુધી માણસ જુઠું ન બોલે,
તો તેને વચનસિદ્ધિ થાય છે.
લંગડો ચાલતો, બહેરો સાંભળતો ને આંધળો દેખતો થાય.
વચન કરતાં મનની શક્તિ અનેકગણી છે. મનથી
સામાનું ભલું વિચારાય ત્યાં સામાનું ભલું થઈ જાય છે.

(૪૩) નવકારમાં સર્વવિશ્વ આપવાની તાકાત છે.
નવકાર ગણો ત્યારે આગળ વિચારનું અનુસંધાન ચાલે છે.
જેથી નવકાર ગણતાં પૂર્વે શાંતિમંત્ર ભણવાનો રિવાજ છે.
તે મનથી વિચાર કરે કે આકાશ, પૃથ્વી, જલ, અગ્નિ,
વાયુ વગેરે તત્ત્વોમાં શાંતિ પામો, તો તેના ઇચ્છા
સ્વતઃ વિકલ્પો નષ્ટ થાય છે. આત્મા શાંતિસાગરમાં
ડુબી ગયાનો અનુભવ થાય, તે પછી જ નવકાર ગણવો.

V. Imp.



(૪૪) સ્થાન-કાળ નિયત હોય તો શાંતિ વિશેષ થાય છે. એક આસન ઉપર બેસવાથી કાર્ય સિદ્ધ થાય છે. પોતાના મૂળ આસન પર બેસવાને જ જ્યોતિષીઓ ઉત્તર આપે છે.

(૪૫) કાળમાં બ્રાહ્મમૂહૂર્ત શ્રેષ્ઠ છે. જેને વધુ વખત સાધના કરવાની ઇચ્છા હોય, તેને રાત્રિનો કાળ શ્રેષ્ઠ છે. નિયતકાળથી સાધનામાં એકાગ્રતા આવે છે. સ્થિર ચિત્તે, બહુ ઉતાવળે નહિ, બહુ ધીમે નહિ, એ રીતે ગણવાથી અક્ષર સમાધિ થશે કે પછી તેના વિના ચાલશે નહિ. મનને એવો રસ પડશે કે મન તેમાં ચોંટી જશે. પ્રતીતિ ઉત્પન્ન થશે.

(૪૬) ભૂત-પ્રેત-પિશાચ પ્રકાશ અને લોખંડથી ડરે છે. એક સોય હોય તોય પણ ડરે છે. મંત્રના અક્ષરો નાભિકમળ પર તેજસ્વી વાંચવા જોઈએ. નવકારનું ચિન્તન કરવાથી પ્રકાશ ઝરે છે, તેથી ભૂત-પ્રેત ભાગી જાય છે.

(૪૭) શાંત ચિત્તે નવકાર ગણવાથી આ ભવની સંપત્તિ મળશે અને તે સંપત્તિ વૈરાગ્ય ઉત્પન્ન કરાવશે. બધું નવકાર ઉપર છોડી દેવું. નવકાર પાપ, અશાતા અને ખેદનો નાશ કરે છે, તેથી આત્મા પરમાત્મા બને છે.

(૪૮) સિનેમાનું થિયેટર ખાલીખમ હોય,
છતાં ત્યાં વિચારો અપવિત્ર આવે છે.
દિલ્હીમાં તોફાનો કેમ રહે છે? ૧૯૧૨ સુધી ભારતનું પાટનગર કલકત્તા હતું, ત્યાં સુધી કંઈ તોફાન નહોતું.
(૪૯) બ્રહ્મચર્યના પાલન માટે આંખ અને મનને તાળુ લગાડવું જોઈએ. તેથી ૯૦ ટકા સુધારો થઈ જાય છે.
જો ૧૨ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાળે,
તો શરીરમાં એક શુક્લ નાડી ઉત્પન્ન થાય છે.
(૫૦) ઈષ્ટદેવનું સ્મરણ કર્યા વિના ઘરથી બહાર જવું નહિ.
નામસ્મરણ કરવાથી ભોજન શુદ્ધ બને છે.
સાત્વિક+પ્રેમ પરિણમે છે. ભગવાનને પવિત્ર પ્રેરણા આપી હોય તો આપણામાં પવિત્ર સંસ્કારો પડે છે.
ગુસ્સાના આવેશમાં ભોજન કરે,
તો ભોજનના પુદ્ગલો વિષરૂપ બને છે.
માત્ર ઝેર એ જ ઝેર નથી.
ખાતાં મૌન રાખવાનું કારણ એ છે કે
શાંતિ રહે તો ભોજન શુદ્ધ બને છે.
પેસ્ટેરાઈઝ્ડ કરવાવાળા ખાતાં કદી બોલે નહિ,
બોલે તો વિદ્યા જાય.

(૫૧) શ્રુતજ્ઞાન - બારાખડી એ મંત્ર સ્વરૂપ છે.
એંઠા મોઢે બોલવાથી શ્રુતજ્ઞાનની આશાતના થાય છે.
પડિલેહણમાં પણ સંકલ્પ દ્વારા અશુભ પરમાણુઓ
દૂર કરી શુભ પરમાણુઓ ગ્રહણ થાય છે.
પડિલેહણ અને ભોજન વખતે ન બોલે,
તેને ઉત્તમ સંકલ્પબળ પ્રાપ્ત થાય છે.

(૫૨) પાણીને જો અમૃત છે તેમ વિચારાય, સંકલ્પ કરાય,
તો તે પાણી ઝેરનો નાશ કરે છે.
અત્તરનાં ટીપાંથી જેમ કપડું સુગંધી બને છે,
તેમ શુભસંકલ્પરૂપી અમૃતના બિંદુઓથી
ઝેર પણ અમૃતરૂપ બની જાય છે.

(૫૩) બાળકને આપીને તૃપ્ત થવું.
જે ક્ષણે આપવાનું બંધ કર્યું,
તે ક્ષણથી પોતાનો ભંડાર ખલાસ થાય છે.

(૫૪) પરાવાણી સૂક્ષ્મ સ્વરૂપ, પશ્યંતી વાણી સ્થૂલ,
મધ્યમાવાણી સ્થૂલતર અને વૈખરી વાણી સ્થૂલતમ છે.

જાપની ગણતરી

પરાવર્તના x ૧૦ વૈખરી જાપ x ૧૦૦ ઉપાંશુ જાપ
(અંતર્જલ્પ) x ૧૦૦૦ માનસ જાપ થાય છે.

## સપ્તભંગી

(૧) સ્યાદ્ અસ્તિ : પ્રત્યેક વસ્તુનું અસ્તિત્વ છે.

(૨) સ્યાદ્ નાસ્તિ : અન્ય વસ્તુની અપેક્ષાએ નહિ.

(૩) સ્યાદ્ અસ્તિ, નાસ્તિ : વસ્તુમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ બંને ધર્મ છે.

(૪) સ્યાદ્ અવક્તવ્ય : બંને ધર્મ સાથે, સહોપસ્થિતિ.

(૫) સ્યાદ્અસ્તિ અવક્તવ્ય : અસ્તિત્વ અવક્તવ્ય છે.

(૬) સ્યાદ્ નાસ્તિ અવક્તવ્ય : નહિ અને અવક્તવ્ય છે.

(૭) સ્યાદ્ અસ્તિ, નાસ્તિ અવક્તવ્ય : આનો અર્થ કે : છે, નહિ અને અવક્તવ્ય છે.

o અનંત ધર્માત્મક

કોઈપણ વસ્તુને આશ્રય તેના એક ધર્મને લઈ લક્ષ કે અભાવરૂપે વાસ્તવિક કથન કરવું તે ભંગ છે. વસ્તુ દ્રવ્યાર્થિકનયથી નિત્ય, સામાન્ય, સત્ અને અવાચ્ય છે. પર્યાયાર્થિકથી અનિત્ય, વિશેષ, અસત્ અને વાચ્ય છે.

(૧) નિત્યાનિત્ય (૨) સદસદ (૩) સામાન્ય વિશેષ

(૪) વાચ્યાવાચ્ય (૫) ભેદાભેદ (૬) ભિન્નાભિન્ન

પોતપણાની દૃષ્ટિએ બધા સત્ય છે.

પરની દૃષ્ટિએ અસત્ય છે.

શ્રી

o વિચારશૂન્યતામાંથી પ્રકૃતિ શુદ્ધ થઈ જનારી
ઋષિકાઓનું નામ ગૃહસ્થાશ્રમીનો ક્રમ છે.
વિચાર અને કલ્પનાનું વિસ્તારીકરણ અને ચોક્કસ
આકારનું સ્થિરીકરણ એ ઇષ્ટદેવનો સાક્ષાત્કાર છે.
જૈનદર્શન: દેવ-ગુરુ-ધર્મ સમ્યગ્દર્શન પ્રાપકને 'સમ્યગ્
દ્રષ્ટિ' કહે છે. આજ શુદ્ધ આ ત્રિપુટી વિષે જીવને કશું જ
ભાન નહોતું તેથી આત્મસાધના તરફ જીવનલક્ષ્ય નહોતું.
ચતુર્થ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાંની સાથે
તેને સાથી સજ્જન અંશતઃ પ્રાપ્ત થયા છે.
જીવન વિષયક સાચા લક્ષ્યની ઝાંખી ઝાંખી થાય છે.
જીવનની દિશા શૂન્યગતિ સમ્યગ્દિશાભિમુખ બને છે.
પછી આરોહ, અવરોહ, સ્ખલન - ઉર્ધ્વગમન થવા છતાં
સમગ્રપણે જીવની ગતિ સત્યપ્રેરિત હોવાના,
જોકે, પ્રકૃતિ અને ઈશ્વરપ્રાપ્તિ તરફ અભિમુખ રહેવાની
દિવ્ય અનુભૂતિ થવા પહેલાંની અને પછીની
આત્મસ્થિતિ ને જીવનશૈલી વચ્ચે મહદ્ અંતર હોય છે.
દિવ્ય અનુભૂતિ કે સમ્યગ્દર્શન
એ પરમતત્ત્વ પરમપુરુષ પરમાત્મા સાથેનું
અલ્પક્ષણોનું પણ સાચું અને નક્કર અનુસંધાન છે.

પરમતત્ત્વ સાથેનો આ યોગ પ્રેમ દ્વારા થાય અને
અંતે પણ પ્રેમના આનંદની પ્રાપ્તિ હોય છે.
જ્ઞાન પણ થાય છે,
તે બૌદ્ધિક પૃથક્કરણ દ્વારા કે દાર્શનિક પ્રયોગ દ્વારા.
ક્રમિક અંશ પછી અંશ જેવું નહિ,
કિન્તુ બુદ્ધિ પર સ્વયંજ્યોતિ - intuition દ્વારા
અત્યંત સામીપ્ય લાવે
ઘનતમ આંતરિક સંસ્પર્શ દ્વારા હોય છે.
માનવ આત્મા પરમ આત્મા સાથે તદ્રૂપ થઈ જાય છે.
તે વખતે જે અનુભવ થાય છે,
તે સમગ્ર ઈશ્વર તત્ત્વનો હોય છે.
આ પ્રેમ અને જ્ઞાન થયા પછી વાસ્તવમાં કેવું હોય?
તે કર્મને શાશ્વત સંવાદિતાની સાથે વધારેમાં વધારે
સંવાદિત કરવાના પ્રયત્નોમાં વ્યસ્ત અને મસ્ત હોય.

o

The true striving in the quest of
truth of dharma consists
not in the neglect of action but
in the effort to attune it
closer to the eternal harmony.

શ્રી

માનવને મળેલું મન અને બુદ્ધિ પણ અપૂર્ણ સાધન છે.
મનમાં રહેલો અંધકાર સત્યને આવરી રાખે છે,
તેથી મનને પૂર્ણ પ્રકાશ તો કદી મળી શકતો નથી.
અંતરાત્મા દ્વારા બુદ્ધિબિંદુઓનો પ્રકાશ મનને અંદર
કોઈકોઈ વખત કિરણો દ્વારા પ્રવેશ કરે છે અને તેને
આધારે બુદ્ધિ જે મેળવે છે, તે ઘણું અલ્પજ્ઞાન હોય છે.
મન જ્યારે બુદ્ધિનો પ્રકાશ અને જ્ઞાન ઝીલવા મથે છે,
ત્યારે અહમ્‌ની દખલ વધે છે.
ક્રોધ, માન, લોભ, મોહ, મદ, શોક અને આવેશનાં
અનિષ્ટ તત્ત્વો અંગારાની જેમ અહમ્‌માંથી ઉઠે છે.
માનવ આત્માની એકતાના પાયા ઉપર જ
માનવજીવનની સુખ અને શાંતિ રચી શકાય છે.
માનવમનની અપૂર્ણતા જોતાં મન દ્વારા
માનવ સંપૂર્ણ ઉત્કર્ષ સાધી શકે તે શક્ય જ નથી.
અતિમાનસની સૃષ્ટિમાં અજ્ઞાનનું આવરણ હોતું નથી.
એ યોગના પ્રાપ્ત થતાં પોતાના મૂળ સ્વરૂપને તથા
વિશ્વમાં આવિર્ભાવ પામેલ સ્વરૂપને યથાવત્ જાણી શકાય છે.
આ જ યોગનું પ્રથમ લક્ષણ છે.
તાદાત્મ્યજ્ઞાન = પદાર્થ સાથે તદ્રૂપ થઈને પ્રાપ્ત થતું જ્ઞાન.

શ્રી

તે એટલા સ્પષ્ટ સ્વરૂપને જાણી શકાય છે.
પોતાના અહંભાવને પોષવા માટે નહિ, પણ
ઈશ્વરના સંકલ્પને સિદ્ધ કરવા માટે,
ઈશ્વરના કાર્યની પરિપૂર્તિ માટે
જે અતિમાનસ ચેતનાની અભીપ્સા કરશે,
તેઓને માટે એનું અવતરણ શક્ય બનશે.

ઈશ્વરી ઈચ્છાને પ્રત્યક્ષ કરી, તેની સાથે મેળ સાધી, પોતાની ઈચ્છા અર્પણ કરીને ધર્યું કાર્ય એ પરોપકારી, સેવાભાવ, નૈતિક-ધાર્મિક કૃત્ય નહિ પણ ઈશ્વરી કાર્ય, દિવ્યકર્મ છે. એ કર્મથી જ જગતની ગતિ ઊર્ધ્વ, સત્ય અને પરમાત્મા તરફ વેગવંતી બને છે. એવા કર્મ કરનાર વ્યક્તિને જગતમાં પ્રત્યેક સ્થળે ઈશ્વરી તત્ત્વનો ભેટો થાય છે. ડગલે અને પગલે તેને ઈશ્વરના સંવાદનું સુગાન અને
સંગીત પ્રત્યક્ષ થાય છે.

તેના કર્મનું મૂળ માનવપ્રકૃતિમાં નહિ, પણ
ઈશ્વરી પ્રકૃતિમાં હોઈ, તે ઈશ્વરનું કરણ બનેલો હોઈ,
સર્વ સંઘર્ષોને અંતે જન્મનારાં સંગીતનું ભાન જ્યારે
વાણીના તાર વિસંવાદી ઝણકારથી મેળવાતા હોય છે,
ત્યારે પણ તેનામાં જીવતું-જાગતું હોય છે.

શ્રી

તે માટે જગતમાંથી અશુભ, અકલ્યાણ, સંઘર્ષ મટી જતાં નથી,
પણ તેની મર્યાદા, તેનું પ્રમાણ, તેને સમજાઈ જાય છે.
તે અશુભથી અભિભૂત થતો નથી,
પણ ઈશ્વરનું ખડગ હાથમાં લઈ તેની સામે લડે છે.
ઈશ્વરને માટે વિજય મેળવી પોતે વિજયી બને છે.

## નમસ્કારનાં ત્રણ અર્થ

(૧) અભીપ્સા (૨) સમર્પણ (૩) ઈન્કાર.
નમસ્કાર ગણવાથી થતી અખૂટ આવક ગણી શકાતી નથી.
તેનો જાપ કરવાથી જન્મોજન્મ પુણ્યની ખોટ જતી નથી.
એક અબજ રૂપિયાની મૂડીવાળી એક કંપની
રોજના હજાર રૂપિયાની ખોટ કરે, તો પણ
એ મૂડી પૂરી થતાં ૨૫૦ વર્ષથી પણ વધુ સમય લાગશે.
નવકારના પ્રભાવે સત્ય - અસત્ય, જ્યોતિ - અંધકાર,
સમર્પણ - સ્વાર્થ એ જોડીઓ સાથે રહી શકતી નથી.

## મા

અંતરજગતમાં અમૂર્તરૂપે મા ભગવતી, પ્રકટ જગતમાં
શક્તિરૂપે, જગન્માતારૂપે અને વ્યક્તિરૂપે 'મા' ઇત્યાદિ છે.
માહેશ્વરી - જ્ઞાન પ્રકાશ, મહાકાલી - શક્તિ,
મહાલક્ષ્મી - પ્રેમ, મહાસરસ્વતી - વાણી સ્વરૂપે મા છે.

સં-૨૦૧૬, માગસર વદ-૨, ગુરુવાર

૦ જીવનના બે ઔષધો:
ભગવાનનું શરણ અને વિશ્વનું કલ્યાણ.

૦ યોગશાસ્ત્ર પ્રકાશ ૮ ના પ્રારંભનાં શ્લોકો પ્રમાણે
પદસ્થાદિ ચારે ધ્યાનોની એક જ સળંગ પ્રક્રિયા મુજબ
પૂર્વપૂર્વના ધ્યાનમાંથી ઉત્તરઉત્તરમાં જવાનું છે.
અહીંના પદસ્થ ધ્યાનમાંથી અનુક્રમે
ટૂંક સમયમાં રૂપાતીતમાં કેવી રીતે જવું તેની તે ચાવી છે.

૦ બુદ્ધિમાન મનુષ્યોનું કામ બીજાઓમાં નહીં, અન્યોમાં
ઈશ્વરનું એકસરખું દર્શન કરવું તે જ છે.
એનું જ નામ દયા, પૂજન, દાન, ભક્તિ, ત્યાગ અને વૈરાગ્ય.
નિષ્કામ કર્મ, અનાસક્તિ યોગ અને
બ્રાહ્મીસ્થિતિનું ભાન પણ એ જ છે તથા
સ્થિતપ્રજ્ઞતાની પહેલી અને છેલ્લી શરત પણ એ જ છે.
માનુષ્યં તનુમાશ્રિતમ્ | મનુષ્યની કાયામાં વસેલા દેવને
પ્રીછ્યા વિના કે પૂજ્યા વિના કોઈ શંખ કે શાલિગ્રામ,
દેવ કે દેવાની પૂજા આપણને કોઈ શક્તિ ન આપે.
એમ માનવું એ જડતા છે કે:
'આપણે ભલા મનુષ્યો ઉપર આધિપત્ય ભોગવશો,

તેમને આપણા તાબેદાર બનાવશે,
તેમને પાછળ રાખીને ધન, વૈભવ અને પ્રતિષ્ઠાની પ્રાપ્તિની દોડાદોડમાં આપણે આગળ નિકળી જઈશે.
મનુષ્ય પોતાને ઈશ્વરનું સર્જન, સચ્ચિદાનંદનો આવિર્ભાવ માને અને સાથોસાથ અન્ય મનુષ્યોને પોતાના અહંને રીઝવવા માટેનું રમકડું માને, એ જ સ્મૃતિભ્રંશ, બુદ્ધિનાશ અને મહામોટી વિમૂઢતા છે. એવી મૂઢતા ટાળ્યા વિના નિષ્કામકર્મ કે અનાસક્તિ યોગની કેવળ વાતો જ છે.

## મનુષ્યને 'મનુષ્ય' તરીકે જોવાની સુટેવ

માનવ એક તરફ પોતે અને પોતાની સુખ સગવડો અને બીજી તરફ એ સુખ સગવડોની બાંહેધરી આપનાર કોઈ બીજી દૈવશક્તિ, એ બે ઘંટીના પડ વચ્ચે એવો પીસાઈ ગયેલો હોય છે કે પોતાની આસપાસ રહેલા બીજાઓ તરફ મનુષ્યો તરીકે જોવાની પણ તેને ફુરસદ મળતી નથી.

## એક અનન્ય પ્રલોભન

સાધારણ મનુષ્યનું સૃષ્ટિ પ્રત્યે અને બીજા મનુષ્યો તરફનું એક જ અને અનન્ય પ્રલોભન ભરેલું જ હોય છે કે પોતાની સુખ સગવડતાઓમાં ક્યારેય કોઈ બાધા ન આવે. આવા વલણનું એક માત્ર પરિણામ એટલે પરસ્પર વિદ્વેષ,

કાતીલ લડાઈઓ, ઝઘડાના જે ભોગનું તત્ત્વજ્ઞાન, શોષણ,
જડતા અને માનવતાનો હ્રાસ.

'ઈશ્વર બધે જ છે અને માનવમાત્રમાં તે છે'
એ તત્ત્વજ્ઞાન જ્યારે તેને મળે,
ત્યારે જ પરસ્પર પ્રેમ, સદ્ભાવ, સ્નેહ, સહાનુભૂતિ,
કરુણા વગેરે જેવી અનેક દૈવીસંપત્તિઓ દોડી આવશે
ઈશ્વરભક્તિ અને વિશ્વપ્રેમ
પરસ્પર પૂરક બનીને સદ્ગુણોનો વિસ્તાર સાધે છે.

<u>માગસર વદી-૩</u>

'ઈચ્છાની છેલ્લી સિદ્ધિ કેમ પ્રેમમાં છે?'
એ પ્રશ્નને અવકાશ જ નથી.
પ્રેમ પોતે જ તેનો જવાબદાર છે.
એ પોતે જ પોતાનું લક્ષ્ય છે. ત્યાગથી જ પ્રેમ મળી શકશે.
'ત્યાગથી ત્યજેલા વસ્તુથી છુટકારો મેળવીશું'
અથવા 'ત્યાગ દ્વારા જ ત્યજેલા વસ્તુ પુનઃપ્રાપ્તિએ મેળવીશું'
એ બંને વાતમાં મન પૂરી હા ભણતું નથી.
જો એમ કહેતા હો કે 'ત્યાગથી જ પ્રેમ મેળવી શકાશે',
તો મન તેની સામે એક શબ્દ પણ ઉચ્ચારી શકશે નહિ.
પ્રેમ વિના ત્યાગ અને ત્યાગ વિના પ્રેમ શક્ય નથી.
અર્પણ કરવું એ તો એક મહાન શક્તિ છે.

પ્રેમથી જે આપીએ તે જ પ્રભુપ્રીત્યે આપીએ છીએ,
અહીં અર્પણને જ સાર્થક ગણીએ છીએ,
પરન્તુ સાચો પ્રેમ ત્યાગની સાધનાને અંતે જ મળે.
જે મનુષ્ય સદા યે પોતાનું જ જુએ છે,
પોતાના અહંકારનો જ જય થાય તે માટે મથે છે,
તે સ્વાર્થી, માયાવી મનુષ્યના મનમાં પ્રેમનો ઉદય થતો નથી.
ત્યાં પ્રેમનો સૂર્ય સદા યે વાદળાંઓથી ઘેરાયેલો રહે છે.
પ્રેમના બીજા નામ અહૈતુકી કૃપા, નિષ્કારણ કરુણા છે.
પ્રેમસ્વરૂપ પરમાત્મા સાથે લીન થવા
આપણે સંપૂર્ણ સ્વાધીન થવું પડશે.
સ્વાધીન થયા વિના સ્વાધીન સાથે સંબંધ જોડી ન શકાય,
લેણા-દેણા થઈ શકે નહિ.
ત્યાગ સાથે પ્રેમને અત્યંત નિકટનો સંબંધ છે.
પહેલાં ત્રીજું અને પછી બીજું તે નક્કી કરવું મુશ્કેલ છે.
० જાતિ, દેશ, કાળ અને સમયથી અમર્યાદિત
અહિંસા વગેરેનું પાલન તે મહાવ્રતો.
જાતિ-મત્સ્ય વિરમણ, દેશ-જંગલ વિરમણ,
કાળ-અમાવાસ્યા વિરમણ, સમય-અતિથિ વિરમણ
એવું બંધન રાખ્યા વિના
અહિંસા, સત્ય આદિનું પાલન તે જ સાર્વભૌમ વ્રતો.

ॐ શ્રી

## થોડી તાત્ત્વિક વ્યાખ્યાઓ

નિયમ=અવશ્ય કર્તવ્ય, જેના આચરણમાં અપવાદ ન હોય તે.
પ્રભુ પવિત્ર આત્માને પ્રાપ્ત થાય,
પવિત્રતા મૈત્રી આદિ ભાવોથી આવે.
બાહ્યશૌચ જલાદિથી અને આંતરશૌચ મૈત્રી આદિથી થાય.
સંતોષ = ધર્મફળની પ્રાપ્તિમાં પ્રસન્નતા અને
પ્રાપ્ત સાધનોથી વધારેની ઈચ્છાનો અભાવ.
આ પ્રસન્નતા એ જ સાચી સમજણની અવસ્થા છે.
તપ = દ્વન્દ્વોને સહી લેવાં.
સ્વાધ્યાય = આત્માની જાણ થાય એવા
પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ અને ભગવાનના નામનો જપ.
ઈશ્વર પ્રણિધાન = કર્મોનું અને ધર્મફળોનું સમર્પણ.
મન-વચન-કાયાથી થતી ક્રિયાઓનું પ્રભુ ચરણે સમર્પણ.
ધર્મનું કર્તૃત્વ પ્રભુનું,
તેથી ધર્મફળ ભોક્તૃત્વ પણ પ્રભુનું છે એવી સમજણ.
વિતર્ક=કૃતકારિતાનુમોદિત. એના પ્રવર્તક લોભ, ક્રોધ, મોહ.
મૃદુમધ્યાદિ - પ્રતિપક્ષ ભાવન.
હિંસા સામે અહિંસાના ભાવને તીવ્ર બનાવવો પડશે.
વિતર્ક-કુતર્ક-સુતર્ક વચ્ચે જીવન અનંતવિગ્રહરૂપ છે.

શ્રી

વિતર્કોનું ફળ અનંતા દુઃખ અને અશાતા.

સુતર્કોનું ફળ અનંતા સુખ અને શાતા.

સુખના અર્થીએ વિતર્કો, તેના પ્રકાર, તેનું કારણ, તેના ધર્મ, તેનું ફળ અને તેની સમજના અર્થે થઈ વિતર્કોથી નિવૃત્ત થવું તે ઉપાય છે. એનું જ નામ પ્રતિપક્ષ ભાવના.

વિતર્કોને દૂર કરી સુતર્કોને ઉછેરી
તેનું પરિપૂર્ણ ફળ મેળવવું એ ધ્યેય છે.

રોપેલાં ઝાડની કીંમત તેનાં ફળ ઉપર રહે.

યમ-નિયમોની પરિપક્વતા એનું ફળ છે.

અજ્ઞાન સંશય વિપર્યય, રાગ-દ્વેષ, સ્મૃતિભ્રંશ, ધર્મોનાદર, યોગ દુષ્પ્રણિધાન, મદ, વિષય, કષાય, વિકથા અને નિદ્રાદિ પ્રમાદોનું મૂળ શોધીએ તો તે અનાત્મભાવ અથવા તો આત્મભાવનું વિસ્મરણ છે.

સર્વ આત્માઓ આત્મતુલ્ય છે અને નિશ્ચયથી 'સ્વાત્મા પરમાત્મતુલ્ય છે' એ જાતના સમ્યગ્બોધનો અભાવ છે.

સરણં જહ રુવાઓ રોગે કિરિયા વિસમ્મિ મંતોત્તિ |
ઇઇવિ પાવકમ્મા-વક્કમએઓ રુ તત્તેણ |
સરણં ગુરુ ય ઇત્થં કિરિયા ઉ તઓત્તિ કમ્મરોગમ્મિ |
મંતો પુણ સજ્ઝાઓ મોહ વિસ-વિણાસણો પવરો ||

(પરિશિષ્ટ-૪)

## અંકોનું માહાત્મ્ય

(૧) પાંચ પરમેષ્ઠિમાં રજ તીર્થંકરોનું સ્વરૂપ.

(૨) પાંચ વર્ણ: કાળો, નીલો, રાતો, પીળો અને ધોળો.

(૩) પાંચ દિશાઓ: મધ્ય, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર.

(૪) પાંચ અંગન્યાસ: મસ્તક, મુખ, કંઠ, હૃદય અને ચરણ.

(૫) પાંચ તત્ત્વ: પૃથ્વી, આકાશ, તેજ, જલ અને વાયુ.

(૬) ૧૫ તિથિ: નંદા-૧-૬-૧૧, ભદ્રા-૨-૭-૧૨,
જયા-૩-૮-૧૩, રિક્તા-૪-૯-૧૪,
પૂર્ણા-૫-૧૦-૧૫.

(૭) સ્વર: अ आ इ ई उ ऊ ऋ ॠ
ऌ ॡ ए ऐ ओ औ अं अः।

(૮) વર્ગ:
ક ચ ટ ત પ ય શ
ખ છ ઠ થ ફ ર ષ
ગ જ ડ દ બ લ સ
ઘ ઝ ઢ ધ ભ વ હ
ઙ ઞ ણ ન મ ળં ક્ષં

(૯) પુરુષ : મંત્રસિદ્ધિ, સ્ત્રી : વિદ્યાસિદ્ધિ,
નપુંસક : સ્વાધીન સર્વ મંત્રસિદ્ધિ,
રાજપુરુષ : પ્રધાન મંત્રસિદ્ધિ,
બહુ શબ્દવર્ણ : બહુ મંત્રસિદ્ધિ.

श्री

(१०) ग्रह : चंद्र, शुक्र, सूर्य, मंगल, गुरु, बुध, केतु, शनि, राहु.
(११) मास : कार्तिक, मागसर, पोष, महा, फागण, चैत्र, वैशाख, जेठ, अषाड, श्रावण, भादरवो, आसो.
(१२) राशि : मेष, वृषभ, मिथुन, कर्क, सिंह, कन्या, तुला, वृश्चिक, धन, मकर, कुंभ, मीन.
(१३) वार : सोम, मंगल, बुध, गुरु, शुक्र, शनि रवि.
(१४) नक्षत्र : (I) कृतिका, रोहिणी, उत्तरा फाल्गुनी, हस्त, धनिष्ठा, शतभिषक, पूर्वा भाद्रपद.
(II) अश्विनी, भरणी, उत्तराषाढा, श्रवण, उत्तरा भाद्रपद, रेवती.
(III) मघा, पूर्वा फाल्गुनी, ज्येष्ठा, अनुराधा.
(IV) मूल, पूर्वाषाढा, मृगशीर्ष, आर्द्रा, पुनर्वसु.
(V) पुष्य, आश्लेषा, चित्रा, स्वाति, विशाखा.
(१५) रस : आम्ल, मधुर, तिक्त, कटुक, कषाय (लवण).
(१६) फल : शांति - बंदी विमोचन शेयरत्व, वशीकरण = मोहन, स्तंभन, तुष्टि - पुष्टि अथवा लाभ = सर्व भयनुं हरण, पापनुं उच्चाटन अने कर्मनुं मारण ए फल रूपे छे.
(१७) ह्रीँ मां पंचपरमेष्ठि शी रीते ?
वर्तुल, त्रिकोण, लोढाकार, बिंदु सहित कला अने दीर्घकला रीते.

શ્રી

o હૃદય પરિવર્તનની જરૂર ક્યારે લાગે કે
જ્યારે વ્યક્તિના હૃદયમાં કાંઈ દોષ છે, એમ તેને જણાય.
માતા એમ બાળક સાથે ઓતપ્રોત થાય તેમ આપણે
પ્રાણીમાત્ર સાથે ઓતપ્રોત થઈ જઈએ તો કોઈ કામ
અરૂચિકર નહિ થાય. કોઈ મહેનત અપ્રિય નહિ લાગે.

'સવિ જીવ કરૂં શાસનરસી' એ ભાવનામાં
પરોપકાર અને કૃતજ્ઞતા ઉત્કૃષ્ટરૂપે રહેલાં છે.
મોક્ષસુખ પમાડવાની ઇચ્છા પાછળ ઉત્કૃષ્ટ પરોપકારવૃત્તિ
અને બધાંને પમાડવાની ઇચ્છા ઉત્કૃષ્ટ કૃતજ્ઞતામય છે.
સંસારપરિભ્રમણમાં પોતાનો જીવ બધાના ઉપકાર તળે
ધ્યેયરૂપે, જ્ઞેયરૂપે, અભિધેયરૂપે, હેયરૂપે કે ઉપાદેયરૂપે,
કોઈને કોઈ પ્રકારે તથા સચેતન - અચેતન એમ
સર્વ પદાર્થો કોઈને કોઈ પ્રકારના સંબંધરૂપે આવેલો છે.
એ સંબંધ જ તેને સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્ર રૂપ
રત્નત્રયીને પમાડનાર થાય છે.

સમ્યગ્દર્શનનો વિષય સર્વ દ્રવ્ય - અસર્વ પર્યાયો.
સમ્યગ્જ્ઞાનનો વિષય સર્વ દ્રવ્ય - અસર્વ પર્યાયો.
સમ્યક્ચારિત્રનો વિષય અસર્વ દ્રવ્ય - અસર્વ પર્યાયો.
તે સર્વ મળીને રત્નત્રયીનો લાભ થવામાં ઉપકારક થાય છે.

ૐ
શ્રી

તેથી તે બધાં પ્રત્યે કૃતજ્ઞતાભાવ હોવો જોઈએ અને
જો તે કૃતજ્ઞતાભાવ સાચો હોય,
તો ઉપકાર પ્રત્યે પ્રત્યુપકાર કરવાની વૃત્તિ જાગે જ.
એનું નામ જ 'પરોપકારભાવ' છે.
પરને ઉપકાર કરવા માટે થતાં ઉપકાર કરતાં 'પર મારા
ઉપકારી છે, માટે પ્રત્યુપકાર કરવો જોઈએ અન્યથા
કૃતઘ્ની બનું! કૃતઘ્નતારૂપી પાપનું પ્રાયશ્ચિત કરવાને
અર્થે થતું પરોપકારગુણનું પાલન તે જ યથાર્થ પરોપકાર છે.
એ વૃત્તિ વિકાસ થતો પરોપકાર એ પરોપકારાભાસ છે.
પરોપકારને નિર્મળ બનાવનાર કૃતજ્ઞતાભાવ છે
અને કૃતજ્ઞતાને નિર્મળ બનાવનાર પરોપકારભાવ છે.
બંને એકબીજાના પૂરક હોઈ મળીને સદ્‌ગુણરૂપ બને છે.
છુટા પડેલા બંને સદ્‌ગુણાભાસ છે અને બંનેને ઉત્પન્ન
કરવામાં કારણ 'શિવમસ્તુ સર્વજગતઃ ।' એ ભાવ છે.
બધા તીર્થંકરો, ગણધરો, આચાર્યો, ઉપાધ્યાયો અને
સાધુઓ, સમ્યગ્દૃષ્ટિ - દેશવિરતિ અને સર્વવિરતિધર
આત્માઓ એ ભાવને વિકસિત કરીને જ તે પદોને પામે છે.
એ ભાવ જ્યાં સુધી પ્રગટતો નથી, ત્યાં સુધી
મહામોહ, મહાપ્રત્યપરાધ, મહાસ્મૃતિભ્રંશ ચાલુ રહે છે.

શ્રી

અનંત જીવોના સુખની ઉપેક્ષા

એ એક અપેક્ષાએ અનંતાનુબંધી કષાય જ છે.

એ ભાવ આવ્યા વિના નિરાશંસભાવે ધર્મ થતો જ નથી.
નિષ્કામ કર્મ, અનાસક્તિ યોગ, સમત્વ બુદ્ધિ વગેરે
ધર્મના જ પર્યાયવાચક નામો છે.

જૈનદૃષ્ટિએ કર્મબંધના ૫ હેતુઓ

મિથ્યાત્વ - અનાત્મ ભાવ, અવિરતિ - અત્યાગ ભાવ,
પ્રમાદ - અજાગૃત ભાવ, કષાય - અક્ષમા ભાવ,
યોગ - અસ્થિરતા ભાવ.

કર્મબંધનને રોકવાના ૫ ઉપાયો

આત્મભાવ, ત્યાગભાવ, જાગૃતભાવ, ક્ષમાભાવ, સ્થિરભાવ.
તે ભાવવાના ઉપાય તરીકે 'આત્મસમદર્શિત્વ' એ પાયો છે.
'સર્વ જીવો સુખપ્રિય, દુઃખદ્વેષી છે.
પોતાનો અને પારકાનો જીવ પણ તેવો છે,
તેથી સર્વને સુખ થાઓ, સર્વનું દુઃખ ટળો'
એ વિચાર પાયામાં રહેવો જ જોઈએ.
પાયામાં એ વિચાર ધારણ ન કરનારો
અજ્ઞાન, મૂઢ, અવિવેકી, રાજસપ્રકૃતિવાન, તામસપ્રકૃતિવાન
ઇત્યાદિ ધર્મ માટે સર્વથા અનધિકારી છે.

ૐ શ્રી

## રક્ત-દ્વિષ્ટ-મૂઢ અને વ્યુદ્ગ્રાહિત જીવો

ધર્મ પાળવાને અયોગ્ય કહ્યાં છે, તે આ દૃષ્ટિએ યથાર્થ છે. રક્ત = સ્વસુખનો જ રાગી, દ્વિષ્ટ = સ્વદુઃખનો જ દ્વેષી. મૂઢ = સ્વસુખનો જ અર્થી, વ્યુદ્ગ્રાહિત = તેનો આગ્રહી છે. સ્વ સમાન પર પ્રત્યે બુદ્ધિ સ્થાપિત થાય, તો જ તે અરક્ત-અદ્વિષ્ટ-અમૂઢ અને અવ્યુદ્ગ્રાહિત બને અને તો જ તે ધર્મ પાળવાનો સાચો અધિકારી ગણાય, એટલે કે ધર્મમાત્રનો પાયો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે.

o પોતાની જાત આત્માની અનંત શક્તિના હાથમાં સોંપી દેવાને બદલે આત્માને પોતાની જાતની સેવામાં રોકી રાખનારા ભાગ્યશાળીઓને કહેવું શું? ભવોભવને વિષે જ્યાં ત્યાં - જે તે દ્રવ્યોને વેચેલો ભવ પાછો ન લઈ લેવાય, ત્યાં સુધી જીવન આખું સ્વત્વમયતા પામી ન શકે.

સવ્વભૂઅપ્પભૂઅસ્સ સમ્મં ભૂઆઇં પાસઓ ।<br>
પિહિઆસવસ્સ દંતસ્સ પાવં કમ્મં ન બંધઇ ॥

- દશ૦ ૪-ગા-૯

અર્થ : 'સર્વ જીવો આત્મ સમાન છે.' આ પ્રમાણે જીવોને સમ્યગ્ રીતે જોતો, આશ્રવોને રોકતો અને ઇંદ્રિયોનું દમન કરનારો પાપકર્મને બાંધતો નથી.

પ્રતિજ્ઞાનો ભંગ કાર્ય પ્રત્યે અનાદરનો કે પોતાની નિઃસત્ત્વતાનો સૂચક છે. દૃઢ સંકલ્પ વિના સાધનાની સિદ્ધિ થતી નથી. સંકલ્પનું બળ પ્રતિજ્ઞાથી સહજ પ્રગટે છે.

'ણાણ તિહિં ગુત્તો'

લબ્ધિ આત્મજ્ઞાની ઋદ્ધિ ગર્ભિત ગુપ્ત રહે.

'આત્મજ્ઞાની' તે કહેવાય કે જે સર્વમાં રહેલા આત્માને પોતાના આત્મા સમાન માને અને સર્વને પોતાના સમાન માન્યા તો ગણાય કે જો તે ઋદ્ધિ ગર્ભિત સદા ગુપ્ત રહે.

I am made in the image of God.
Therefore, the peace that is God's
nature must likewise be (in)
at the heart & centre of my being.
Be still Soul & know that I am God.
God, I become still in thy presence.
I feel now the infinite stillness. Even
though the storm rages without, I feel
thy peace within. I am quiet, relaxed
and passive in thy unruffled peace.

શ્રી

## ૨૦ વિચારકણિકાઓ

(૧) હરિ ઇચ્છા = સર્વનાં સંપૂર્ણ દુઃખોને હરવાની ઇચ્છા.
સંતાનના દુઃખ દૂર કરવાની
તીવ્ર અભિલાષાથી માતાનું રુધિર દૂધરૂપ બની જાય છે.

(૨) વાત્સલ્ય = વિશ્વના રક્ષણની ઉત્કટ અભીપ્સા.
એ અભીપ્સા જ વાત્સલ્યનો ક્ષીરસમુદ્ર છે.

(૩) અજ્ઞાત શક્તિઓના કાર્યને જ અવક્તવ્ય
અથવા અસ્તિ અવક્તવ્ય નયથી કહી શકાય.
'એ કાર્ય આ પ્રકારે થઈ રહ્યું છે' એમ કહી શકાતું નથી.

(૪) સૃષ્ટિના નિયંત્રિત રૂપથી ચાલવાની ક્રિયાને કહેનાર
શબ્દો જુદા જુદા નામથી ઓળખાય છે, જેમ કે:
યદૃચ્છા, ઈશ્વર, અદૃષ્ટ, નિયતિ, ધર્મ, ભાગ્ય અને માયા.
જગતના મૂળમાં ભિન્ન ભિન્ન દર્શનકારોએ ભિન્ન ભિન્ન
નામની વસ્તુઓ માનેલી છે, જેમ કે: અજ્ઞાત, પ્રકૃતિ,
શક્તિ, કર્મ-પ્રવાહ, પ્રધાન, ભગવાન, મિથ્યાત્વ, સત્કાર્ય,
સ્ફૂર્તિ, વિલાસ, વિવર્ત, લીલા, શૂન્યતા, વિજ્ઞાન, સ્વભાવ.

(૫) તીર્થંકર પ્રભુની ભદ્રંકર ભાવના જ સૃષ્ટિની મર્યાદાનું
મૂળ છે. 'ભાવનાથી તીર્થંકર અને તીર્થંકરથી ભાવના' એ
રીતે ચક્ર ચાલ્યા કરે છે. તીર્થંકર - ૨૪, ચક્રવર્તી - ૧૨,

વાસુદેવ, બળદેવ - ૯ નિયત પરિણામમાં જ હોય છે,
તેની પાછળ સ્વભાવ કે નિયતિ શું નિયત કરતી નથી?

(૬) દ્રવ્ય-ક્ષેત્ર-કાળને પણ આપણે
ભાવનાં આધાર ઉપર જ સ્વીકારીએ છીએ.
આખું અસ્તિત્વભાવ ઉપર જ ટક્યું છે. 'ભાવ'થી વિપરીત
'અભાવ' જેટલું excistence છે, તે ભાવરૂપ છે.

નાऽસતો વિદ્યતે ભાવો નાऽભાવો વિદ્યતે સતઃ ।
ઉભયો રપિ દૃષ્ટાંતસ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ ॥

(પરિશિષ્ટ-૫)

(૭) ૨૦ ધર્મ પણ સૌને ધારણ કરે છે. 'ધારણાદ્ધર્મ ઇત્યાહુઃ ।'
ફરી ફરીને બધા જ દાર્શનિકોને 'સ્વભાવસ્તુ પ્રવર્તતે ।'
એટલે કે વસ્તુ-સ્વભાવ-ધર્મ ઉપર જ આવવું પડે છે.
નિરાધાર પૃથ્વી પણ પ્રભુની ભાવનાનાં આધાર ઉપર છે,
છતાં તેમાં અપ્રમાણિક અનંત પદાર્થોની કલ્પના નથી.

(૮) કૃતજ્ઞતાભાવનો વિકાસ થયા વિના ધર્મની શરૂઆત
પણ થઈ શકતી નથી, તેથી તે ભાવનો વિકાસ કરવા માટે
સતતાભ્યાસરૂપી માતા-પિતાની પૂજા અને
વિષયાભ્યાસરૂપી દેવ-ગુરુની ભક્તિ વિહિત થયેલ છે.
ભાવાભ્યાસ એ સર્વ જીવો સાથે આત્મતુલ્ય ભાવનાં
મૂળ રૂપે થતી રત્નત્રયીનો અભ્યાસ છે.

આત્મકલ્યાણમાં વિશ્વને જોવું, જાણવું અને વર્તવું
તે જ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયી છે અને
તેનો અભ્યાસ એ જ ભાવાભ્યાસ છે.
એ અભ્યાસ સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય અને
તેના ફલસ્વરૂપ ઉપશમભાવનો અભ્યાસ છે.
ધર્મ જિજ્ઞાસાનો પ્રતિબંધક દ્વેષભાવ છે,
સર્વ જીવો પ્રત્યેનો ઉપેક્ષાભાવ છે.
તેને શમાવનાર અનુકંપા
માતા-પિતા અને દેવ-ગુરૂની ભક્તિનો અભ્યાસ છે.
પછી તેમાંથી વધુ વ્યાપક ભક્તિનો વિષય સર્વ જીવો છે.
સર્વ જીવો પ્રત્યેનો ઉપેક્ષાભાવ એ જીવના અકલ્યાણનું -
અનંત સંસાર પરિભ્રમણનું મૂળ છે અને
આદરભાવ એ કલ્યાણનું-પરિત્ત સંસારીપણાનું મૂળ છે.
સકલ સત્પ્રવૃત્તિરૂપ, અમૃતક્રિયાના સ્વાત્મપરિણામનું
બીજું નામ જ 'ધર્મ' છે. એ ધર્મની જિજ્ઞાસાનો પ્રતિબંધક
દેવ-ગુરૂ અને માતા-પિતા પ્રત્યેનો ઉપેક્ષાભાવ છે,
તેમ તેને પ્રથમ ટાળી પછી જ વ્યાપક ભક્તિભાવ, સર્વજીવ
પ્રત્યે હિતરૂપ અમૃત પરિણામ ઉત્પન્ન થાય છે અને
તે અજરામર પદની પ્રાપ્તિનું કારણ થાય છે.

ॐ શ્રી

(૯) દેહ કરતાં આત્માનું મૂલ્ય વધારે છે.
ભોજન અને વસ્ત્રાભૂષણ કરતાં દેહનું,
ધન કરતાં ભોજન - વસ્ત્રાભૂષણનું,
વિષયભોગ કરતાં ધનનું અને
ધન કરતાં ધંધાનું મૂલ્ય વધારે છે.
પહેલાં આત્મા, પછી શરીર, વસ્ત્ર, અન્ન, ધન અને
વિષયોપભોગ અહીં ઉત્તરોત્તર ઉતરતા મૂલ્યવાળાં છે,
છતાં અજ્ઞાનીને એ વધુ ને વધુ મૂલ્યવાન લાગે છે, તેથી
પહેલી જરૂર આત્મજ્ઞાન થવાની છે.
'એકો જ આત્મા સર્વમાં છે અને તે પરમાત્મરૂપ છે'
એ રીતે આત્મજ્ઞાન જાગ્યા પછી થતી
પરમાત્મભક્તિ સર્વરૂપ - સ્વરૂપ સહિતની હોવાથી
અનંત ફળને આપે છે.
એ ભક્તિનું પરિણામ મુક્તિ અને મુક્તિ ન મળે ત્યાં સુધી
બાકી સર્વ સુખોને આપવા સમર્થ છે.
સંસારનાં સર્વ સુખ આત્માનો પડછાયો છે અને
આત્મા એ પરમાત્માનો પડછાયો છે, તેથી
'પરમાત્મતત્ત્વ જ ધ્યેય, ઉપાસ્ય, સેવ્ય અને શરણ્ય છે'
એવો નિર્ણય સર્વ તત્ત્વજ્ઞાની પુરુષોનો થયેલો છે.

(૧૦) જે વડે અસાધારણ કે દુઃખરૂપ જીવનને વટાવવા
જવાય એવી કોઈ યોજના, સંસ્થા કે શક્તિનું નામ 'તીર્થ'.

'તૃ' ધાતુ ઉપરથી 'તીર્થ' શબ્દ બનેલો છે.

'તૃ' એટલે ઓળંગી જવું, વટાવી જવું.

એ શક્તિ જેના વડે પ્રકટે કે એવી યોજના જેનાથી ઘડાય કે
એવું સંઘટન જેનાથી થવા પામે, તે તીર્થના કરનાર 'તીર્થંકર'.

તીર્થંકર તે પુરુષ છે, જે મનુષ્યજાતિમાં
અસાધારણ અને દુઃખરૂપ જીવનને વટાવી શકવાનું
પરિણામ ઉપજાવતી યોજના ઘડી શકવાની તથા
એવું સંગઠન કરી શકવાની શક્તિ પ્રકટાવી શકે.

એ યોજના કે એણે ઉપજાવેલી શક્તિને 'ધર્મ' પણ કહેવાય.
ધર્મ એ કોઈ કર્મના માત્ર નહિ, પણ જીવવાના સઘળા
પ્રશ્નો સાથે સંબંધ ધરાવતી સુવ્યવસ્થિત યોજના છે
અને તે સાથે જ એક શક્તિ પણ છે.

તીર્થંકર = Supreme artist, મહાન કલાકાર.
તોડવાની, જોડવાની અને તત્ત્વને જાળવી રાખવાની
કારીગરી કરનાર બ્રહ્મા, વિષ્ણુ, મહેશ.

તત્ત્વ કે સત્ય પોતે કાંઈ બદલાતું નહિ.
કાલ પણ ઉપર હતું, તેવું જ આજે છે,

V. Imp.

લાખ વર્ષ પછી પણ તેવું જ રહેશે,
પરન્તુ સત્યને બોલવાનું કામ જે આંખથી થાય છે,
સમજવાનું કામ જે મગજથી થાય છે,
સ્પર્શનું કામ જે અંતઃકરણથી થાય છે,
તે બધાં અંગો અને અવયવોનું સ્વરૂપ
કાંઈ હંમેશા એકસરખું રહેતું નથી.
લાખ વર્ષ ઉપરનાં મનુષ્યનાં તે અંગો
આજના મનુષ્યનાં તે અંગોથી જુદી જાતનાં હતાં અને
તેથી તે વખતના બોલનારા, સમજનારા, સાક્ષાત્કાર કરનારા
પુરુષોએ સત્યનું જે વર્ણન આપ્યું, તે વર્ણન વડે
આજની દુનિયા સત્યને કેવી રીતે ઓળખી શકે?
આજના માનસને પરિચિત ભાષામાં સત્યનું સ્વરૂપ
વર્ણવાય, તો જ સમજવું શક્ય થાય.
તત્ત્વને અનુરૂપ આકાર આપનાર પુરુષોની યુગે યુગે જરૂર પડે.
હૃદયના વિકાસ વગર, આશયની વિશાળતા વગર
અને બુદ્ધિની સૂક્ષ્મતા વગર જૈનત્વ કે જૈનધર્મ નથી.
જ્ઞાન ઉપર જ્યારે ત્યાગ અને ક્રિયાશક્તિની જે માત્રા
ચઢે, ત્યારે જૈન બને. કૃતજ્ઞતા - પરોપકારની જે માત્રા
વધ્યા વિના જૈનપણું સંભવે નહિ.

જૈનત્વ એટલે વિજિગીષા.
Will to power - Will to conquer એ જૈનત્વ.
ગરૂડ એ બુદ્ધિ. સિંહ એ શક્તિ.
જૈનમાં આખી દુનિયાને લલકારવા જેટલી
જ્ઞાનશક્તિ હોવી જોઈએ.
જગતમાં જે જાતિનાં ધોરણો valuations પ્રચલિત હોય,
તેને તે પોતાની તીક્ષ્ણ આંખો અને બુદ્ધિ વડે વીંધી,
દરેકનું પૃથક્કરણ કરી, એમની ખરી કીંમત
અને એમનામાં રહેલા દોષોને શોધી શકે છે.
ખરો જૈન નવાં ધોરણો, નવાં મૂલ્યો, નવી ફીલસુફીઓ
અને નવા સમાજ બંધારણો ઉત્પન્ન કરી શકે છે.
મન કે જે મનુષ્યને વારસામાં મળેલી ભાવનાઓ,
સમાજમાંથી મળેલી ભાવનાઓ અને કૌટુંબિક આકર્ષણોથી
ઉત્પન્ન થતી ભાવનાઓ આદિનું સંગ્રહસ્થાન છે,
તેની તાબેદારી સ્વીકારવાની તે ના કહે છે.
દરેક ચીજની કીંમત પોતાના ઉચ્ચ, વિકસિત અને
સ્વતંત્ર ધોરણોથી આંકીને સારી તેમ જ નરસી કહેવાતી
દરેક ચીજમાં કયે ખૂણે અને કેવા રૂપમાં
પ્રૌઢતા, સત્ત્વ કે શક્તિ રહેલાં છે, તે જોવા-શોધવા પાછળ
તે પોતાની સઘળી શક્તિઓ ખર્ચે છે.

પ્રકૃતિ પામેલો આર્ય તેનું નામ આર્હત.
જૈનધર્મનું તત્ત્વ મનોવૃત્તિઓ અને ઇંદ્રિયોને જીતવામાં છે.
બ્રાહ્મણધર્મનું તત્ત્વ વિશ્વની વિશાળતા આત્મામાં ઉતારવાનું છે.
ઇંદ્રિયો અને મનોવૃત્તિઓને જીત્યા વિના આત્મામાં
વિશાળતા કેવી રીતે આવે અને વિશાળતા આવ્યા
વિના ઇંદ્રિયો અને મનોવૃત્તિઓ જીતાય કેવી રીતે?
બ્રહ્મ અથવા આત્મસ્વરૂપને જાણે તે બ્રાહ્મણ.
તે વિજેતા જૈન હોય જ.
'સૌને શાસનરસિક, મોક્ષરસિક, અહિંસારસિક બનાવું'
એ ભાવના તીર્થંકરોની છે. હિંસાનું મુખ્ય કારણ મોહ છે.
o ઓજ આહાર અપર્યાપ્ત અવસ્થામાં હોય છે
અને તે તૈજસ તથા કાર્મણ શરીર દ્વારા ગ્રહણ થાય છે.
લોમ આહાર શરીર બંધાયા પછી હોય છે
અને તે રોમરાજી વડે ગ્રહણ થાય છે.
ઓજાહાર, લોમાહાર દેવ, નારકી, સ્થાવરોને ખાસ હોય છે.
કવલ આહાર મુખ દ્વારા ગ્રહણ થાય છે.
એ ત્રણે આહાર
વિકલેન્દ્રિય, તિર્યંચ, પંચેન્દ્રિય અને મનુષ્યને હોય છે.
આહારની સામગ્રી મળવામાં પુણ્યકર્મનો ઉદય છે, પણ

શ્રી

આહારની અભિલાષા થવામાં પાપકર્મનો ઉદય છે.
'ક્ષુધા' નામના અશાતા વેદનીય કર્મનો ઉદય થાય છે,
માટે આહાર કરવો પડે છે.
અશાતા વેદનીયના ઉદયને શમાવવા
મુનિઓ પણ આહાર માટે ગોચરી અર્થે બહાર જાય છે.
અપ્રમત્ત સાધુને
આવશ્યકાદિ ક્રિયાઓ વિસ્મયરહિત અસંગ ક્રિયારૂપ છે,
પણ પ્રમત્ત સાધુની જેમ
વીતરાગ વચન પ્રતિબંધન સંકલ્પપૂર્વક હોતી નથી.

૦ ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.
પરનિંદા એ પ્રબળ પાપ છે.
નિંદક એ સંસારનો પ્રવર્તક છે.

૦ ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ
એ બંને સમાન દુઃખદાયક છે.
'સમસ્વભાવનું મળવું' એને જ્ઞાનીઓ 'અદ્વૈત' કહે છે.
ઇંદ્રિયો તમને જીતે અને તમે સુખ માનો,
તે કરતાં તમે તેને જીતવાથી જ સુખ-આનંદ માનો,
તો પરમપદની પ્રાપ્તિ થાય.
રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.

શ્રી

० આહાર, શરીર અને ઉપધિ, પચખું પાપ અઢાર;
મરણ થાય તો વોસિરે, જીવું તો આગાર.

અનંત જ્ઞાન = અનંત જીવ વિષયક આત્મરૂપે જ્ઞાન.
અનંત દર્શન = અનંત જીવ વિષયક આત્મરૂપે દર્શન.
અનંત ચારિત્ર = અનંત જીવ વિષયક આત્મરૂપે વર્તન.
અનંત વીર્ય = અનંત જીવ વિષયક આત્મરૂપે આનંદોલ્લાસ.

અનંત જીવ વિષયક અભેદજ્ઞાન થયા સિવાય ભેદબુદ્ધિ-જન્ય મોહ, અજ્ઞાન, સ્વાર્થ, ઘાતિકર્મના બંધન તૂટે નહિ.

પોતાની વૃત્તિ પરમેશ્વરની સાથે જોડવાનો અર્થ એ છે કે ઈશ્વરની સાથે અભેદભાવ ન થાય અને દર્શનને માટે આપણા મનમાં પ્રેમ પેદા થાય. આ તેનો ઓછામાં ઓછો અર્થ છે. નામસ્મરણનો અધિક અર્થ એવો થાય છે કે ચિત્તમાં નિરંતર પરમેશ્વરનું સ્મરણ કરવું અને જે મળે તેને પરમેશ્વરનો પ્રતિનિધિ સમજવો.

આ સંદર્ભે કરવાનો 'ધ્યાનયોગ' છે.

જ્યારે માળા લઈને જાપ કરવો એ સ્થૂલક્રિયા છે.

જેનું નામ લીધું કે તરત જ એનું તેવું રૂપ ખડું થઈ જાય એવું થવું જોઈએ. 'મા' કહેતાંની સાથે માનું પૂરું ચિત્ર સામે ખડું થાય છે,

તે જ રીતે પરમાત્માનું નામ લેતાવેંત જ
એનું પૂરું ચિત્ર નજર સામે ખડું થવું જોઈએ.
સૌના નેત્રે જોઉં, સૌના કાને સાંભળું,
સૌમાં તારું રૂપ નિહાળું, સૌને મારગે ચાલું.
આ વિચારને અપનાવવાથી જ નિરંતરની જાગૃતિ આવે.
આપણી દરેક કૃતિ ભગવાનની સાથે જોડવી જોઈએ
અર્થાત્ કે ભગવાનની ઈચ્છારૂપ બનવી જોઈએ.
વિજ્ઞાન ઘણા બધા બાબતોમાં ધર્મ અને રાજનીતિથી
વિરુદ્ધ જાય છે, પણ આધ્યાત્મિકતાથી વિરુદ્ધ જતું નથી.
'વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ ।' એનું સમત્વ.
વિજ્ઞાનને લીધે માનવની
Collective Consciousness કે સામૂહિક બુદ્ધિ,
One Consciousness કે સહાનુભૂતિનું વાતાવરણ અને
સજ્જનતા સમૂહ રૂપે પ્રગટ થવાના દિવસો આવી રહ્યા છે.
દુર્જનતા હંમેશા સમૂહ રૂપે પ્રગટ થાય છે,
પણ જે સજ્જનતા વ્યક્તિગત રૂપે રહેલ છે,
તે હવે સમૂહરૂપે પ્રગટવાની સામગ્રી ગોઠવાય છે,
તેથી દુર્જનતાનું પ્રગટ થવું મુશ્કેલ બનશે.
જેના જીવનમાં સજ્જનતા હશે, તેની વાણીમાં જોર આવશે.

શ્રી

હવે આધ્યાત્મિકતા, આનુષંગિક સમાધિ અને
આનુષંગિક બ્રહ્મજિજ્ઞાસા માટે લોકમાનસ તૈયાર થવું છે.

પોતાની વસ્તુ પારકાની બનાવે તે સંત.

પારકાની વસ્તુ પોતાની કરે તે દુષ્ટ.

0 સચ્ચે આત્મજ્ઞાન બિન, દુઃખ નહીં કભી મિટાય;
કોટી યત્ન કરતે રહો, તબ 'જ્ઞાન દીપ' ન જાય. – તુલસીદાસ

0 જ્ઞાન – આત્મતત્ત્વ સર્વ જાણવું.

ક્રિયા – આત્મતત્ત્વ પરભાવ પ્રત્યેની.

જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ ભળે ત્યારે જન જૈન બને.

0 સૂર્યમાંથી એક અગ્નિનો ગોળો છુટો પડ્યો તે પૃથ્વી છે.

(૧) સૂર્ય એટલે આત્મા.

(૨) અગ્નિનો ગોળો એટલે આપણા અધ્યવસાયો.

(3) તે ઠરી ગયો એટલે શરીરરૂપી પૃથ્વી રૂપે.

પૃથ્વી ખોદતાં અંદરથી ગરમી નીકળે, તેમ શરીરને સંયમ
અને તપની કોદાળીથી ખોદતાં અંદરથી ચૈતન્ય પ્રગટીને
અધ્યવસાયની વિશુદ્ધિ પેદા થાય છે.

0 પાયાના 3 ગ્રન્થો

શ્રાદ્ધવિધિ, ધર્મબિન્દુ, તત્ત્વાર્થસૂત્ર.

પરલોકદૃષ્ટિ અને પરમાર્થવૃત્તિ બે ઉપર ધર્મનો પાયો છે.

૦ વિશ્વમૈત્રી અને વિશ્વકલ્યાણની ભાવના સાથેની નમસ્કાર મહામંત્રની આરાધનામાં ઐહિક - પારલૌકિક ઉભય વિઘ્નો અને અંતરાયો દૂર કરવાનું સામર્થ્ય છે.

<u>નમસ્કાર મંત્રની આરાધનાને અસરકારક સફળ બનાવવા માટે</u>

<u>કયું તત્ત્વ ખાસ જરૂરી છે? શુભ ભાવના.</u>

જગતના સર્વ જીવો સુખી થાઓ. વિશ્વના પ્રાણીઓને સદ્બુદ્ધિ મળો. સર્વ દુઃખમાત્રથી મુક્ત થાઓ. પાપરહિત બનો. મોક્ષસુખ પામો. કોઈ દુશ્મન, વિરોધી કે દુઃખદાતા હોય, તેને પણ આ ભાવનામાંથી બાદ નહિ કરવાના, બલ્કે એમના માટે વિશેષ પ્રકારે આ ભાવના ભાવવાની.

<u>વહેલી પ્રભાતે આ ભાવના કરવાથી</u>

<u>એની ચમત્કારિક શુભ અસર દેખાય છે.</u>

'જગતના જીવમાત્ર મારા મિત્ર છે, મારા બંધુ છે' એ ભાવના વાસ્તવિક તો જ બને કે એ જીવો પ્રત્યે આપણા હૈયામાંથી આપણા ઉપકારી મિત્ર માફક સ્નેહ ઉભરાય.

એને આરોગ્ય, સદ્બુદ્ધિ, દુઃખનાશ, પાપમુક્તિ, અનંત કલ્યાણ અને મોક્ષસુખ પ્રાપ્ત થાય એવી શુભેચ્છા તથા મંગળ કામનાનાં તરંગો આપણામાં આંદોલિત રહ્યા કરે. વિષયવૈરાગ્ય, ઇંદ્રિયદમન, કષાયોનો ઉપશમ, ક્ષુદ્રતાનો

ત્યાગ વગેરે તત્ત્વોની જરૂર તો છે જ, પરંતુ એ બધા
કરતાં આ ભાવના પહેલે તબક્કે આત્મસાત્ કરી શકાય
તેવા સ્વરૂપ છે અને અદ્ભુત સામર્થ્યસંપન્ન છે.
આ ભાવના કરવાથી સૌનું હૃદય પવિત્ર બને છે અને
પછી વિચારો ઉપર અંકુશ આવી જાય છે.
વળી પરમપવિત્ર પંચ પરમેષ્ઠિ ભગવંતો મહાપ્રીતિભર્યું
સ્થાન આપણા સૌના હૃદયમાં પામી શકે છે.

૦ સત્યને દર્શાવવા માટે સ્યાદ્વાદની અગત્ય છે.
સત્યને સમજવા માટે પણ સ્યાદ્વાદની અગત્ય છે.
સ્યાદ્વાદ એ ભાષાને નહિ પણ ભાવને પકડવાની અને
ભાવને પ્રદર્શિત કરવાની કળા છે.
સ્યાદ્વાદ વિના ભાષા પકડાશે પણ ભાવ નહિ પકડાય.
જે નવકારને જાણે છે, તે સ્યાદ્વાદને જાણે છે.
જે નવકારને જાણે છે, તે સ્યાદ્વાદને અવશ્ય જાણશે.
સમસ્ત શ્રુતજ્ઞાન આ નવકારમાં છે. ૭ નય અને ૪
નિક્ષેપ, ૭ ભંગ અને ૪ અનુયોગ નવકારમાં રહેલા છે.
જ્ઞાનની અપેક્ષાએ ક્રિયાનું મહત્ત્વ વધારે છે.
Scienceની અપેક્ષાએ Artનું મહત્ત્વ વધારે છે.
સમજણની અપેક્ષાએ આરાધનાનું મહત્ત્વ વધારે છે.

## <u>શાસ્ત્રની પરીક્ષા</u>

વિધિનિષેધ રૂપી કષ, તદનુકૂલ ચર્યારૂપી તાપ,
સિદ્ધાંતવાદ રૂપી છેદ અથવા શ્રુત, શીલ, તપ અને દયા.

યથા चतुर्भिः कनकं परीक्ष्यते
निघर्षणच्छेदनतापताडनैः ।
तथैव धर्मो विदुषा परीक्ष्यते
श्रुतेन शीलेन तपोदयागुणैः ॥ (પરિશિષ્ટ-૬)

જ્યાં સુધી મનુષ્ય બુદ્ધિવાદમાંથી અધ્યાત્મવાદમાં નહિ આવે,
બુદ્ધિ અને હૃદયનું પરિવર્તન નહિ કરે,
સહિષ્ણુતા અને પ્રેમભાવ નહિ કેળવે,
જગતમાં રહેલાં સારાં તત્ત્વોની અનુમોદના નહિ કરે
અને ખરાબ તત્ત્વો પ્રત્યે સહિષ્ણુતા વૃત્તિ નહિ દાખવે,
ટૂંકમાં વિશ્વબંધુત્વની ભાવના નહિ ખીલવે,
ત્યાં સુધી તે મુક્તિને પામી શકવાનો નથી.
નાની મહત્ત્વાકાંક્ષાઓ, ખાનગી પસંદગીઓ, અહંકાર, અભિમાન
કે મોટાઈનો ત્યાગ કર્યા વિના ધર્મનિષ્ઠા નહિ જાગે.
ધર્મની કસોટી એકમાત્ર વિશ્વપ્રેમ છે.

: <u>મેક્સિકન પ્રા - એડ્ - માર્ટીન્સને ઉત્તર</u> :

વિશ્વહિત પ્રત્યે વિજ્ઞાનનો ફાળો કેટલો છે અને

ધર્મનો ફાળો કેટલો છે, તે વિચારવાદી વિજ્ઞાનની અપેક્ષાએ
ધર્મની શ્રેષ્ઠતા નજર સમક્ષ તરી આવશે.

'નાસદાસીન્નો સદાસીત્તદાનીં ।'

**અર્થાત્:**

એ કાળમાં સત્ પણ નહોતું અને અસત્ પણ નહોતું.
એ રીતે બ્રહ્મનું વર્ણન ઋગ્વેદમાં છે.

o **બુદ્ધિ** ભેદ કરે, પૃથક્કરણ કરે,
સદસદ્ વિભાગ કરે, વિવેક કરે, વિશેષ ગ્રહે.

**હૃદય** કે **ચિત્ત** સત્ ગ્રહણ કરે, અસત્ ત્યાગ કરે, અભેદ કરે,
પ્રેમ કરે, સામાન્યનું ગ્રહણ કરે, સમાન ધર્મને આગળ કરે.

**બુદ્ધિ અને હૃદય ઉભય મળીને વિવેકપૂર્વક પ્રેમ
અને પ્રેમપૂર્વક વિવેક કરે ત્યારે કાર્યની સિદ્ધિ થાય.**

બુદ્ધિ વિશેષ ધર્મને આગળ કરે, તેથી વિવેક થાય.
હૃદય સામાન્ય ધર્મને આગળ કરે, તેથી પ્રેમ થાય.

**વસ્તુ ઉભય ધર્મવાળી છે, તેથી તેને ગ્રહણ કરવા માટે
ચિત્ત અને બુદ્ધિ ઉભયની જરૂર છે.**

**બુદ્ધિના વિષયો એવંભૂતનયના છે.**
**હૃદયના વિષયો સંગ્રહનયના છે.**

**એક સર્વને છુટા પાડે છે, બીજો સર્વનો સંગ્રહ કરે છે.**

શ્રી

'સર્વ જુદા છે' એ વાત પણ સત્ય છે.
'સર્વ સમાન છે' એ વાત પણ સત્ય છે.
જે અંશમાં એકતા છે, તે અંશમાં એકતા ગ્રહવી જોઈએ.
જે અંશમાં પૃથક્તા છે, એ અંશમાં તે ગ્રહણ થવી જોઈએ.
ઉભય અંશનું ગ્રહણ થાય,
ત્યારે વિવેકપૂર્વક પ્રેમ અને પ્રેમપૂર્વક વિવેક થાય છે.
એનું જ નામ સ્યાદ્વાદ, અપેક્ષાવાદ, પ્રેમવાદ, વિવેકવાદ.
એકલો વિવેક કે એકલો પ્રેમ નિરર્થક છે.
પ્રેમપૂર્વક વિવેક અને વિવેકપૂર્વક પ્રેમ એ સાર્થક છે.
'સર્વ જીવો આત્મભૂત છે અને આત્મા સર્વ જીવોથી પૃથક્ છે'
એ રીતે ઉભય પ્રકારનું જ્ઞાન એકત્ર મળે,
ત્યારે સર્વ જીવો સાથે નિષ્કામ પ્રેમ થઈ શકે.
પ્રેમ થવા છતાં અલિપ્તપણું ટકી રહે.
નિર્લિપ્તપણું રહેવા છતાં પ્રેમભાવ ટકી રહે.
પ્રેમભાવને ટકાવનાર અભેદનો વિચાર છે.
અલિપ્તભાવને ટકાવનાર ભેદનો વિચાર છે.
એક બુદ્ધિનો વિષય - બીજો હૃદયનો વિષય છે.
એકથી દિલ સંધાય છે, બીજાથી દિમાગ વશમાં રહે છે.
એક દૈન્યનો નાશ કરે છે, બીજો ગર્વનો નાશ કરે છે.

દુઃખમાં દીનતા ને સુખમાં વિસ્મયતા રાખવી.
અભેદ-ભેદનું યથાર્થ જ્ઞાન થયે જ અહંકારિતા જાય છે.
બુદ્ધિ ભેદને પકડે છે.
હૃદય અભેદને પકડે છે.
બુદ્ધિ Paternal instinct પોષે છે.
હૃદય maternal instinct પોષે છે.
બંને વૃત્તિઓ સાથે મળે,
ત્યારે જ્ઞાનપૂર્વક ક્રિયા અને ક્રિયાપૂર્વક જ્ઞાન થાય છે.
સમાન ધર્મને જોવાથી આનંદ થાય છે.
વિશિષ્ટ ધર્મને જોવાથી પ્રકાશ થાય છે.
આનંદ પ્રકાશથી અને પ્રકાશ આનંદથી વ્યાપ્ત હોવો ઘટે.
એકલો પ્રકાશ લુખ્ખો છે, એકલો આનંદ આંધળો છે.
રૂક્ષતાના નિવારણ માટે જેટલી જરૂર આનંદની છે,
તેટલી જ જરૂર અંધતા નિવારણ કરવા માટે પ્રકાશની છે.
Light & bliss make the man perfect.
મન વડે અવગ્રહ અને ઈહા થાય છે,
બુદ્ધિ વડે અપાય, ચિત્ત વડે ધારણા,
અહંકાર વડે સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન
અને આગમ આદિ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

ઘેલછા એ મુખ્ય છે. એનું જ બીજું નામ 'પ્રેમ' છે.
દ્વેષ, તિરસ્કાર વિગેરે પ્રેમનાં જ સંતાન છે.
જો કોઈ સ્થળે પ્રેમ ન બંધાય, તો તત્પ્રતિપક્ષી ઉપર
દ્વેષ, તિરસ્કારનો સંભવ જ ક્યાંથી રહે?

જેણે એ બધાં દોષોથી બચવું હોય,
તેણે સદ્-અસદ્માંથી અવગ્રહ, ઈહા અને અપાય તે જ
વસ્તુનો કરવો કે જેના વડે સકલ વિશ્વબંધુ અને
તદ્ધિતકર તીર્થંકર પરમાત્મા પ્રત્યે ઘેલછા બંધાય.
'જે જેનું ધ્યાન ધરે, તેનામાં તેનો ભાવ, સ્વભાવરૂપ બનતો
જાય' એ આધ્યાત્મિક વિજ્ઞાનનો શાશ્વત સિદ્ધાંત છે.

'ધ્યાન' એટલે સ્વ-સમગ્રતાનું શિરોબિન્દુ.
'સમગ્રતા' એટલે સંકલ્પ, ભાવ,
વિચાર અને ઉચ્ચારમય જીવનનો સરવાળો.
જેની જેવી સમગ્રતા હોય, તેવું ધ્યાન તે ધરી શકે.
આજે આપણા ધ્યાનમાં જે ઝાંખ છે, તે નદી તટના
બગલાની દશામાં આપણને મૂકી રહ્યું છે. આપણા સમગ્ર
જીવનમાં મિથ્યાત્વ, અજ્ઞાન, પ્રમાદ, કષાયનાં ગોટેગોટ
ફેલાવી રહ્યું છે. સર્વશ્રેષ્ઠ આલંબન વિનાના જીવની દશા
પાંખો વગરના રાજહંસની દશા જેવી છે.

સરોવર-સરિતામાં ઘર બાંધીને રહેનારા માનવીને હોડી, મછવા, તરાપા આદિનું આલંબન સ્વીકારવું જ પડે છે, તેમ સંસારસમુદ્રમાં જ્યાં સુધી રહેવું પડે, ત્યાં સુધી એક પળવાર પણ સર્વશ્રેષ્ઠ આલંબનને કેમ છોડાય? તે આલંબનથી દૂર થવાની સાથે જ સંસારના ઊંડા જળમાં વધુને વધુ ઊંડા ખેંચી જનારા નિમિત્તો આપણી આસપાસ ગોઠવાઈ જવાના અને ઉંચે આવવા માટે આદરેલા આપણા બધા જ પ્રયત્નો નિષ્ફળ જવાના. જેની પરમ તારકશક્તિના પ્રભાવનો ત્રિકાળ-ત્રિભુવનમાં વિજયડંકો વાગી રહ્યો છે, તેઓને ભજવામાં આનાકાની કરીએ કે વિચાર કરવા બેસીએ, તેનો અર્થ એ થાય કે પરમ પવિત્ર જીવન પ્રત્યે આપણને લગાવ નથી,

કિન્તુ અસ્તિત્વના જ આપણે રાગી છીએ.

જ્યાં સુધી શ્રી અરિહંત પરમાત્માના નામ, ગુણ, ઉપકાર અને બિંબમાં આપણી સમગ્રતાને સ્થિર નહિ કરીએ અને આપણા દશે ય પ્રાણને સમર્પિત નહિ કરીએ,

ત્યાં સુધી આપણા મૂળ ઘરનો માર્ગ નહિ જડે,

રખડપટ્ટીનો અંત નહિ આવે.

તે માટે શ્રી અરિહંત પરમાત્માના શરણાનો જ આધાર છે.

શ્રી

બાળકને સુખ કરવાની જેના દિલમાં ભાવના છે, એવા
મહેશ્વરને બાળક તરફથી થતા દુઃખનો કદી ખ્યાલ ન આવે.
બાળકને સુખ કરવાની ઇચ્છામાં પોતાના દુઃખોને તે
ભૂલી જતો હોય છે એટલું જ નહિ, પરંતુ બાળકને માટે
પોતાને મુસીબતો સહન કરવી કે કષ્ટ સહન કરવા પડે,
તો પણ એ બધાને તે સુખ જ માને છે.
'જે કાંઈ છે એ બધું પ્રભુનું જ છે' એવું સમજાય,
તો રાગ-દ્વેષ, વેર-ઝેર આદિ
દુનિયાનાં બધાં અનિષ્ટો આપોઆપ જ દૂર થાય.
બાળકને સુખ કરી શકીએ તો આપણે પણ સુખી થઈએ.
સહન કરવામાં સાત્વિક ચિંતનની જરૂર છે.
એ ચિંતન ત્યારે જ આવે કે જ્યારે
આપણે ઈશ્વરને ઓળખતા થઈએ.
जिनोक्तमिति सद्भक्त्या । मैत्र्यादिभाव-संयुतं ।
जिनधर्माधिवासितः । मित्ती मे सव्व भूएसु ।
(પરિશિષ્ટ-૭)

વગેરે વાક્યો ધર્મબીજાધાનને સાનુબંધ બનાવનાર છે.
શુભભાવ સહિત થયેલું અનુષ્ઠાન પુણ્યાનુબંધી પુણ્યનો
હેતુ છે. ધર્મને મુક્તિ પર્યંત પહોંચાડવાની શક્તિ સર્વ
જીવો પ્રત્યેના પ્રેમમાં રહેલી છે, તેથી પ્રેમ એ 'ચાવી' છે.

પ્રેમથી બંધાતું પુણ્ય એ પુણ્યાનુબંધી હોવાથી
મોક્ષમાં પ્રતિબંધક નહિ પણ સહાયક છે.
સ્વપ્રેમથી થતો ધર્મ એ પાપાનુબંધી છે.
સર્વ પ્રેમથી થતો ધર્મ એ પુણ્યાનુબંધી છે.
વીતરાગતા અને નિર્ગ્રન્થતા એ વિશ્વપ્રેમનાં સંતાન છે.
તે અહં અને મમના પાપબંધનમાંથી છોડાવનાર છે અને
સર્વ પ્રત્યે ઉછળતી ભક્તિ છે.
એવી ભક્તિથી શૂન્ય અનુષ્ઠાન વંધ્ય છે.
<u>'પ્રેમ' એટલે સર્વ પ્રત્યે સમાનભાવ અથવા અભેદભાવ.</u>
<u>એ પ્રેમ ભેદભાવજન્ય રાગ-દ્વેષનો સમૂળ વિનાશક છે.</u>

માયાતીતં ત્રિગુણરહિતમ્, સત્ ગુરુમ્ તમ્ નમામિ ।
તમ્ (તે), ગુરુમ્ (મહાન), સત્ (અસ્તિત્વ).
તે મહાન અસ્તિત્વને હું નમું છું.
'ન સત્ તન્નાસદુચ્યતે ।'
સદસચ્ચાહમર્જુન ! ૐ તત્ સત્ ।
આચારાંગમાં પણ આ વાતના ઉલ્લેખ છે.
તેના ભેદથી બધું સ્થિત છે.
મૂળતત્ત્વની મર્યાદા સર્વને પાળવી પડે છે.

श्री

ॐ **Causes of diseases** श्री

(1) Fear & anger cause heart disease.

(2) Jealousy, hatred, resentment & fear are responsible for false growths.

(3) Habit of fault finding & criticising Can cause rheumatism in a person.

(4) Deafness & hearing problems are caused by stubbornness, strong will and a desire not to hear certain things.

(5) Anaemia - unfed desires, lack of joy.

(6) Reasons of imperfect vision are fear, suspecion and seeing obstacles. Watching for unhappy events to Come to pass, living in the past or future, not living in the now also cause it.

o Perfect love is perfect peace, power and wisdom.

o All things and all men obey him who obeys the highest.

o ધર્મ શુભાસ્રવ, સંવર અને નિર્જરા સ્વરૂપ છે.
તે જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ છે. 'સર્વ જીવો આત્મતુલ્ય છે'
એમ જાણવું, જોવું અને વર્તવું તે રત્નત્રયી છે તથા
એ જ શુભાસ્રવ, અશુભ સંવર અને
પ્રકૃતિ-કર્મની નિર્જરારૂપ છે.

o દ્રવ્યપ્રાણની રક્ષા એ <u>પરદયા</u>.
ભાવપ્રાણની રક્ષા એ <u>સ્વદયા</u>.
સ્વદયા = આત્મદયા = <u>ભાવદયા</u>.
પરદયા = દ્રવ્યદયા = દ્રવ્યપ્રાણ - ૧૦, ભાવપ્રાણ - ૪.
જેની પાછળ ભાવદયાનો પરિણામ નથી,
તે દ્રવ્યદયા પણ દ્રવ્યદયારૂપ નથી, કિન્તુ
અહંકારરૂપ સંસારમાર્ગ છે.
<u>'ભાવદયા' એટલે પોતાનો શુદ્ધ ભાવ અને તેની રક્ષા.</u>
શુદ્ધભાવની રક્ષા તો જ થઈ શકે,
જો સર્વના કલ્યાણની ભાવના કાયમ રહે.
બીજાના દ્રવ્યપ્રાણની રક્ષા કરતી વખતે પણ આત્મામાં
શુદ્ધભાવરૂપી ભાવપ્રાણની રક્ષાના પરિણામ ન હોય,
તો તે દ્રવ્યપ્રાણની રક્ષા
માત્ર સ્વરૂપદયા બને, હેતુ અને અનુબંધશૂન્ય બને.

હેતુ-યતના-પ્રયત્ન-અપ્રમાદ-આગમ-સંશય-વિપર્યય
રાગ-દ્વેષ-સ્મૃતિભ્રંશ-ધર્મનાદર-યોગ દુષ્પ્રણિધાન અને
તેના અધિકરણભૂત મદ્ય, વિષય-કષાય, વિકથા, નિદ્રા તે
બધા પ્રમાદ છે. તેનો ત્યાગ એ દયાની પાછળ હેતુ છે.

જે દયાની પાછળ અપ્રમાદનો હેતુ નથી
અને જે હિંસાની પાછળ પ્રમાદરૂપ હેતુ નથી,
તે અનુક્રમે દયા પણ નથી અને હિંસા પણ નથી.

દયા અને હિંસાને અનુબંધ બનાવનાર
અનુક્રમે અપ્રમાદ અને પ્રમાદ છે.

ધર્મનો હેતુ અનુષ્ઠાન છે.
ધર્મનું સ્વરૂપ પરિણામની વિશુદ્ધિ છે.
ધર્મનું ફળ આ લોક-પરલોક સંબંધી છે.

અનુષ્ઠાનનો હેતુ અપ્રમાદ છે,
સ્વરૂપ શુદ્ધ ક્રિયા છે, ફળ સ્વર્ગાપવર્ગ છે.

પોતાનો શુભભાવ ટકાવવો એ સ્વદયા છે.
જ્યાં શુભભાવ ટકાવવાનો પ્રયત્ન નથી, ત્યાં
શુભક્રિયા હોય તો પણ હેતુશૂન્ય હોવાથી ફળશૂન્ય છે.
સ્વદયા વિનાની પરદયા નિષ્ફળ છે.
ભાવદયા વિનાની દ્રવ્યદયા નિષ્ફળ છે.

ॐ શ્રી

'ભાવદયા' એટલે દયાભાવ. 'દ્રવ્યદયા' એટલે દયાની ક્રિયા.

ભાવ વિનાની ક્રિયા નિષ્ફળ છે.

ક્રિયા વિનાનો ભાવ ટકતો નથી.

'ભાવ' એટલે અપ્રમત્તભાવ અર્થાત્

સર્વ જીવોને આત્મતુલ્ય જાણવા - જોવાનો ભાવ.

જો એ ભાવથી વિપરીત ભાવ હોય તો ૮ યા 13 પ્રકારના

પ્રમાદમાંથી કોઈને કોઈ પ્રમાદ થયા વિના રહે નહિ.

શુભભાવ પ્રમાદને હટાવનાર છે,

તેથી સદા અવસ્થિત રહેવો જોઈએ.

એ ભાવનાં આધારે જ ધર્માનુષ્ઠાનની સફળતા અવલંબેલી છે.

૦ પદસ્થ ધ્યાનનો ઉદ્દેશ વૈખરી શબ્દ દ્વારા ક્રમશઃ

મધ્યમાવસ્થાને ભેદીને પશ્યન્તીમાં પ્રવેશ કરવાનો છે.

'અનાહત નામનો દેવ' એટલે લબ્ધિ અક્ષરરૂપ વિભૂતિ.

તે જ પદમયી દેવતા અને પદસ્થ ધ્યેયનું લક્ષ્ય.

ત્યારબાદ અવ્યક્ત અવસ્થા

અને પરા સ્થિતિ આપોઆપ પ્રગટે છે.

અર્હંકાર લબ્ધિ અક્ષરરૂપે ચૈતન્યસ્વરૂપ પરમાત્મા છે.

મંત્રાક્ષરો પ્રત્યે શબ્દભાવ નહિ પણ ફલભાવ રહેવો જોઈએ.

દરેક યોગ ઈશ્વર શબ્દયોગમાં પરિણમે છે.

श्री

પદસ્થ ધ્યાનમાં પણ ધ્યેય જ્યારે રૂપાતીત થાય
અને રૂપસ્થમાંથી અરૂપસ્થમાં પ્રવેશે,
ત્યારે શબ્દયોગનો જ અભ્યાસ થયો ગણાય.
<u>જાપ એ પૂર્વક્રિયા છે, ધ્યાન ઉત્તરક્રિયા છે.</u>
પદસ્થ ધ્યાન એક પ્રકારે શ્રુતની આરાધના છે.
શ્રુતસાગરનો પાર પામવા માટે દ્રવ્યશ્રુત અને
ભાવશ્રુતની ઉત્કૃષ્ટ આરાધના આવશ્યક છે.
પદસ્થધ્યાન એ વચનની ઉચ્ચકોટિની આરાધના છે.
ધર્મ ચિત્તરૂપ છે, કારણકે
વિધિ પ્રતિષેધરૂપ ક્રિયા ચિત્તથી જ પ્રવર્તે છે.
આ ક્રિયા એ કાર્ય છે, કેમકે તે ચિત્તથી ઉત્પન્ન થયેલ છે.
ચિત્તથી પ્રવર્તતું ક્રિયાલક્ષણ કાર્ય કેવા પ્રકારનું છે?
તે શરીરને આશ્રયીને પ્રવર્તતું છે.
<u>શરીરાશ્રયી ક્રિયાલક્ષણ કાર્ય, જે ચિત્તથી પ્રવર્તે છે,</u>
<u>તે ચિત્ત એ ધર્મ છે.</u>
'ચિત્તથી ઉત્પન્ન થાય તે ધર્મ' એ અર્થ કહ્યું હોત તો
ચિત્તનું ગ્રહણ ન થાત પણ ધર્મને જ વિશેષ પદ મળત.
ધર્મ એ ચિત્તસ્વરૂપ અને ચિત્તજન્ય છે.
ચિત્તસ્વરૂપ ભાવધર્મ, ચિત્તજન્ય દ્રવ્યધર્મ.

ધર્મ એ ચિત્તસ્વરૂપ છે, કેમકે
તેની ઉત્પત્તિ ચિત્તમાંથી થાય છે.
ક્રિયાનો આધાર ચિત્ત છે, ચિત્તનો આશ્રય શરીર છે,
તેથી ચિત્તને વિશુદ્ધિ પછી સાથે સંબંધ ન થાત.
'રાગાદિ મલ દૂર થવાથી પુષ્ટિ
અને શુદ્ધિ લક્ષણવાળું ચિત્ત એ ધર્મ છે' એમ જણાવ્યું.
દુઃખમાં જે સમાધિ રાખી શકે નહિ,
તેને સુખમાં સમાધિ રહે જ નહિ.
માટે સુખમાં પણ સમાધિ ટકાવવાની ઇચ્છાવાળાએ
પહેલાં કષ્ટોને સમાધિથી સહન કરવાં જોઇએ.
એ કષ્ટદાયક ધર્મક્રિયાઓથી જીવ
સુખને પચાવવાની કળા-સમાધિ પ્રાપ્ત કરી શકે છે.
'સવ્વે પરમાહમ્મિયા।'
અર્થાત્ સર્વ જીવો પરમધર્મવાળા, સુખાર્થી - દુઃખદ્વેષી છે.
'કુવક્રિઓપિ' અધ્યવસાય વિના પચ્ચક્ખાણ નિષ્ફળ છે.
વ્યવહારનયથી અધ્યવસાયને પ્રગટાવવાનું ધ્યેય જોઇએ.
ધ્યેય ન હોય અને અધ્યવસાય પણ ન હોય તો મૃષાવાદ છે.
ભાષા એક પ્રકારનું ચિત્ર છે.
ચિત્રની જેમ તે શુભ હોય તો શ્રોતાને શુભભાવ આવે

શ્રી

અશુભ હોય તો અશુભભાવ પ્રગટ કરે છે.

૦ વ્રતોના અનાદરથી અનુક્રમે

અલ્પાયુ, મિથ્યાદૃષ્ટિ, દરિદ્રતા, નપુંસકતા, સંમૂર્છિમતા વગેરે વિવિધ દુઃખો ભોગવવા પડે છે.

સંકલ્પનું બળ પ્રતિજ્ઞાથી સહજ પ્રગટે છે.

પ્રતિજ્ઞાનો ભય અનાદરનો કે નિઃસત્ત્વતાનો સૂચક છે.

૦ સર્પોના જંગલમાં નિદ્રા આવે?

કાંટાવાળી ભૂમિમાં ચાલતાં ઉપયોગ ચૂકાય?

તો પછી 'अजयं चरमाणो ।' અર્થાત્ :

અયતનાપૂર્વક જિનાજ્ઞા-ગુર્વાજ્ઞા વિરુદ્ધ ચાલતો.

તપ, જપ, જ્ઞાન, ધ્યાનાદિ કરતો, ચારિત્ર પાળતો.

ચાલવાની અયતના = ઈર્યાસમિતિ ન પાળવી,

હાથ-પગ જેમ તેમ રાખવા, દૃષ્ટિ ફેરવવી.

આ રીતે સ્વમતિ અનુસાર વર્તવામાં દેવ-ગુરુની સેવા થાય?

ના, ન થાય પણ પોતાના મનની જ સેવા થાય છે.

નિશ્ચય-વ્યવહારનયથી ઉત્સર્ગ-અપવાદ ઘણા છે, માટે આત્મસાક્ષીએ અને ઋજુભાવે બહિરાત્મદશા ટળે અને અંતરાત્મદશા પ્રગટે તે માર્ગે ચાલવું હિતકર છે.

જ્ઞાન એ પ્રાણ છે, ક્રિયા એ શરીર છે.

સાધુને દાન આપવાથી ધર્મસિદ્ધિ અને પાપશુદ્ધિ થાય છે.
સર્વ જીવો ઉપર દયા કરનારા અને સર્વ જીવોની
રક્ષા કરનારા સાધુઓ જગમાત્રના પરમ ઉપકારી છે,
તેથી સાધુને આપવા વડે સર્વ જીવોની સેવા થઈ શકે છે.
સૂત્ર, અર્થ પોરિસી પછીના કાળને 'ભિક્ષાનો કાળ' કહ્યો છે.
મોહનો સમૂળનાશ ન થાય ત્યાં સુધી અનાદિ વાસનાનાં બીજ
વિષયોનાં દર્શન, શ્રવણ કે સ્મરણમાત્રથી અંકુરિત થાય છે
અને ત્યાગી-વૈરાગીના ચિત્તને પણ ચલિત કરી દે છે.
ઝેર ખાવું એ જેમ દુઃસાહસ છે, તેમ ગમે તેવા મન
અને ઈંદ્રિયોના વિજેતાને પણ સ્ત્રી પરિચય હાનિ કરે છે.

અજ્ઞાનીનો સુખાનુભવ અભિમાનિક હોય છે.
'હું જ્ઞાની, સુખી, તપસ્વી, યશસ્વી' એ
અહંત્વ-મમત્વનાં રૂપો છે, તેથી એ આનંદ કૃત્રિમ છે.
અજ્ઞાની તેને સાચો આનંદ માની ફુલાય છે, ખુવાર થાય છે.
રાજા-મહારાજા-ચક્રવર્તી અને ઈંદ્રો સાધુને નમે છે, તેનું
કારણ સાધુઓમાં રહેલો વિનયગુણ છે કે જે તેઓમાં નથી.

જેમ વાંસને કે કેળને ફૂલ આવે,
એટલે એનો પોતાનો જ નાશ થાય છે,
તેમ અવિનીતને ગુણો તેનો નાશ કરનારા થાય છે.

શ્રી

અગ્નિને અડપલું કરનારો પોતાના દોષથી જ બળે છે,
તેમ ઉત્તમ આત્માઓ અપરાધીનું પણ
અહિત કરતાં નથી, છતાં અપરાધ કરનારને હાનિ થાય છે.
અગ્નિનો સ્પર્શ, સર્પને સતાવવું કે ઝેરને ખાવું એ
નાશ કરનાર છે, છતાં તેનાથી બચવાના ઉપાયો હજુ મળે,
પણ લોકોત્તર ભૂલો - અવિનયાદિ કર્યા પછી
તેમાંથી બચવાનો કોઈ ઉપાય નથી, કેવળ ધર્મસત્તા છે.
ધર્મસત્તાથી બેવફા જીવોને કર્મસત્તા પોતાના બળ નીચે કચડી
ધર્મસત્તાના વફાદાર બનાવવાનો સતત પ્રયત્ન કરે છે.
શક્તિવંતને પ્રહાર, પર્વત સાથે મસ્તક અફળાવવું અને
સુતેલા સિંહને જગાડવાથી જેમ સ્વયં આપત્તિ આવે,
તેમ ગુરુ અવિનયથી અહિત થાય. ગુરુકૃપા વિના જ્ઞાની
કે ક્રિયાવાન પણ પ્રશમસુખ, સમાધિ, સામાયિક કે
સમતા ન પામી શકતાં, તેના પરિણામે મુક્તિ પામતો નથી.
તીર્થંકરો કરતાં તીર્થ વધે છે. ગુરુ સ્વયં તીર્થરૂપ છે.
સૌથી નિકટનાં ઉપકારી છે, તેથી અધિક સેવ્ય છે.
ગુરુ સૂર્ય-ચંદ્રની ઉપમાને પાત્ર છે.
ગુરુનો વિનય કર્મક્ષય અને મોહમુક્તિના ધ્યેયથી કરવો.
ગુરુ પ્રસન્નતા - આશીર્વાદથી સર્વ કાર્યસિદ્ધિ થાય છે.

ક્રિયામાં આત્મગુણ ક્રિયાને શીઘ્ર ફળવંતી બનાવનાર છે.

'મારું પણ ધર્મજીવન સતત સેવતાં રહેવું'

એમ જ્ઞાનીઓ એ ઇચ્છ્યું જ કહે છે.

ગુણો આત્મસ્વભાવરૂપ હોવાથી બહારથી આવતા નથી,

તે વિનયરૂપા અભ્યંતર ક્રિયાથી આવે છે.

વિનયના આદર સાથે અવિનયનો ભય પ્રગટવો જોઈએ.

ગુણાનુરાગ અને કૃતજ્ઞતાથી વિનયગુણ પ્રગટે છે.

લોકોત્તર વિદ્યા = જ્ઞાન અને ક્રિયા.

અશુદ્ધ કે આસક્તિપૂર્વક લેવાયેલો આહાર જડતાને પોષે છે, તેથી ઇંદ્રિયો અને મન વિકારી બને છે. વિનયમાં સહાયક બનતાં નથી, તેથી આહારની શુદ્ધિ અને અગૃદ્ધિનું વિધાન છે. એ વિના વિનય થઈ શકે નહિ. બીજાની હલકાઈ કે તિરસ્કાર કરવાનું સામાના દોષોથી નહિ, કિન્તુ માન, ક્રોધ વગેરે પોતામાં રહેલા દોષોથી થાય છે. માટે તેવું કરનારો સ્વદોષોથી કર્મો બાંધી ભારે થાય છે.

૦ ગુરુ આજ્ઞાને આધીન રહેતો દુષ્કર કાર્યો પણ સાધી શકે છે, જેમ કે મહાવ્રતો, મનોગુપ્તિ, કષાયવિજય વગેરે.

૦ સમાધિ = સમતા સામાયિક.

વિનય, શ્રુત, તપ, આચાર દ્વારા સમાધિને સાધી શકાય.

## અનુપ્રેક્ષાના ૪ ફાયદાઓ

(૧) શ્રુત મળશે (૨) એકાગ્રતા વધશે
(૩) ચિત્તમાં સ્થિર થવાશે (૪) બીજાને ચિત્તમાં સ્થિર કરાશે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં આ વાત કહી છે કે:
જેમ જળ અગ્નિને શમાવે, અમૃત વિષને નિવારે,
તેમ સર્વને શુભ કરવાની ભાવના
દુઃખાગ્નિ અને દોષરૂપી વિષને પોતામાં શમાવી દે છે.

શિરસા ગિરિં ન બિભિત્સેત્ ।
જેમ મસ્તક વડે પર્વતના પત્થર ન તૂટે,
તેમ તીર્થંકર દેવોની ભાવનાનું કોઈથી ખંડન ન થઈ શકે.
જો ભુજા વડે પૃથ્વીને ઉપાડવી તથા સમુદ્રને તરવો કે
સર્વ વાદીઓ વડે જિનવચનનું ખંડન એમ અશક્ય છે,
તેમ જિનેશ્વરની ભાવના ત્રિકાળાબાધિત, અવિચ્છિન્ન,
પ્રભાવશાળી, ગગનની જેમ વિશાળ, સાગરની જેમ ગંભીર,
મેરૂની જેમ નિશ્ચળ તથા સૂર્ય-ચંદ્રની જેમ શાશ્વત છે.
તેના સાથે જોડેલ ભાવનાઓ, વિચારો,
મત-પ્રવર્તનો અને પ્રવૃત્તિઓ છે,
તે સૂર્યની સામે ધૂળની જેમ પોતાને જ પીડાકારક થાય છે.

લજ્જા = અકાર્ય સેવવાનો ભય.

શ્રીં

સર્વ તીર્થંકરોની ભાવનાઓને સફળીભૂત કરવા માટે
ભૌતિકસત્તા, રાજ્યસત્તા, ધર્મસત્તા અને પ્રકૃતિની સત્તા
વફાદારીપૂર્વક પ્રયત્નશીલ છે.

તીર્થંકરોની આજ્ઞાનું પાલન કરનારને શુભ બદલો,
વિરુદ્ધ વર્તનારને અશુભ શિક્ષા કરવા સમસ્ત પ્રકૃતિ સજ્જ
હોવાથી આ ઐશ્વર્ય અસ્ખલિત વર્તી રહ્યું છે.

આજ્ઞાપાલક અને વિરુદ્ધ વર્તનાર ઉભય પ્રત્યે
વિશ્વપ્રેમી એવા અરિહંતો પ્રેમ દર્શાવનાર, જગાડનાર,
રક્ષણ કરનાર, વિશોધન કરનાર હોવાથી જગતની માતા છે,
પુણ્યની જનેતા છે, સુખની ઉત્પાદક છે, સર્વનાં રક્ષક છે,
તેથી વિરુદ્ધ વર્તવું એ પોતાના જ સુખનો ભક્ષક છે.
સકલ જગતના નહિ, પણ પોતાના જ સુખને બાધક છે.

o 'ભગવાન સર્વનું ભલું કરો.'
'સિદ્ધચક્ર ભગવંતની જય હો.'
'અરિહંત ભગવાનની જય હો.'
'ભગવાન સર્વનું કલ્યાણ કરનારા છે.'

ભગવાનના દર્શન વખતે અને પૂજન વખતે
જ્યાં સુધી આવા વિચારો સ્થિર ન થાય,
ત્યાં સુધી દર્શન અને પૂજનનો ખરો આનંદ આવે નહિ.

'ભગવાનની પૂજાથી મને સફળતા કે મારા કુટુંબીજનોને
કે મારા સંબંધીવર્ગને સુખ મળો'
એટલો જ વિચાર હોય અને
'સર્વનું કલ્યાણ થાઓ' એવો વિચાર ન હોય,
ત્યાં સુધી પ્રભુની સાથે ઓળખાણ નથી.
પ્રભુ તો સર્વના છે,
તેમ આપણે જ્યાં સુધી સર્વના ન થઈએ,
ત્યાં સુધી પ્રભુ સાથે ભાવસંબંધ ન થાય.

<u>ભાવસંબંધ કરવાની</u> રીત

પ્રભુનો, સકળજીવોનો અને આપણો ભાવ એક થવો તે.

<u>સામાયિકના બે</u> અંગ:

(૧) સર્વની સાથે મન, વચન અને કાયાથી
મૈત્રી કરવી, કરાવવી અને અનુમોદવી.
સામ = મૈત્રી - સ્નેહ.
સમ = આત્મતુલ્ય કરુણા - માધ્યસ્થ્ય.
સમ્મ = ગુણરાગ - વિનય - આદર.

(૨) કોઈને પીડા ન કરવી:
મન - વચન - કાયાથી કોઈને ય
પીડા કરવી નહિ, કરાવવી નહિ, અનુમોદવી નહિ.

0 'સર્વનું ભલું ભગવાનની ભાવનાથી થાય છે'
તે ભાવનાને સમર્થન કરવું એટલું જ શક્ય છે,
તેથી તે પરમ ધર્મ છે.

ધર્મની શરૂઆત સર્વના શુભની ચિંતવનાથી થાય છે.
સર્વનું શુભ ચિંતવવાથી સર્વનું શુભ થાય યા ન પણ થાય,
પણ ન ચિંતવવાથી પોતાનું શુભ તો ન જ થાય.
સર્વના શુભ માટે નહિ, તો પોતાનું અશુભ ન થાય,
એ માટે તો સર્વનું શુભ ચિંતવવું જ જોઈએ.
જે આત્મા સર્વનું શુભ ચિંતવી શકતો નથી,
તે અનંતાનંત જીવોનો પ્રતિપક્ષી બને છે અને
મિથ્યાદૃષ્ટિ અને અનંતાનુબંધી કષાયથી વ્યાપ્ત છે.
અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વનો ત્યાગ કરવા
પોતાના આત્મતુલ્ય સર્વને ચિંતવવા
અને આત્મતુલ્ય સર્વનું સુખ ઇચ્છવું એ કર્તવ્ય છે.
ત્યાં સુધી ચિત્તની અશુદ્ધિ, મલિનતા જતી નથી
અને મલિન વસ્ત્ર ઉપર રંગની જેમ
આત્મલાભ કે આત્મધ્યાનના અધિકારી બની શકાતું નથી.
દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્મધ્યાનના અધિકારી બનવા માટે
દ્રવ્યથી સર્વની સમાનતા અને
ગુણ-પર્યાયથી દ્રવ્યની એકતાનું ચિંતન આવશ્યક છે.

શ્રી

## શેનું ચિન્તન કરવું ? શા માટે ?

ગુણસ્થાનવિશુદ્ધિ અને પરિણામવિશુદ્ધિની પાછળ રહેલ
તિર્યક્ સામાન્યાત્મક અને ઉર્ધ્વતા સામાન્યાત્મક દ્રવ્યનું.
તેથી શુક્લધ્યાનના પહેલાં બે પાયાનું ધ્યાન થાય છે.
તેની યોગ્યતા પામવા માટે ધર્મધ્યાનના હેતુભૂત આજ્ઞા-
વિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય આ ૪ છે.

: ૪ પ્રકારના વિચારો કર્તવ્ય છે :

તીર્થંકરોની આજ્ઞા, તેની વિરાધના કરવાથી થતો અપાય,
અપાયના પરિણામે થતો વિપાક અને
વિપાકને ભોગવવા માટે લોકસંસ્થાનનો વિચાર કર્તવ્ય છે.
એ બધા વિચારોમાં મુખ્ય વિચાર તો આજ્ઞાનો જ છે.
પ્રભુની આજ્ઞા સર્વ જીવોને આત્મતુલ્ય ગણવાની છે,
તેનું પાલન ન કરવાથી જે રાગ-દ્વેષ થાય, તે અપાય છે.
તેના પરિણામે કર્મબંધ થાય છે.
વિપાકનો ભોગવટો કરવા માટે ભવલોક છે, તે સંસ્થાન છે.

પ્રભુની આજ્ઞાનું ધ્યાન કરવા માટે
પ્રભુના પિંડ, પદ, રૂપ અને ગુણનું ધ્યાન આવશ્યક છે.
પિંડ દ્રવ્યરૂપ છે, પદ નામરૂપ છે,
રૂપ આકૃતિરૂપ છે અને ગુણ ભાવરૂપ છે.

આ જ પ્રકારે પ્રભુનું ધ્યાન કરવાથી,
પ્રભુની આજ્ઞા ઉપર પ્રેમ થાય છે.
આજ્ઞાનો પ્રેમ સર્વ જીવોના પ્રેમમાં પરિણમે છે અને
સર્વ જીવોનો પ્રેમ એ ધર્મધ્યાનમાં પરિણમે છે.
એ પ્રેમના પાયા ઉપર સ્વઆત્મદ્રવ્ય - ગુણપર્યાયનું ધ્યાન
થાય છે અને તે ધ્યાન પરમ સમત્વનો હેતુ થાય છે.
સમત્વ એ કર્મક્ષય અને કેવળજ્ઞાનનું કારણ છે.
કેવળજ્ઞાન એ મોક્ષનો હેતુ છે.

(૧) <u>શુક્લધ્યાનનો પહેલો પાયો</u>: પૃથક્ત્વ વિતર્ક સવિચાર.
સર્વ જીવો જુદા હોવા છતાં જીવત્વેન અભિન્ન છે.
(૨) <u>શુક્લધ્યાનનો બીજો પાયો</u>: એકત્વ વિતર્ક અવિચાર.
સર્વ ગુણ-પર્યાયો પૃથક્ હોવા છતાં દ્રવ્યત્વેન અભિન્ન છે.
શબ્દ - અર્થ - જ્ઞાનાદિ તથા મન - વચન - કાયાદિ ઉપર્યુક્ત
બંને પ્રકારનું ધ્યાન કેવળજ્ઞાન અને મોક્ષનો હેતુ છે.

० मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ॥

અર્થાત્ મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.
વિષયાસક્ત મન બંધન - નિર્વિષયી મન મુક્તિ અપાવે.
બધા પત્થર સોનું થઈ જાય, તો પણ મન સંતોષ ન પામે.

શ્રી

વિતર્કશ્રુત: સ્વશુદ્ધાત્માનુભૂતાત્મભાવશ્રુત રૂપ અંતર્જલ્પ.

| | |
|---|---|
| વિચાર સંક્રાંતિ | અર્થથી અન્ય અર્થ, શબ્દથી અન્ય શબ્દ અને યોગથી અન્ય યોગ. |
| સપૃથકત્વ ભેદ | દ્રવ્યથી અન્ય દ્રવ્ય, ગુણથી અન્ય ગુણ અને પર્યાયથી અન્ય પર્યાય. |
| અપૃથકત્વ અભેદ | પોતાના એક આત્મદ્રવ્ય, એક પર્યાય અથવા એક ગુણનું નિશ્ચલ ધ્યાન. |
| અવિચાર અસંક્રાંતિ | શબ્દ, અર્થ અને યોગનું અપરિવર્તન. |
| સવિતર્ક ભાવશ્રુત | નિજ શુદ્ધાત્મનિષ્ઠ નિશ્ચલ ધ્યાન, આત્માનુભૂતિ વડે સમરસીભાવ, એકીભાવ-અભેદભાવની પ્રાપ્તિ. |

'તીર્થંકરો જેવું ઇચ્છે છે, તેવું સુખ સર્વને મળો.'
એ વાક્યમાં તીર્થંકરત્વ, સિદ્ધત્વ, સાધુત્વ
અને ભવ્યત્વ ચારેનો સંગ્રહ છે.

'સર્વ જીવો સુખ પામો અને પ્રભુની ઇચ્છા પૂર્ણ પામો.'

ધર્મનું મૂલ્ય સૌથી અધિક છે, છતાં સૌથી ઓછા પ્રયત્ને તે થઈ શકે છે, કારણકે તે મન વડે સાધ્ય છે અને મનુષ્યને મન મફત મળ્યું છે.

શ્રી

ધન, વચન કે તન પણ મનને ટેકો આપવા માટે છે.
ભાવનમસ્કાર= ભાવથી નમસ્કાર અને ભાવને નમસ્કાર.
દ્રવ્યનમસ્કાર= દ્રવ્યથી નમસ્કાર અને દ્રવ્યને નમસ્કાર.
દ્રવ્યને નમસ્કાર જીવે અનંતવાર કર્યો છે,
પણ ભાવને નમસ્કાર કર્યો નથી, કરતો નથી.
ભાવ સૂક્ષ્મ છે, માટે સૌથી અધિક શક્તિમાન છે.
ભાવની શક્તિ ભાવથી જ પરખી શકાય છે.
દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિ પણ ભાવને માટે છે, ભાવથી જ સફળ છે.
ધર્મ ભાવાધીન છે, ભાવ મનને આધીન છે.
મનમાં સર્વના શુભનો-કલ્યાણનો વિચાર ઉઠે,
ત્યારથી લોકોત્તર ધર્મ શરૂ થાય છે.
અમુક-જીવના શુભનો વિચાર ઉઠે તો તે લૌકિક ધર્મ છે,
સર્વના શુભનો વિચાર ઉઠે તો તે લોકોત્તર ધર્મ છે.
પરોપકાર એ ધર્મનું મૂળ છે.
પરને ઉપકાર કરવાથી સ્વને ઉપકાર થાય છે.
સ્વોપકાર એ સાધ્ય - પરોપકાર એ સાધન છે.
સાધન વિના સાધ્યની સિદ્ધિ અશક્ય છે.
'ઉપેયાવ્યભિચારિત્વં ઉપાયત્વં ।'
અર્થાત્: ઉપાયને સફળ કરે તે જ ઉપાયપણું છે.

સાધન પણ તે છે કે જે સાધ્યની સિદ્ધિ કરાવનાર હોય.
સ્વોપકારના લક્ષ્ય વિનાનો પરોપકાર એ સાધનાભાસ છે.
પરોપકાર વિના સ્વોપકાર કરવો એ અશક્યોપાય છે.
સ્વોપકારની સિદ્ધિ પરોપકારને આધીન છે.
પરોપકારની સફળતા સ્વોપકારના ઉત્કર્ષે છે.
સાધુને સામાયિકમાં શુભ ભાવની પ્રતિજ્ઞા છે
અને અશુભભાવનો નિષેધ છે.
શુભ અથવા અશુભ બેને છોડીને ત્રીજો ભાવ છે નહિ.

શુભ ભાવનાં અવલંબને જ
અશુભ ભાવ જીતાય છે અને શુદ્ધ ભાવ પ્રાપ્ત થાય છે.
સર્વનું કલ્યાણ = શુભભાવ. તેમાંથી જ અહિંસા - ક્ષમા -
સમ્યગ્દર્શન - ઔદાર્ય - મૈત્ર્યાદિ ધર્મો ઉત્પન્ન થાય છે.
પરની ઉપેક્ષા, અકરૂણા, અપ્રમોદ, અમૈત્રી અશુભભાવો છે.
પરથી વિખુટો પડેલો જીવ વિભક્ત છે.
તેને અવિભક્ત કરનાર શુભ ભાવ છે.
o ધર્મનું લક્ષણ વિશ્વપ્રેમ. વિશ્વપ્રેમ એજ ધર્મ છે.
ચોથા આરામાં તીર્થંકરો, ગણધરોમાં એ ધર્મ હતો અને
આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓમાં આજે એ ધર્મ છે.
એ ધર્મનો ભાવ વિશ્વહિતનો છે.

એમના એ ભાવનું જેઓ શરણું સ્વીકારે છે,
તેઓ દુષ્કરમાં દુષ્કર કાર્યોને સુકર બનાવી શકે છે.
તેમની શક્તિને કોઈ જ શક્તિ પહોંચી શકતી નથી.
વિશ્વ-આત્મભાવની શક્તિ ખીલવા માટે કાર્ય કરી શકે
છે, કેમકે સકળ વિશ્વના આંદોલનો તેના સમાન છે.
સૌ એ જ જાતની ભાવના સેવે છે,
તેથી જ તીર્થંકરોની ભાવના ફળીભૂત થાય છે.
વિશ્વના જીવોની ભાવના અને
તીર્થંકરોની ભાવના સમાન હોવાથી તે સિદ્ધ થાય છે.
આખું એ વિશ્વ પ્રેમશક્તિથી ચાલે છે.
પ્રેમ એક પ્રકાશ અને એકત્વભાવને જોડનારી સાંકળ છે.
તીર્થંકરો પ્રેમથી ભરપુર છે, તેથી રાગ-દ્વેષથી પર છે
અને તેથી તેમની અચિન્ત્યશક્તિ પ્રગટ થયેલ છે.
એ શક્તિનો આશ્રય જે કોઈ લે છે,
તેને તે અચિન્ત્ય શક્તિની સહાય મળે છે.
વિશ્વાત્મભાવ એ સર્વ સદ્ગુણોનું મૂળ છે.
ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, સ્વર્ગાપવર્ગને આપનાર છે,
સંસારની ઘોર વિપત્તિઓને ટળાવનાર છે.
એ બધું બળ ધર્મમાં ખીલવા માટે આવે છે કે
તે વિશ્વપ્રેમ સ્વરૂપ છે.

વિશ્વપ્રેમ અને વિશ્વમૈત્રીઓમાં અનંતુ બળ છે,
તેની આગળ બધી શક્તિઓ નિર્બળ છે.
પ્રેમશક્તિ એ જ આત્મની શક્તિ છે.
આત્મબળ અને પ્રેમબળ એક જ છે.
'કોઈપણ જીવને પીડા આપવી નહિ.'
તેનો સ્થૂલ અર્થ ન લેતાં સૂક્ષ્મ અર્થ લેવો જોઈએ
અને તે અર્થ એ છે કે કોઈનું પણ મન દુભાવવું નહિ.
<u>કોઈના મનને દુભાવવું એ હિંસા છે, વિશ્વપ્રેમથી વિરુદ્ધ છે.</u>
વિશ્વમૈત્રીની ચેતના સદા જાગ્રત રહે છે.
જ્યાં તે નથી, ત્યાં ચેતના નથી.
<u>ચેતનાને જગાડવા માટે વિશ્વપ્રેમ સિવાય બીજો ઉપાય નથી.</u>
અરિહંતોની, સિદ્ધોની, પંચ પરમેષ્ઠિઓની અને
૪ મંગળોની શક્તિ એ પ્રેમની શક્તિ છે,
તેથી તેનો આશ્રય લેનારને અખૂટ શક્તિ મળે છે અને
સમસ્ત સંસારને જીતી લઈને તે તેનો પાર પામી જાય છે.
વિશ્વમૈત્રીમાં નમ્રતા, સરળતા, સંતોષ,
ક્ષમા, સત્ય, શીલ સહજ બની જાય છે.
બધા તેને નમે છે, કારણ કે તે બધાને નમે છે.
<u>ધર્મનો જય હો = વિશ્વપ્રેમનો જય હો.</u>

વિશ્વપ્રેમની જય પોકારનારમાં સદા શક્તિનો સ્ત્રોત વહે છે. તેના સાંનિધ્યમાં આવનાર સર્વ કોઈ તેની અસર તળે આવી જાય છે. તેને બોલવાની, બળ ઉપર ઠસાવવાની જરૂર પડતી નથી. તેના આંદોલનો જ સામા ઉપર અસર પાડે છે, કારણ કે તે આંદોલનો ઘણા પ્રબળ હોય છે, તેની આગળ બળવાનમાં બળવાન મનુષ્ય પણ વશ બની જાય છે.

વિશ્વપ્રેમની સાધના એ જ ખરી સાધના છે.

ચીની કહેવત: 'ગઢની અંદર રહેલાં કહે છે કે ગઢની બહાર સુખ છે, ગઢની બહાર રહેલાં કહે છે કે ગઢની અંદર સુખ છે.'

ઈશ્વર બે સ્થાને રહે છે:

એક સ્વર્ગમાં અને બીજો નમ્ર અને કૃતજ્ઞ હૃદયમાં.

કૃતજ્ઞતા નમ્રતાને જન્માવે છે. કૃતજ્ઞતા પ્રેમને માંગે છે.

ભાવનમસ્કાર કૃતજ્ઞતાનું પરિણામ છે.

નમ્રતા આત્મનિરીક્ષણમાં રહેલી છે. ઈશ્વરની મહત્તા અને આત્માની અલ્પતા એ નમ્રતાની જનેતા છે. વિગતોના જ્ઞાન કરતાં સત્યનું જ્ઞાન બળવત્તર છે. સત્યનું થોડું પણ જ્ઞાન વિગતોના ઘણાં જ્ઞાન કરતાં પણ ઘણું વધુ ઉપકારક છે.

પોતાનામાં છે તેથી અધિક ન માનવું,

બીજામાં છે તેથી ઓછું ન માનવું તે જ સાચો વિનય છે.

પ્રાર્થનાના બે લાભ છે : દોષનો નાશ અને ગુણની પ્રાપ્તિ.

દોષનો નાશ એકરાર કરવાથી,

ગુણની પ્રાપ્તિ શુભ ભાવનાથી.

ભગવાનનાં બે વિશેષણો: (૧) ભાવગ્રાહી (૨) ભક્તવત્સલ.

આરાધનાનાં મુખ્ય બે અંગો

પરમાત્માનું ધ્યાન અને સર્વ જીવોનું કલ્યાણ.

પહેલાંથી કૃપા પ્રાપ્ત થાય, બીજાથી પુરુષાર્થ સધાય છે.

કૃપા ભક્તિ વડે મળે છે, પુરુષાર્થ પરોપકાર વડે સધાય છે.

'પુરુષ પ્રયત્ન' એટલે પરોપકાર.

'ઈશ્વર કૃપા' એટલે ભક્તિ અને ધ્યાન.

સામાયિકમાં નવકાર વડે ભક્તિ - પ્રતિક્રમણ વડે પ્રયત્ન

એમ બંને અંગ સચવાય છે.

'સમ્યગ્દર્શન' એટલે આત્મસ્વભાવનું યથાર્થ દર્શન.

'સમ્યગ્જ્ઞાન' એટલે આત્મસ્વભાવનું યથાર્થ જ્ઞાન.

'સમ્યક્ચારિત્ર' એટલે આત્મસ્વભાવનું યથાર્થ અનુભવન.

આત્માને પોતાનું સ્વરૂપ સમજવાનું યથાર્થ સામર્થ્ય છે.

તે સામર્થ્ય આપણી ત્રીજી આંખ છે.

સોયના શિક્ષણ કરતાં સાનનું શિક્ષણ વધુ જરૂરી છે.

અજ્ઞાન કોઈ વિષયવાળું હોય છે.

અજ્ઞાનનો અર્થ છે : બ્રહ્મને ન જાણવું.

વૈરાગ્યપૂર્વક કરવામાં આવેલો વિચાર જ સફળ થાય છે.

રાગવાળાએ કરેલો વિચાર સફળ થતો નથી.

મિથ્યા વસ્તુમાં આસ્થા રાખવી એ જ અનંત દુઃખોની અને

સત્‌માં આસ્થા ન રાખવી એ જ અનંત સુખોની ખાણ છે.

અપવાદની દૃષ્ટિએ જગતમાં જગત વિરુદ્ધ કાંઈ નથી.

આરોપની દૃષ્ટિએ જગતમાં બધું દેખાય છે.

સમષ્ટિ અહંકાર બાધક નથી.

ધાર્મિક કથાઓનો મનુષ્યના મન સાથે સંબંધ છે,

બહારના જગત સાથે નહિ.

તેથી બહારના જગતનું વર્ણન ધર્મશાસ્ત્રોમાં

Historical નહિ પણ symbolical હોય છે.

'સંતાન' એટલે કામ - ક્રોધ.

તેનો સ્પર્શમાત્ર ત્યાજ્ય છે.

અર્થવાદ - symbol. ચરા પણ અર્થવાદ છે.

પશુને નહિ પણ પશુવૃત્તિને હણવાની છે.

જ્ઞાન એ શૂન્ય નહિ પણ વૃત્તિજ્ઞાન એ શૂન્ય છે.

જ્ઞાન તો આત્માનું સ્વરૂપ છે.

°

Dependent origination = અન્યોન્યાશ્રય.

Configuration structure = અધ્યાસ ભ્રાંતિ.

ધર્મને મનુષ્યના જ્ઞાન સાથે સંબંધ છે, વિષય સાથે નહિ.
ક્રિયાઓ કામ-ક્રોધને જીતવાના ઉપાય રૂપે સત્ય છે.
તેનો નિષેધ કરનારે બીજા ઉપાયો બતાવવા જોઈએ અને
જો ન હોય, તો છે તે ક્રિયાઓને ખોટી ન કહેવી જોઈએ.
ધર્મના ક્રિયામાં મનુષ્યે પોતાની જ ઉપર કામ કરવાનું છે,
તેથી બહુ સંયમ અને બહુ ચિંતનની જરૂર છે.
વૈરાગ્યતા-જ્ઞાનના બોધ માટે ત્યાગી સાધુઓની જરૂર છે.
ધર્મનો ઈતિહાસ મનુષ્યના સ્વભાવમાં રહેલાં
કામ-ક્રોધને જીતવા માટે છે, છૂટ આપવા માટે નહિ.
જગત ગણિત જેવું નથી, દરેક માણસને જુદું જુદું દેખાય છે.
કેટલોક ભાગ પોતે જ બનાવે છે.
જગતમાં સ્ત્રી છે પણ તેને કાકી, મામી, માસી મનુષ્ય બનાવે છે.
બધા સંબંધો નવા દૃષ્ટિબિંદુ એક સ્ત્રીમાં સમાય છે.
'માયા' એટલે પ્રમાણ અથવા માપ.
માયા ઝીણી ગુફાવાળી છે, તેની ઉપર થોડું જ્ઞાનપદ છે.
કાળની ઉત્પત્તિ બનાવ સાથે છે.
દિશાની ઉત્પત્તિ દર્શન સાથે છે.
જીવ અને જગતને જુદા લઈને વિચારી શકાતા નહિ.
તે બંને ને ભેગા લઈને વિચારવાની ટેવ પાડવી જોઈએ.

શ્રી

ત્યાં જીવ સ્વતંત્ર બને છે,
કારણકે જે સમન્વય થાય છે, તે તેનો કરેલો હોય છે.
તે પોતાના જગતનો કર્તા બને છે.
સમન્વયમાં બધા ભેદોનો નિષેધ છે.
જ્યાં એક છે, ત્યાં સમાજનો પ્રશ્ન જ નથી.
સમાજ બનાવવા ઓછામાં ઓછી બે વ્યક્તિ જોઈએ.
ત્રીજી આંખ એ નવી દિશા છે.
o જે દશામાં ભાનથી જુદું હોય નહિ,
ભાન પોતાની નવી પ્રક્રિયાને માણે છે,
તેનો અનુભવ તેના ભાનની અંદર રહે છે.
તેની ભાનમાં જગતના બનાવો નવી રીતે સમાઈ જાય છે.
આત્મભાની જગતને પોતાને અનુકૂળ બનાવી લે છે.
આસપાસનો સમાજ સુધરે તેની રાહ જુએ છે.
નવી દશાનું ભાન = પોતે આનંદરૂપ છે.
તેને પોતાના આનંદ માટે કોઈ સાધનની જરૂર પડતી નથી.
જે ભાન પોતે સુખરૂપ છે,
તે અદ્વૈતભાન છે અને તે જ ભગવાન છે.
શાસ્ત્રોમાં અપાતું ભાન પોતે સુખરૂપ થતું નથી.
તેને કોઈ સાધન મળે, ત્યારે સુખ મળે છે.

સર્વ અનિત્ય હોવાથી દુઃખરૂપ બને છે.
જ્ઞાનીના અનુભવમાં ભૂત-ભાવિ નથી,
માત્ર વર્તમાન જ છે અને બધા માયાનો સમન્વય છે.
ચિત્તરૂપી આકાશ અહંકારરૂપી વાદળથી તથા
તૃષ્ણારૂપી વરસાદથી રહિત થાય, ત્યારે
આત્મારૂપી ચંદ્રના પ્રકાશવાળી સ્વચ્છતા શોભી નીકળે છે.
અપાર ભ્રાંતિઓને ઉત્પન્ન કરનારી આ સંસાર
નામની માયા પોતાના ચિત્તને જીતવાથી જ નાશ પામે છે,
બીજા કોઈ પ્રકારથી નાશ પામે એમ નથી.
'नास्तिकत्वपरिहारः, शिष्टाचारप्रपालनम् ।
पुण्यावाप्तिश्च निर्विघ्नः शास्त्रादौ तेन संस्तुतिः ।'
અર્થાત્: નાસ્તિકપણાનો ત્યાગ, શિષ્ટ પુરુષોના આચરણનું
અનુસરણ, પુણ્યની પ્રાપ્તિ અને નિર્વિઘ્ને સમાપ્તિ માટે
શાસ્ત્રની શરૂઆતમાં મંગળ કરાય છે.
અદૃશ્ય શક્તિ = ભગવાન, પરમાત્મા કે આત્મા.
દૃશ્ય શક્તિ = સદ્ગુરુ, સંત કે યોગી નામથી સંબોધાય.
નામ-રૂપ જુદાં, છતાં એ શક્તિ એક જ છે,
કે જે ભક્તનું સંરક્ષણ કરે છે.
પરમાત્મા કે સદ્ગુરુ પાસેથી સાચી શક્તિ પ્રાપ્ત કરવાનો
ઉપાય હૃદયના ઊંડાણમાંથી નીકળેલી વંદના-પ્રાર્થના છે.

रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां ।
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥ અર્થાત્:
રુચિની વિચિત્રતાથી, સરલ, કુટિલ, વિવિધમાર્ગોમાં રહેલા
મનુષ્યોને નદીઓને સાગરની જેમ પ્રભુ જ એક શરણ્ય છે.

૦ 'વ્યવહાર' એટલે દૃશ્ય આચાર - વિચારની ક્રિયાઓ.
'પરમાર્થ' એટલે સૂક્ષ્મ તત્ત્વલક્ષી ક્રિયાઓ,
કે જે ધ્યાન, ચિન્તન અને પ્રત્યક્ષ ગ્રાહ્ય હોય.

ઉષા, સમુદ્ર, અગ્નિ, રાત્રિ, કાળ, વાયુ ઇત્યાદિ પ્રકૃતિતત્ત્વો.

સત અને બુદ્ધિ

'बुद्धेस्तत्पक्षपाततः ।'

બુદ્ધિનો સત્ય માટે પક્ષપાત રહેલો છે.

'હું સચેતન તત્ત્વ છું અને
જગત પ્રાણીવર્ગોમાં પણ એવી જ ચેતના છે.'

આ વિચારે સ્વ અને જગત વચ્ચે સમત્વનું દર્શન કરાવ્યું.
ઇંદ્ર, મિત્ર, વરુણ, અગ્નિ ઇત્યાદિ જુદાં જુદાં નામોથી જે
સ્તવાય છે અને ગવાય છે, તે છેવટે એક જ તત્ત્વ છે
અને તે તત્ત્વ એટલે 'સત્' આમ પ્રકૃતિનાં અનેક
પ્રતીકો છેવટે સત્રૂપ પરમતત્ત્વમાં વિશ્રામ પામે છે.

૦

you can acquire truth only by practice.

સમભાવના ઉપાસકો 'સમન' કે 'શ્રમણ' કહેવાયા.
બ્રહ્મના ઉપાસકો 'બ્રાહ્મણ' કહેવાયા.
પહેલો વર્ગ મુખ્યપણે આત્મલક્ષી રહ્યો,
બીજો વર્ગ પ્રકૃતિલક્ષી રહ્યો.

આમ બંને વર્ગોની બુદ્ધિનું આદ્ય પ્રેરક સ્થાન જુદું જુદું હતું, પણ બંને વર્ગોની બુદ્ધિનાં વહેણ તો કોઈ અંતિમ સત્ય ભણી જ વહી જતા હતાં. સમનો આત્મલક્ષી પ્રવાહ છેવટે સમગ્ર વિશ્વમાં ચેતનતત્ત્વ છે અને એકેકું તત્ત્વ બધામાં સ્વભાવે સમાન જ છે, એ સ્થાપનામાં પરિણમ્યું.
પૃથ્વી, પાણી, વનસ્પતિ સુદ્ધાંમાં
તે ચેતનતત્ત્વ નિહાળ્યું અને અનુભવ્યું.

પ્રકૃતિલક્ષી વિચારપ્રવાહ વિશ્વના અનેક બાહ્ય પાસાંઓને સ્પર્શતાં અંતે અંતર તરફ જ વળ્યો અને અખિલ વિશ્વના મૂળમાં એક જ સત્ કે બ્રહ્મતત્ત્વ છે, તેમ જ દેહધારી જીવ વ્યક્તિમાં પણ તે જ છે, એમ જોયું. પહેલાં વિચારપ્રવાહમાં વ્યક્તિગત ચિન્તન સમગ્ર વિશ્વના સમભાવમાં પરિણમ્યું અને તેને જ આધારે જીવનનો આચારમાર્ગ ગોઠવાયો. બીજા વિચારપ્રવાહમાં વિશ્વના મૂળમાં દેખાયેલું પરમતત્ત્વ એ જ વ્યક્તિગત જીવ છે.

જડ કે વ્યક્તિ એ પરમતત્ત્વથી ભિન્ન છે જ નહિ.
એટલું અદ્વૈત સ્વીકાર્યું અને
એ અદ્વૈતને આધારે જ અનેક આચાર્યોની યોજનાઓ થઈ.
'પરસ્પર શાબ્દિક કે સંઘર્ષજન્ય ભેદ હોવા છતાં
બંને પ્રકારો એક જ પરમતત્ત્વને સ્પર્શે છે'
એવું પ્રતિપાદન પરમાર્થ દૃષ્ટિએ છે.

પરમાર્થ દૃષ્ટિ જાતિ, કુળ, વંશ, વેશ, ભાષા કે ક્રિયાકાંડના ભેદોને અતિક્રમી વસ્તુના મૂળગત સ્વરૂપને નિહાળે છે.
એટલે તે સ્તરેજ અભેદ કે સમતા ભણી વળે છે.

પરમાર્થ દૃષ્ટિએ રચેલું ઐક્ય જૈન આગમ,
બૌદ્ધપિટક અને મહાભારતાદિ શાસ્ત્રોમાં જોવા મળે છે.
ગીતામાં બ્રહ્મ અને સમ બંને ઉક્તિઓ જોવા મળે છે.
પણ્ડિતાઃ સમદર્શિનઃ = પંડિત પુરુષો 'સમાન' જોનારા હોય.
સુત્તનિપાતમાં કહ્યું છે કે: એ પરમાર્થદૃષ્ટિ નહિ કે જે 'બરાબર ઉતરતા કે મોટા અને હું શ્રેષ્ઠ' એમ માને.
શ્રમણ પરંપરાઓમાં બ્રહ્મચર્ય-બ્રહ્મવિહાર શબ્દો મળે છે.
એ રીતે શબ્દબ્રહ્મના ભાવ અને બાહ્યસ્થિતિથી સમ જુદું
પડી શકતું નહિ. 'શ્રામણ્યમમલોમાર્ગઃ બ્રાહ્મણ્યમેવ તત્'
શ્રમણપણું એ નિર્મળ માર્ગ છે અને તે જ બ્રહ્મસ્વરૂપ છે.

સમજની પ્રાપ્તિ એટલે કલ્પતરુની પ્રાપ્તિ છે.

જૈનધર્મનું તત્ત્વ ઇંદ્રિયો અને મનોવૃત્તિઓને જીતવામાં છે
અને બ્રાહ્મણધર્મનું તત્ત્વ આત્મામાં વિશાળતા ઉતારવામાં છે.

આટલો સંક્ષિપ્ત ઉપદેશ આપણે ખરું પામી શકીએ
છીએ કે બુદ્ધિ છેવટે એક જ સત્યમાં વિરમે છે
અને સાથે આપણે સૌ પણ સમજી શકીએ છીએ કે
વ્યવહારના ગમે તેટલા ભેદો અને વિરોધો અસ્તિત્વમાં
રહેવા છતાં પણ પરમાર્થદૃષ્ટિ કદાપિ લોપાતી નથી.

ભક્તનો સાચો પોકાર ભગવાનને વિવશ બનાવી મૂકે છે.

ભગવાનને આધીન બનેલા ભક્તને મન
સ્વર્ગ વગેરે બધાં સુખો તુચ્છ છે.

અસાધ્યમાં અસાધ્ય રોગ, વિષમમાં વિષમ વ્યાધિઓ
અને મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિઓ પણ ભક્તની
ભગવાન પ્રત્યે અચલ શ્રદ્ધાને બળે દૂર થયાનું જોવાય છે.

વિશ્વપ્રેમની શૃંખલા કોઈ કાળમાં છિન્નભિન્ન થતી નથી,
કિન્તુ બરાબર ટકતી આવી છે.

એક અરિહંત પછી બીજા અરિહંત ભગવાન થતાં રહ્યાં છે,

જ્યારે અધ્યાત્મ સમજણ પ્રાપ્ત થાય છે,
ત્યારે સંસાર કેવળ ભારરૂપ લાગે છે.

પ્રેમ અને આનંદનો નિત્યનો સંબંધ છે.
વિરક્તિઓને જ આ લબ્ધિ પ્રાપ્ત થાય છે.
દુઃખી સંસારને શાંતિ આપવા માટે તેઓ વિશ્વ ઉપર
શાંતિનો સતત વરસાદ વરસાવી પરમ આનંદમાં રહે છે.

Communism

રાજ્ય વિરૂદ્ધ વિચાર, ઉચ્ચાર કે આચરણ કરનાર
રાજદ્રોહનો ગુન્હો કરનાર ઠરવાથી ઘોર શિક્ષાને પાત્ર થાય છે.
એજ નિયમ તીર્થંકરોના શાસનમાં પ્રવર્તે છે.
તીર્થંકર દેવોની આજ્ઞા વિરૂદ્ધ મનથી-વચનથી-કાયાથી
વર્તન કરનાર, કરાવનાર અને અનુમોદનાર
ગુન્હેગાર બને છે, શિક્ષાને પાત્ર કરે છે
અને કર્મ રાજા આ પ્રવૃત્તિનો નિયમ તેને સજા કરે છે.
કોમ્યુનીઝમની જેમ જ સોશ્યાલીઝમના નિયમો છે.
શ્રેષ્ઠ કર્મમાં પ્રવૃત્ત કરે તે પુણ્ય.
'યેન ય: ધ્રિયતે સ ધર્મ:।'
પુણ્ય અને ધર્મમાં શબ્દભેદ છે, અર્થભેદ નથી.
વસ્તુસ્વભાવ ધર્મ છે. મનુષ્ય વસ્તુ છે, શ્રાવક વસ્તુ છે.
મનુષ્ય-શ્રાવક-વસ્તુનો ધર્મ
કરુણતા સ્વભાવરૂપ છે, તેથી ઉપાદેય છે.

શ્રી

<u>પ્રત્યેક માન્યતાની બે બાજુ: એક દર્શન - બીજી ધર્મ.</u>

<u>દર્શન વિચારરૂપ છે, ધર્મ આચારરૂપ છે.</u>

વિચાર મુજબ આચાર - આચાર મુજબ વિચાર ઘડાય.

દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવનો મહિમા અવર્ણનીય છે.

ધર્મ દ્વારા લૌકિક લાભની ઇચ્છા તે પુણ્ય.

નિરાશંસતા તે ધર્મ.

આશંસાદિ થતા ધર્મમાં કર્તવ્યપાલનની બુદ્ધિ નથી.

કર્તવ્યપાલન જ ધર્મરૂપ છે.

<u>નિદાનરહિત પુણ્યકાર્ય તે ધર્મ છે.</u>

<u>નિદાનસહિત ધર્મકાર્ય તે પુણ્ય છે.</u>

પુણ્ય એ બંધ અને ધર્મ એ સાધન ઇત્યાદિ છે.

એકની પાછળ લાલસા, બીજાની પાછળ કર્તવ્યબુદ્ધિ છે.

બંને ક્રિયા સરખી છે. રાગાંશ બંધનકારક છે, જ્યારે
જ્ઞાનાંશ, દર્શનાંશ, ચારિત્રાંશ બંધનકારક નથી.

તીર્થંકર નામકર્મનો બંધ ચોથાથી આઠમા ગુણસ્થાનકના
છઠ્ઠા ભાગ સુધી, આહારક નામકર્મબંધ ૬-૭ ગુણઠાણે છે.

સમ્યક્ત્વ અને ચારિત્રની હયાતિમાં
જે યોગ અને કષાય છે, તે બંધના હેતુ છે.
તેના અભાવમાં સમ્યક્ત્વ અને ચારિત્ર ઉદાસીન છે.

ચારિત્રમાં પણ દર્શન-જ્ઞાન બે દોરડાં, ખેંચવાવાળો પુરુષ.
જ્ઞાનને શિથિલ, દર્શનને દૃઢ કરવાથી ચારિત્ર નવનીત નીકળે.

दाणं पूजा मुक्खं सावयधम्मो ण सावया तेण विणा ।
झाणज्झयणं मुक्खं ण तं विणा सो वि ॥११॥

(પરિશિષ્ટ-૮)

દયા સહિત ભાવના અને પ્રવૃત્તિ એ ધર્મ છે.

धम्मो दयाविसुद्धो पव्वज्जा सव्वसंगपरिचत्ता ।
देवो ववगयमोहो उदययरो भव्वजीवाणं ॥

-બોધ પાહુડ (પરિશિષ્ટ-૯)

ઉદયકર ભવ્ય જીવોનો

वर वयतवेहिं सग्गो मा होउ णिरय इयरेहिं ।
छायातवट्ठियाणं पडिवालंताण गुरुभेदं ॥

મોક્ષ પાહુડ (પરિશિષ્ટ-૧૦)

0 પત્થરના બોજ કરતાં રત્નનો બોજ સારો.

0 મોક્ષમાર્ગ ન થવામાં વ્રત-તપ બાધક નથી,
પણ વ્રત-તપનો પ્રકર્ષ થવામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ બાધક છે.

0 મનુષ્યપણાનો સાર જ્ઞાન છે,
જ્ઞાનનો સાર દર્શન, દર્શનનો સાર ચારિત્ર
અને ચારિત્રનો સાર નિર્વાણ છે.

પ્રોફેસર થવું હોય તો M.A. પાસ થવું જોઈએ,
પણ M.A. થવું હોય તો કાંઈ ભણવું જોઈએ કે નહિ?

o 'તપસા નિર્જરા ચ |'

અર્થાત્: તપથી સંવર અને નિર્જરા બંને થાય છે.
ગુપ્તિ, સમિતિ, ધર્મ અનુપ્રેક્ષાથી કેવળ સંવર થાય છે.
કેવલી તથા શ્રુતકેવલીના આધારે તીર્થંકરત્વ છે,
તો પણ તે તીર્થના નિમિત્ત છે, પ્રવર્તક નહિ.

(૭) આત્મા = બધા આત્મા એક છે - એકરૂપ છે.
આ દ્રષ્ટિ સમજ આવતાં આપણી જેમ બધાના સુખ
ઉપર મુદિત (હર્ષિત) - બધાનાં દુઃખ પર કરુણાર્દ્ર બને છે.
આથી વિશ્વના આત્માઓ સાથે અભેદ અનુભવે છે.
આ અભેદ ભાવના જ્યારે એની ટોચે પહોંચે છે,
ત્યારે જ આત્મા સિદ્ધત્વની પરાકાષ્ઠાએ પહોંચે છે
અને એનું મૂળ પરમાત્મસ્વરૂપ પૂર્ણપણે પ્રકટે છે.

o તીર્થંકર નામકર્મ બંધ કરવાવાળા આત્માઓમાં
સંસારનું કલ્યાણ કરવાના તીવ્રતમ
અને ઔત્સુક્યપૂર્ણ પરિણામ થાય છે કે
'મને એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાઓ
કે જેથી હું સમસ્ત સંસારનું કલ્યાણ કરી શકું.'

આ જાતિના શુભ રાગભાવથી
તીર્થંકર નામકર્મની પ્રકૃતિનો બંધ કરી
પરમૈશ્વર્ય સંપન્ન મહાવિભૂતિધારી તીર્થંકર થાય છે
અને ધર્મતીર્થની પ્રવૃત્તિ કરે છે.
એ તીર્થના પ્રભાવે જ જગતના જીવોને
ધર્મનો વિચાર અને આચાર પ્રાપ્ત થાય છે.

## ધર્મધ્યાન અને શુક્લધ્યાન

સાક્ષાત્ મોક્ષનું કારણ ચોથું એવું શુક્લધ્યાન છે.
પહેલાંના ૩ શુક્લધ્યાન અને તે પહેલાંના ૪ ધર્મધ્યાન
તેમ જ દેવ પૂજા, દાન, તપ, વ્રત આદિને
મોક્ષના કારણના કારણો માનવા જોઈએ.
શુક્લનું કારણ ધર્મ અને ધર્મનું કારણ ભદ્રધ્યાન છે.
ધર્મધ્યાન ૭મે ગુણઠાણે છે.
તે પહેલાં ધર્મ, આર્ત અને રૌદ્ર પણ હોય છે.
તે જ્યાં ધર્મ નહિ, તો પણ ભદ્ર પરિણામ છે.
તેઓમાં જેટલા અંશે ધર્મચિન્તન છે,
તેટલા અંશે મોક્ષકારણતા છે.
ધર્મ એ સુખનું - મોક્ષનું કારણ છે,
પણ અશુભ એટલે કે સંસારનું કારણ નહિ.

પૂજાનો અર્થ 'સત્કાર કરવો' તે છે. નમસ્કાર કરવો એ પણ સત્કારનું જ એક અંગ છે, તેથી પૂજા જ છે. પૂજા એ બંધનું કારણ, તો નમસ્કાર કેમ નહિ?

સ્વાત્માનુભૂતિ એ સમ્યગ્દર્શન છે.

પોતાના આત્માનો અનુભવ કે દર્શન એ જ સમ્યગ્દર્શન છે.

'પોતાના આત્મા જેવા જ જગતના આત્મા છે'

એમ માની દાન-દયાદિમાં પ્રવૃત્ત થવું તે એનો ફળ છે.

'પરમાત્મા જેવો જ પોતાનો આત્મા છે'

એમ માનીને પૂજન-અર્ચનમાં પ્રવૃત્ત થવાથી

સ્વ શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે.

## આત્માને ૨ વાત

(૧) હે આત્મન્! ઘોર ગંધાતા કાળા કાજળ જેવા વિરૂપ વિષ્ટાના પરમાણુને તું તિરસ્કારની નજરે નિહાળે છે તે શું યોગ્ય છે? એ પરમાણુએ અનંત જીવોને વસ્ત્ર, પાત્ર, ઔષધ, ઘર રૂપે બની સંયમમાર્ગમાં સહાય કરી છે, તેં નિઃસ્વાર્થભાવે કોનું હિત કર્યું છે? તે વિચાર!

(૨) આત્મન્! જડનો એક અણુ તને શિખામણ આપે છે, જરા કાન દઈ સાંભળ: 'હે અનંત જ્ઞાન-આનંદ-સુખ-વીર્યના સાગર! જીવ! તું ખાન, પાન, માન અને સ્થાન માટે

श्री

તરફડે છે. મારી સામે જો! અનાદિકાળથી કોઈની પરવા
વિચાર્યા તું મારે સ્વરૂપે રહ્યો અને અનંતોકાળ રહીશ.

ઓ ભાઈ!

તું તારા સ્વરૂપમાં આવ જા તો તારા ભીખારીવેડા મટશે.

ઉપદેશ દ્વાદશાંગીનો સાર

મન-વચન-કાયાના ત્રણે યોગો દ્વારા કુશળ પ્રવૃત્તિ કરીને,
અકુશળ પ્રવૃત્તિ તજને મુક્તિ સાધવી.

o ભાષાના ૪ પ્રકાર વ્યવહારનયથી છે.
નિશ્ચયનયથી ભાષાના માત્ર ૨ પ્રકાર છે.
જેનાથી સ્વપરહિત થાય તે સત્ય, અહિત થાય તે અસત્ય.
સ્થાપના સત્ય = એક ઉપર એક મીંડી સ્થાપવા તે ૧૦,
૨ મીંડી સ્થાપવાથી ૧૦૦, ૩ મીંડીથી ૧૦૦૦ ઈત્યાદિ.

o પ્રત્યેકમાં અંશે સારા-નરસાપણું રહેલ છે.
તેમાં સારાની અનુમોદના, નરસાની ઉપેક્ષા કરવી
એ સાધુનો આચાર છે.

o અશુભ ભાવો વિષ્ટાદિની જેમ દુર્ગંધ ફેલાવે છે
અને રાગાદિ રોગને વધારે છે.
શુભ ભાવો પુષ્પાદિની જેમ સુવાસ ફેલાવે છે
અને ક્ષમાદિ આરોગ્યને પ્રગટ કરે છે.

શારીરિક સુખની ઇચ્છા મોહજન્ય છે,
માટે સાધુએ વિવિધ પરિષહોને સહવા જોઇએ.
જગતને સર્વથી અધિક રાગ શરીર ઉપર હોય છે
અને તેનો સર્વથી અધિક દ્રોહ પણ શરીર જ કરે છે.
આ વિષમતાથી બચવા પરિષહોને સહન કરવા જરૂરી છે.

0 ગુણ પ્રત્યે પક્ષપાત અને
દોષ પ્રત્યે પ્રતિપક્ષભાવ પ્રગટાવવો જોઇએ.
અકાર્ય કરતાં લજાવું તે ગુણ.
અકાર્યનું પ્રાયશ્ચિત કરતાં લજાવું તે ભય, માટે દોષ.

0 શુભ મનોરથો લાંબો કાળ ટકતા નથી.
કદાચ ટકે તો સફળ કરનારી સામગ્રી ટકતી નથી.

0 અભ્યંતર તપ સંયમના આત્મભૂત છે.
બાહ્ય તપ સંયમના શરીરરૂપ છે.

રોઇ (अ) य नायपुत्तवयणे
अत्तसमे मन्निज्ज छप्पिकाए ।
पंच य फासे महव्वयाइं
पंचासव संवरे जे स भिक्खू ॥ (પરિશિષ્ટ-૧૧)

'રૂચિ કરીને' એટલે શ્રદ્ધારૂપે જાણીને - ક્રિયારૂપે પાળીને.
પોતાને ઉચ્ચ માનવાથી ઉંચે જવાનું બંધ અટકે છે અને
અભિમાનના ભારથી દબાયેલો નીચે ઉતરે છે.

જેમ ઘોડાને લગામ, હાથીને અંકુશ અને વહાણને શઢ છે,
તેમ અજ્ઞાન અને મોહકર્મને પરવશ જીવને માટે
જ્ઞાનીઓનાં વચન છે.

૦ સંસારની Bright and Black બાજુ હોય છે.
ધર્મની ઉજળી અને સંસારની કાળી બાજુ જોવી તે
સમ્યગ્દૃષ્ટિ છે. એથી વિપરીતદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે.
ચારિત્ર ધર્મમાં કષ્ટ છે, પણ ઝવેરાતનો વેપાર છે.
સંસારમાં ધર્મ સુખકર છે, પણ તેલ-મરચાંનો વેપાર છે.

દુઃખ પ્રકૃતિજન્ય છે.

પ્રકૃતિ પલટી શકાય, પણ સંસારનો સ્વભાવ નહીં.
વિશ્વની પ્રકૃતિ ન બદલી શકાય, પોતાની બદલી શકાય.
સુખી થવાનો માર્ગ સ્વપ્રકૃતિ બદલાવવી તે છે.
સર્વની પ્રકૃતિ બદલાવવી તે સુખી થવાનો માર્ગ નથી.
સ્વપ્રકૃતિનું પરાવર્તન સમ્યગ્જ્ઞાન અને દર્શનથી થાય છે.
વિશ્વપ્રકૃતિનું સહન સમ્યક્ચારિત્રથી થાય છે.

कामभोगा बहुसाहारणा | અર્થ: કામભોગો ઘણા બધા
જીવોએ ભોગવેલાં છે (તારા એકલાના - અંગત નથી).

૦ રાજાને રાણીઓના અને રંકને સ્વસ્ત્રીઓના ભોગોમાં
કંઈ તફાવત નથી. સર્વને અસાર અને તુચ્છ છે.

पावाणं च खलु भो कडाणं कम्माणं पुव्विं
दुच्चिण्णाणं दुप्पडिकंताणं वेइत्ता मुक्खो,
नत्थि अवेइत्ता, तवसा वा झोसइत्ता ।
-दशवै० प्रथमा चूलिका (परिशिष्ट-१२)

राज्यलक्ष्मी राजा, पद्मलक्ष्मी नगरशेठ अने
रूपलक्ष्मी देवतानी जेम धर्मलक्ष्मी जिनशासनना प्राण छे.
प्रतिक्रमण, पडिलेहण, स्वाध्याय, तप, जप, वैयावच्च,
विनय वगेरेमां गीत, नृत्य, वाजिंत्र वगेरेना सुखो
भोगवतां अदीन मनवाळा देवोनी जेम सुख भोगवे छे.
हास्य-शृंगारादि करतां शांतरस-वात्सल्यरसनो आनंद वधु.
० पर्यायनी वृद्धिमां सुखनी वृद्धि छे.
पर्यायनी वृद्धि विना अध्यात्मनी वृद्धि सुलभ नथी.

संयमी साधुनुं सुख केवुं होय ?

◎ वाणव्यंतर देवोने जेवुं सुख होय, तेवुं सुख
१ मासना संयम पर्यायी संयमी साधु अनुभवता होय छे.

◎ असुरकुमार देवोने जेवुं सुख होय, तेवुं सुख
२ मासना संयम पर्यायी संयमी साधु अनुभवता होय छे.

◎ भवनपति देवोने जेवुं सुख होय, तेवुं सुख
३ मासना संयम पर्यायी संयमी साधु अनुभवता होय छे.

- જ્યોતિષી દેવોને જેવું સુખ હોય, તેવું સુખ ૪ માસના સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ અનુભવતા હોય છે.
- સૂર્ય-ચંદ્રના દેવોને જેવું સુખ હોય, તેવું સુખ ૫ માસના સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ અનુભવતા હોય છે.
- સુધર્મ અને ઈશાન દેવોને જેવું સુખ હોય, તેવું સુખ ૬ માસના સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ અનુભવતા હોય છે.
- સનત્કુમાર અને માહેંદ્ર દેવોને જેવું સુખ હોય, તેવું સુખ ૭ માસના સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ માણે છે.
- પાંચમાં-છઠ્ઠા દેવોને જેવું સુખ હોય, તેવું સુખ ૮ માસના સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ અનુભવતા હોય છે.
- ૭-૮માં દેવલોકના દેવોને જેવું સુખ હોય, તેવું સુખ ૯ માસના સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ અનુભવતા હોય છે.
- ૯-૧૦-૧૧-૧૨માં દેવલોકના દેવોને હોય, તેવું સુખ ૧૦ માસના જ સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ અનુભવે છે.
- નવગ્રૈવેયક દેવલોકના દેવોને જેવું સુખ હોય, તેવું સુખ ૧૧ માસના સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ અનુભવતા હોય છે.
- અનુત્તર દેવલોકના દેવોને જેવું સુખ હોય, તેવું સુખ ૧૨ માસના સંયમ પરિશુદ્ધ સંયમી સાધુ અનુભવતા હોય છે.

अणुसोओ संसारो पडिसोओ तस्सुत्तारो | અર્થાત્ અનુશ્રોત સંસાર છે. પ્રતિશ્રોત તેનો ઉતારવાનો માર્ગ છે.

વિગઈઓ રાગપૂર્વક વાપરનારને આગમો તથા છેદસૂત્રો વાંચવા અથવા ભણવાનો અધિકાર નથી.

ઐદંપર્યાર્થ = શાસ્ત્રવચનો પરસ્પર બાધક ન થાય તેવા જિનાજ્ઞાપૂર્વકની સમજ પારમાર્થિક અર્થ પ્રમાણેનું વર્તન.

अरिहा सिद्धायरिया उवज्झाया साहु पंचपरमिट्ठी |
ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं ||
मा चिट्ठह मा जंपह मा चिन्तह किंवि जेण होइ थिरो |
अप्पा अप्पम्मि रओ इणमेव परं हवे झाणं ||१||

(પરિશિષ્ટ-૧૩)

सहज-शुद्ध-ज्ञान-दर्शन-स्वभावपरमात्म-
तत्त्व-सम्यक्-श्रद्धान-ज्ञानानुचरण-रूपाभेद-
रत्नत्रयात्मक-परमसमाधि-समुद्भूत-
सर्व-प्रदेशाह्लाद-जनकसुखास्वाद-
परिणति-सहिते निजात्मनि रतः
परिणतस्तल्लीयमानस्तच्चित्तस्तन्मयो भवति |
इदमेवात्मसुखस्वरूपे तन्मयत्वं,
निश्चयेन परमुत्कृष्टं ध्यानं भवति |

(પરિશિષ્ટ-૧૪)

પરમાત્મામાં આત્માને જોવો એ ભેદ પ્રણિધાન છે.
આત્મામાં પરમાત્માને જોવો એ અભેદ પ્રણિધાન છે.
સર્વ પ્રાણીમાત્રને આત્મતુલ્ય જોવા, જાણવા, અનુભવવા
અને આત્માને પરમાત્મતુલ્ય જોવો, જાણવો, અનુભવવો
એ અનુક્રમે વ્યવહાર અને નિશ્ચય રત્નત્રયનું સ્વરૂપ છે.
દાન, દયા એ વ્યવહાર રત્નત્રયનું ફળ છે.
પૂજન, ભક્તિ એ નિશ્ચય રત્નત્રયનું ફળ છે.

<u>આપો અને મેળવો</u>

સર્વ પ્રાણીઓને આત્મતુલ્યતા આપો અને
પોતાના આત્માને પરમાત્મતુલ્યતા મેળવો.
સર્વ આત્માઓને આત્મતુલ્યતા આપવી,
તે આપવાની ક્રિયા છે અને
પોતાની પરમાત્મતા પામવી એ મેળવવાની ક્રિયા છે.
જેની પાસેથી મેળવવાનું હોય, તેને નમવું જોઈએ.
હું જેવો લાભ જગતઓને આપું છું,
તેવો લાભ મને પ્રભુ પાસેથી મળો.
પ્રભુ પાસેથી આપણે તેટલું જ મેળવીએ છીએ કે
જેટલું આપણે જગતને આપીએ છીએ.
જગત જીવોને આપણે આત્મતુલ્યતા આપીએ છીએ,
તો પરમાત્મા પાસેથી આપણે પરમાત્મતુલ્યતા પામીએ.

બાળકોને સમાનભાવ આપશો, તો સમાનભાવ મળશે જ.
જીવત્વભાવ આપી બદલામાં મેળવવાનો છે શિવત્વભાવ.
અલ્પ આપીને બહુ મેળવવું તેનું નામ 'ધર્મકળા' છે.
વાણિજ્યકળા = અલ્પ મૂલ્યે આપી અધિક મૂલ્યે મેળવવું.
આપણે જીવોને આપણો માનુષભાવ આપીએ છીએ,
બદલામાં આપણે પરમાત્માનો દિવ્યભાવ મેળવીએ છીએ.
માનુષભાવ આપી દિવ્યભાવ મેળવવો એ પરમબુદ્ધિમત્તાનું
લક્ષણ છે. જો આપણે માનુષભાવ નહિ આપી શકીએ,
તો દિવ્યભાવ નહિ મેળવી શકીએ.

તેથી બાળ જીવોને ભાવ આપવામાં જરા પણ કૃપણ ન થવું.
કૃપણતાથી બચવા માટે પૂર્ણ ભાવ આપવો જોઈએ.

o

Give utmost & receive the utmost.
Do your best & leave the rest to God.

## Steps of concentration

| | | |
|---|---|---|
| પ્રાણાયામ | = | Mysticism. |
| યમ-નિયમ | = | Moral - Ethical. |
| સંયમ | = | Unbroken meditation. |
| સ્વાધ્યાય | = | Intellectual cultural. |
| ઈશ્વર પ્રણિધાન | = | Emotional - devotional. |

# ભયરહિત થવાનો ઉપાય

નવકારથી સઘળા ભય નાશે છે.
તેનું કારણ સર્વ જીવો પ્રત્યે પ્રેમ પ્રગટે છે.
ભયનો પ્રતિકાર સર્વ જીવો પ્રત્યેનો પ્રેમ છે.
અરિહંતોનો નમસ્કાર જીવને નિર્ભય બનાવનાર છે.
તેનું કારણ સર્વ જીવો પ્રત્યેના પ્રેમ વડે
અરિહંતોએ ભાવશત્રુ જીતી લીધા છે.
'ભાવશત્રુ' એટલે શત્રુભાવ.
સર્વ જીવો પ્રત્યેનો શત્રુભાવ, પ્રેમભાવથી જ જીતાય.
અરિહંતોએ સર્વ જીવો પ્રત્યે સદા પ્રેમ વર્ષાવ્યો છે કે
જેમના અંતરમાં કોઈ પ્રત્યે શત્રુભાવ રહ્યો નથી.
પ્રેમભાવ વિના શત્રુભાવ - શત્રુભાવ ગયા વિના રાગાદિ
જીતાય નહિ. રાગાદિ જીતાયા વિના ઘાતિકર્મનો નાશ અને
કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય નહિ. કૈવલ્ય માટે મોહક્ષય,
તે અર્થે રાગાદિનો જય અને તે વિના ભયનો જય ન થાય.
ભયનો જય કરવા માટે પ્રેમનો આવિર્ભાવ થવો જોઈએ.
સર્વ જીવ પ્રત્યે પ્રેમ પ્રગટાવવો એ જ પરમ કર્તવ્ય,
પરમ ધર્મ અને સર્વ કર્મના ક્ષયનું કારણ છે.
જે અંતઃકરણમાં સર્વ જીવને રહેવાનો અવકાશ છે,

તે અંતઃકરણમાં સત્યનો ત્યાગ કરી અકુળાને જ રહેવાનો
આગ્રહ બધા આપત્તિ, ઝઘડા, ક્લેશ તથા કષાયોનું મૂળ છે.

સર્વ જીવોને અવકાશ આપ્યા વિના
સંકુચિતતા, તજ્જન્ય તુચ્છતા વગેરે ટળે નહિ.

ક્ષુદ્રો લોભરતિર્દીનો માયાવી ભયવાન્ શઠઃ ।
અજ્ઞો ભવાભિનન્દી સ્યાત્ નિષ્ફલારંભ-સંગતઃ ।

તુચ્છતા ક્ષુદ્રતારૂપ છે. ક્ષુદ્રતા લોભને જન્માવે છે.
લોભ દીનતાને, દીનતા માયાવૃત્તિને, માયાવૃત્તિ ભયને,
ભય શઠતાને, શઠતા અજ્ઞતા, ભવાભિનન્દિતા અને
નિષ્ફલારંભતા વગેરે દોષોની પરંપરાને જન્માવનાર છે.
તેમાંથી બચવા માટે ક્ષુદ્રતા, તુચ્છતા ટાળવાને ઉદારતા,
વિશાળતા, ઉચ્ચતા અને ઉદાત્તતા પ્રગટાવવા જોઈએ.

એ ઉદાત્તતા બીજું કોઈ નહિ પણ
સર્વ જીવોને પોતાના હૃદયમાં સમાન સ્થાન આપવું તે છે.
સમાનતા, ઉદારતા, વિશાળતા વગેરે એકાર્થક છે,
તે આવ્યા વિના ભય, શંકા વગેરે ટળે નહિ.

પ્રેમથી જ ભય, શંકા, ચંચળતા વગેરે ટળે છે અને
તે ટળવાથી નિર્ભયતા, નિઃશંકતા, નિશ્ચલતા વગેરે પ્રગટે છે.
સૌ જીવોને હૃદયમાં સમાન સ્થાન આપવું એ પ્રથમ ધર્મ છે,

પ્રથમ મંગળ છે, પ્રથમ અને પ્રધાન શરણ છે.
બીજાને શરણ કે આનંદ આપ્યા વિના
પોતાને શરણ કે આનંદ ક્યાંથી પ્રાપ્ત થાય?
બીજાને આનંદ આપવાથી પોતાને આનંદની પ્રાપ્તિ થાય.
આનંદ એ નિર્ભયતા-નિઃશંકતા-નિશ્ચલતાના પ્રકૃતિ છે.
નિર્ભયતા એ અહિંસાનું બીજું નામ છે.
અહિંસા ન હોવી એ જ મોટું પાપ છે.
સર્વ જીવો પ્રત્યે પ્રેમ ન પ્રગટાવવો
એ જ સૌથી મોટો અપરાધ છે.
બાકી બધા અપરાધ એના સંતાન છે.
o શાંતિ કરતાં સ્વતંત્રતા શ્રેષ્ઠ છે, કિન્તુ
સત્ય એ સ્વતંત્રતા કરતાં પણ ચઢિયાતી વસ્તુ છે.
જૈનશાસન જેવું ધર્માનું વિશિષ્ટ સ્થાન બીજે ક્યાંય નથી.
કોઈપણ મનુષ્ય અધર્મ ન પામે તેની તેમાં વિશેષ કાળજી છે.
બીજાને અધર્મ પમાડનાર બોધિદુર્લભ બને, કારણ કે પોતાના
અયોગ્ય વર્તનથી બીજો ધર્મવિમુખ બને તેમાં પોતે બેવડા
અપરાધ કરે. એક તો અધર્મ કર્યો તે અને બીજાને
અધર્મનું નિમિત્ત બન્યો તે. પરને ધર્મ પમાડવાની ધગશ
જૈન સંઘમાં જળવાઈ છે, તે જવાબદારીનું અનન્ય પ્રતીક છે.

એવા દાગશ જાણે નહિ, તે એમ સૂચવે છે કે જૈનને પોતાના ધર્મનો છે, તેવા કીમત જાણકારોને પોતાના ધર્મની વસા નહિ. તેમ થવાનું કારણ જિનેશ્વર દેવ અને તેમની વિશ્વકલ્યાણની ભાવના જૈન ધર્મનું મૂળ છે. જગમાત્રને ધર્મ અને સુખ પમાડવાની જે લાગણી શ્રી જિનેશ્વર દેવો અને તેમના તીર્થમાં રહેલા છે, તે લાગણી જાણે ન હોવાના કારણે જાણકારોમાં માનવોના સ્થૂલ દયાનો વિચાર હોવા છતાં સૂક્ષ્મદયાનો વિચાર દેખાતો નહિ.

જાણ ધર્મો પોતપોતાના ધર્મની અને
અનુયાયીઓની ઉન્નતિ માટે છે.
જૈન ધર્મ સર્વ જીવોના સુખની ઉન્નતિના કારણે
પોતાના ધર્મની ઉન્નતિ માટે છે.
ઈતર જાણ ધર્મો અને જૈનધર્મ વચ્ચે તફાવત છે.
જૈનધર્મની વિશાળતા અનંત હોવાથી
અનુયાયીઓમાં ધર્મની દાગશ અનંત છે.

o જે અનાત્મ છે, તેનો ત્યાગ કરવો એ 'વૈરાગ્ય' છે.
આત્મામાં સ્થિર રહેવું એનું નામ 'જ્ઞાન' છે.
સત્ત્વ એક છે અને તે આત્મસાક્ષાત્કાર છે.
વૈરાગ્ય એનું નિષેધાત્મક સ્વરૂપ છે.
આત્મસ્થિરતા એનું ભાવાત્મક સ્વરૂપ છે.

શ્રી

૦ મૌન ૪ પ્રકારે : વૈખરીનું, આંખનું, કાનનું અને મનનું.
મનનું મૌન જ ખરું મૌન છે અને મૌનથી ચઢિયાતો કોઈ ઉપદેશ નથી. વિચારોનું નિરાકરણ એ જ મૌન છે.

દુઃખ પોતે વિચારરૂપ છે.

વિચારોને દૂર કરવા ભક્તિ ધ્યાન અને જપ છે. આસક્ત માટે ક્યાંય એકાંત નથી. અનાસક્ત માટે સર્વત્ર એકાંત છે. ઈશ્વર, ગુરૂ અને આત્મા એક જ છે.
કામનાઓને શાંત કરવાનો સાચો ઉપાય બે પ્રશ્નો છે:
કામના કોને થાય છે? ક્યાં ઉત્પન્ન થાય છે?
આના ઉત્તર મળતાં જ કામનાના મૂળ ઊખડી જાય છે.
આત્મા પણ વસ્તુતઃ મનોનિગ્રહનું જ બીજું નામ છે.
જ્યારે આપણે સતત જુએ છે કે ખરી રચના તો આત્મા છે અને તે બળવાન છે, ત્યારે તે નમ્ર બને છે.
એ શરણાગતિ જ આત્માર્પણનો પ્રારંભ છે.

૦ આ જગતમાં બે સાર: એક રૂપ અને બીજું નામ.
રૂપ દેહની સાથે મૃત્યુ પામે છે, પરંતુ નામ કદી મરતું નથી.
નામનાં આત્મસિદ્ધિ વધુ કોઈ આત્મસિદ્ધિ છે નહિ.
નામનાં અક્ષરોમાં અનુરાગનો સાગર ભરેલો રહ્યો છે, જેનું માપ કોઈ કાઢી શકતું નથી.

નામ મૌન રહેશે, તો બધું જ મૌન બની જશે. નામ જ
એક પરમમાહાત્મ્ય છે. હવાના હર પૃષ્ઠ પર તે બોલે છે
અને અંતિમ કાળરાત્રિ સુધી બોલતું રહેશે !!!

એક જ વિચાર ઘણા અવકાશને પૂરી દે છે.

જેમ અવાજ જેટલો સ્પષ્ટ અને બુલંદ, તેટલો વધારે દૂર
જઈ શકે, તેમ વિચારો જેટલા સ્પષ્ટ અને જોરદાર,
તેટલા તે વધારે દૂર જઈ શકે. વિચારો સાદા-મિશ્ર હોય.
'સૌ સુખી થાઓ' એ સાદો વિચાર છે અને 'મારા સ્નેહી
સુખી થાઓ' મિશ્ર વિચાર છે, કેમકે સ્વાર્થનું મિશ્રણ છે.

મનુષ્ય જ્યારે પોતાના કામમાં મશગૂલ હોય,
ત્યારે જેમ આપણો અવાજ તેમને સંભળાતો નથી,
એમ માણસો જ્યારે પોતાના વિચારોમાં પરોવાયેલા હોય,
ત્યારે આપણા વિચાર તેને અસર કરી શકતા નથી.

એક માણસના વિચારનાં આંદોલન
બીજા માણસના મનને અથડાતાં
તેનામાં તે પ્રકારનાં વિચારો ઉત્પન્ન કરે છે.
વિચારો ચેપી હોય છે અને ફેલી શકાય.

જીવનમાં અનિષ્ટ વિચારો સમાન કોઈ પિશાચ નથી
અને પવિત્ર વિચારો સમાન કોઈ દેવદૂત નથી.

અદૃશ્ય દુનિયાના આ નાગરિકો જ નિયમોને આધીન છે:
(૧) જેવા વિચારો એવો આકાર (૨) વિચારને અનુરૂપ રંગ
(૩) વિચારની જેટલી સ્પષ્ટતા, એટલી આકૃતિની સ્પષ્ટતા.
(૪) જેટલું અને જેવું વિચારોનું બળ અને સ્થિરતા, એટલો દેવદૂત-પિશાચનો કાળ અને એવું એમનું કદ.

૦ આ વિશ્વની પરમ અદ્ભુત યોજનાનું સ્વરૂપ યથાર્થપણે સમજી શકાય તો વ્યક્તિ જીવનના ભાનરૂપી બંધનમાંથી મુક્ત થઈ સમષ્ટિ જીવનના વિકાસ, બહુવ્યાપી, ભવ્યતર જીવનના ભોક્તા બની શકાય. બંધન-મુક્તિ સ્થળાંતરરૂપ નહિ, પણ ભાનાન્તરરૂપ છે, ઉપયોગ-ભાન-શક્તિના ઉચ્ચતર પરિમાણરૂપે છે. વિશ્વ અને આત્માની યથાર્થ સમજણ વિના એ ભાન અને એ ઉપયોગ ઉદયમાન થવો અસંભવિત છે.

<u>એક આત્મા સર્વ સાથે અભેદભાવ સંબંધે યુક્ત છે.</u>
જેમ સર્વ સર્વના માટે છે, તેમ એક સર્વના માટે છે અને સર્વ એકના માટે છે, કેમકે એક સર્વથી અભિન્ન છે અને સર્વ એકથી અભિન્ન છે. વિશ્વમાં પ્રતીત થતાં પ્રત્યેક સ્થળાંતર, સ્થાનાંતર, સ્થિત્યંતર અને પરિમાણાંતર અર્થયુક્ત છે. કશું જ અકારણ, હેતુશૂન્યપણે થતું નથી, એમ જ્ઞાનીજનોની દૃષ્ટિ જુએ છે.

શ્રી

० સુખના મૂળ કારણરૂપે પોતાનું સ્વરૂપ જ છે,
પણ બાહ્ય પ્રાણી, પદાર્થ કે પરિસ્થિતિ નહિ.
આત્માના અંતરતમ પ્રદેશોની પરિતૃપ્તિ કોઈપણ બાહ્ય
વસ્તુથી કદી જ થતી નહિ એવો ઈશ્વરી નિયમ છે.
બાહ્ય વસ્તુનું પરાધીનપણું જ
આપણા દુઃખ અને ક્લેશનું કારણ બની આવે છે.
હું મારી ક્ષુદ્ર સત્તા વડે નહિ, પરન્તુ મારા સ્વરૂપ પાછળ
જે અનંત શક્તિમાન સત્તા રહેલી છે, તે વડે કામ કરું છું.
અમુક વસ્તુમાં કે સ્થિતિમાં સુખ છે,
એવી માન્યતામાં જ ઝેરી ડંખ રહેલો છે.

० મોહ સ્વાર્થની ગંધવાળો હોય છે, જ્યારે
પ્રેમ સ્વાર્થરહિત અને નિર્હેતુક હોય છે.

० શાંત અક્ષુબ્ધ પાસીફીક મહાસાગરનો
તરંગરહિત જળસમૂહ જોઈ તેમાં કશું ઉંડાણ નહિ
એમ મૂર્ખ મનુષ્ય જ માની લે.
સમુદ્રના વાસ્તવિક ઉંડાણનું ધોરણ એના
તોફાન ભરેલી સ્થિતિ નહિ,
તેમ વ્યવહાર, ડહાપણ અને ચતુરતાનું ધોરણ કાંઈ
ધમાધમ કે શોરબકોર કરી દુનિયાનું ધ્યાન ખેંચવામાં નહિ.

૦ મહાપુરુષોની ઉચ્ચ સ્વરે ઘોષણા છે કે:
'પ્રેમ. વધુ અધિક પ્રેમ. તેથી વધુ અધિક પ્રેમ. પ્રેમમય બનો. વિશ્વને, સમસ્ત વિશ્વને તમારા પ્રેમના આશ્લેષમાં ગ્રહી લ્યો. સાચા પ્રેમનું સુખ, જેના પ્રતિ એ પ્રેમનો પ્રવાહ વહતો હોય છે, તેના સુખમાં રહેલું છે.'

ખરો પ્રેમ નિરંતર કહે છે કે:

'આપો, આપો, આપો.'

ખોટો પ્રેમ કહે છે કે:

'મને આપો, મને આપો, મને આપો.'

સાચો પ્રેમ સૂર્યપ્રકાશની જેમ સ્વાર્થરહિત ચોતરફ ફેલાય. જ્યાં જ્યાં સાચો પ્રેમ પડે છે, ત્યાં ત્યાં આનંદ, ઉત્સાહ, સ્નેહમયતા, સૌંદર્ય અને મંગળનો ઉન્મેષ કરે છે.

૦ જે વિષયમાં મમતા અને સ્વાર્થ ભળેલ હોય છે, તે વિષય આખરે મરે છે, મરવાના સ્વભાવવાળો છે. તેના ઉપર આધારિત સુખ મૃત્યુકાળે અનંત વેદના પ્રગટાવે.

અનાસક્તિનો અર્થ પ્રેમવિહીનતા નહિ,
પણ અનંત પ્રેમમયતા છે.

વિશુદ્ધ, નિર્મળ, વિકારની ગંધ વિનાનો અને
સ્વાર્થના અંશરહિત પ્રેમ એ જ પ્રેમ છે.

જીવનના અસ્તિત્વ અને કુદરતી પદાર્થોમાં નહિ ગૂંચવાઈ
જવામાં જ અનાસક્તિની મૂળભૂત ભાવના અને
નિષ્કામ કર્મયોગનું અંતિમ રહસ્ય રહેલું છે.

o મૂર્ખ માને છે કે:

કર્તવ્ય અને ફરજોની વેઠ કોઈ વેરી સત્તાએ વળગાડી
દીધી છે અને હવે તે વેંઢાર્યા વિના છૂટકો નથી.

Imp. જ્ઞાની મહાત્મા માને છે કે:

એક મહાન કલ્યાણકર સંપૂર્ણ મંગળવિધાનનો એક
જીવંત હસ્તી છે. આપણા ભાગે જે કાંઈ કાર્યનો હિસ્સો
આવેલો છે, તે બજાવવા લેવામાં મહાન ઈશ્વરી યોજના
પૂર્ણ થવાનો કોઈ પરમકલ્યાણકર સંકેત સમાયેલો છે.
આપણું વર્તમાન કાર્ય આપણી પોતાની અને સમસ્ત
વિશ્વની ઉત્ક્રાંતિ માટે અનિવાર્યપણે આવશ્યક છે.
આ વિશ્વમાં આપણું કોઈપણ અનિષ્ટ ન કરી શકે
એના માટે બે અગત્યની બાબતો: પ્રેમ અને વિશ્વાસ.
આ બે સદ્ગુણોની આપણા બંધારણમાં જમાવટ થયા બાદ
આપણને ડરવાનું લેશમાત્ર કારણ નથી.
એક નબળા મનવાળો મનુષ્ય પણ જો પરમાત્મામાં શ્રદ્ધા
અને પ્રાણીમાત્ર પ્રતિ પ્રેમભાવયુક્ત હોય,

શ્રી

તો ગમે તેવા પ્રબળ મનોરથવાળા
સ્વાર્થી પુરુષની સત્તા તેના ઉપર ફાવી શકતી નથી.
ઈશ્વરની અવધિએ પહોંચેલા પરમ યોગીપુરુષો પોતાની
સત્તાનો ઉપયોગ કોઈપણ કાળે સ્વાર્થી હેતુ માટે કરતાં નથી.
આવા મહાજનોનું મનોબળ વિશ્વનો ઉપકાર સાધી શકે.
તેથી વિચારોના અતિ પ્રબળ સત્યો યોગરૂઢ કેળવે છે કે
જેને જેને તે સત્યોની જરૂર હોય છે,
તેને તેને તે અવશ્ય મળી શકે છે.
એ મેળવવા માટે જે કાંઈ કરવાની જરૂર છે,
તે ફક્ત એટલું જ કે તેની મનોમય રીતે માંગણી કરવી,
તે સંપાદન કરવાની પ્રાર્થના કરવી અને તુરત જ એ
પરિણામ આવશે કે એ પ્રબળ સત્યાંશ રૂપ એવા
આધ્યાત્મિક ભાવનાઓ તમારા હૃદયમાં ઉભરાવા માંડશે.
વર્તમાનકાળે વિદ્યમાન અને ભૂતકાળે થઈ ગયેલા
અનંત મહાયોગીઓના મનોબળનો લાભ આ પ્રમાણે
આપણા અનુકૂળ માનસિક વલણ દ્વારા મળી શકે છે.
વિશ્વને જો એકલા સ્વાર્થી વિચારોની મધ્યમાં જ રહેવું પડતું
હોત અને મહાજનોની ભવ્ય-પવિત્ર ભાવનાઓનો અભાવ
વર્તતો હોત તો આ વિશ્વ ક્યારનું ય નાશ પામી ગયું હોત.

ઈશ્વર કૃપાદિ વસ્તુસ્થિતિ જુદી જ છે
અને તેનું સમજવું મનુષ્યોએ કરવાનું પ્રયોજન નથી.

કરવા જેવો માત્ર એક જ પ્રસંગ છે,
તે એ કે આપણે પોતે જ હલકા અને સ્વાર્થી વિચારો છોડીએ.

સ્થૂળપદાર્થોમાંથી સારાપણાનું તત્ત્વ શોધ્યા વિના સૂક્ષ્મ દ્રવ્યોના સ્વરૂપ વિષે કાંઈ પણ ભાવના રચી શકાતી નથી.

દુઃખ માત્ર અજ્ઞાનમાં છે.
નિયમોનું ભાન થયા પછી દુઃખ ક્યાંય નથી.
ફક્ત અજ્ઞાનથી જ મુક્ત થવાની જરૂર છે.

સંસાર વસ્તુતઃ દુઃખમય, અમંગળમય, અકલ્યાણમય નથી,
કિન્તુ સુખમય, મંગળમય, કલ્યાણમય છે.

ખારાશ કે બૂરાઈ નથી, પણ સર્વ સ્થળે અમૃત છે.
ભાવના પ્રમાણે સંજોગો, તકો અને પરિસ્થિતિઓ ઉપજી આવે, એવો વિશ્વનો સનાતન મહાનિયમ છે.

સ્થૂળ ઉપકરણો બીજું કાંઈ જ નથી, પણ આંતરિક કે મનોમય સામગ્રીનો બાહ્યપરિપાક છે. પ્રબળતમ મનોયોગ-સંપન્ન વીતરાગ પુરુષો પરમાત્માની નિર્હેતુક કૃપાનો પરિચય આ રીતે જ આપે છે. સૂક્ષ્મ સૃષ્ટિમાં અનંત ભવ્ય વિચારો-કલ્પનાઓ અભિવ્યક્તિની રાહ જોઈ રહેલા હોય છે.

શ્રી

મનુષ્ય ધારે તો ઊંચો અસંખ્ય મહાન અને ઉદાત્ત
ભાવનાઓનું દ્રવ્ય પોતાના ભણી આકર્ષી શકે છે,
કેમકે ત્યાં દરેક પ્રકારની શક્તિ અને યોગ્યતાવાળા
વિચારદ્રવ્યની મોટી બજાર ભરેલી છે.

o રત્નની કીમત તેના રત્નપણા ઉપર નહિ, પરંતુ 'તે
સાચું રત્ન છે' એ પ્રકારના આપણા ભાન ઉપર છે.

o અખિલ વિશ્વ રૂપકમય છે.

કાળો રંગ શોક સાથે, કષાય રંગ વિરાગ સાથે,
કળશ અને ધજા દેવાલય સાથે સંકળાયેલાં જ છે.
વિશ્વના પ્રત્યેક પદાર્થો આપણા મનમાં
અમુક ચોક્કસ ભાવો સાથે સંબંધ ધરાવતા હોય છે.

૪ પ્રકારે સંસ્કાર

(૧) પરંપરાગત સંસ્કાર (૨) અનુકરણની સંસ્કાર
(૩) પ્રભાવભૂતપણાની સંસ્કાર (૪) પુનરાવર્તનની સંસ્કાર.

પરમતત્ત્વ એટલે

આત્મતત્ત્વ, પરબ્રહ્મ, શુદ્ધ ચૈતન્ય, પરમજ્યોતિ ઈત્યાદિ.

ન હૃષ્યત્યાત્મનો માને, નાપમાને ચ રુષ્યતિ ।
ગાંગેહ્રદ ઇવાક્ષોભ્યો યઃ સ પંડિત ઉચ્યતે ॥

(પરિશિષ્ટ-૧૫)

જીવસૃષ્ટિમાં પાપ છે, ઈશસૃષ્ટિમાં નહિ.
'ઈશસૃષ્ટિ' એટલે સર્વ કાળે શુભ અને કલ્યાણનું સર્જન.
પાપરહિત થવા માટે ઈશસૃષ્ટિનું શરણું સ્વીકારવું જોઈએ.
'ઈશસૃષ્ટિનું શરણું' એટલે અહંકારનું વિસર્જન
અથવા ઈશસૃષ્ટિમાં અહંકારનું વિલોપન.
જ્યારે જીવનાં મન-વચન-કાયાના યોગો
સર્વના શુભને અને કલ્યાણને
કરવા, કરાવવા અને અનુમોદવામાં વ્યાપૃત થાય છે,
ત્યારે જીવ જીવ રહેતો નહિ પણ ઈશ બને છે.
ત્યારે તેના માટે કોઈ અશુભ કે પાપની સત્તા રહેતી નહિ,
પણ સર્વત્ર એક જ તત્ત્વ, શુભતત્ત્વ રહે છે.

°

When the Soul is most tried, its need
is greatest. Do not despair of failure.
From your particulr failure,
there is a special greatness, a peculiar
wisdom, to be gained and no teacher
can lead you to that greatness,
that wisdom, more surely and swiftly
than your experience of failure.

શ્રી

સં-૨૦૨૬ જેડા, આસો વદી-૧૦

હું નારક નહિ, કારણકે હું દુઃખી અને રૌદ્રધ્યાની નહિ.
હું તિર્યંચ નહિ, કારણકે હું આર્તધ્યાની નહિ
અને સંસારની વેઠ પણ કરતો નહિ.
હું દેવ નહિ, કારણકે દેવની મોજ મને સુખભોગ નહિ,
તેમ માત્ર ધર્મધ્યાનમાં જ મને સંતોષ નહિ.
હા, મનુષ્યને યોગ્ય શુક્લધ્યાન મને જરૂર ગમે છે.
હું આ પિંડનો જ નહિ, પણ આખા દ્રવ્યનો માલીક છું.
I am the owner of the sphere.
આખા ભૂમંડળનો, આખા બ્રહ્માંડનો હું માલીક છું, કારણકે
મારા મનોદ્રવ્ય વડે હું એને જાણું છું. એ જ મારા રાજ્ય છે.
હું સર્વનો રાજા છું. એ જ સેવક છે, હું સેવ્ય છું.
ધ્યાનાતીત અવસ્થા મેળવવા વિશુદ્ધદીપક, વિશુદ્ધચંદ્ર
અને વિશુદ્ધસૂર્યનાં અવતારે ધ્યાન કરવાનું છે. પ્રભુએ
મારા અંતરાત્માના અનુભવ ઉપર છાપ પાડવા કહ્યું છે કે:
તું આત્મા છે, દેહ નહિ. મનુષ્ય તો એક પર્યાય છે,
નામકર્મની પ્રકૃતિ છે. તું તો તે પ્રકૃતિનો માલીક, જન્મ
કરનાર, રૂપ કરનાર છે. આજ મેં ધર્મવિશુદ્ધિ જાણ્યું છે.
અનુભવમાં એની પ્રતીતિ થતાં શ્રદ્ધા પ્રગટી છે.

એ શ્રદ્ધા અને આત્માવલંબન વડે જ 'હું આત્મા છું',
એમ જાણી, માની, અનુભવી, આત્મામાં સંયમ કરતાં
ઘડીભર ધ્યાનાતીત દશા – સમભાવ સ્થિતિની ઝાંખી થાય

તે વિવેકદૃષ્ટિથી આત્માને આત્મા
અને પરને પર જાણવો તે વિવેક, એમ સમજાય છે.
તે વિવેકરૂપી વિજળીનો દીવો ચંદ્ર પ્રકાશ જેવો હોય છે.
રેડીયમનો પ્રકાશ રાત્રે પણ સૂરજ જેવો લાગે છે.
રેડીયમ પ્રકાશ કે વિવેકદૃષ્ટિ માનવજન્મમાં મળે છે, માટે
તે જન્મ ઉત્તમ છે. શ્રદ્ધા થાય ત્યારે તે જ વિવેકદૃષ્ટિ
વિષયાદિની ઇચ્છાના પવનથી ન ડરે તેવો વિવેકચંદ્ર
જેવો બનીને પછી તે કાયમ રહેનાર વિવેકસૂરજ બને છે.

નિજસ્વરૂપમાં રમણ કરવાથી મોહ, અવિવેક,
ક્રોધાદિ કષાય અને શબ્દાદિ વિષયોનો પરાજય અને
જ્ઞાનાદિ રત્નોની પ્રાપ્તિ થાય છે.

કુંભમાં જેમ જળ છે, તેમ જ્ઞાનમાં મન છે.
'કુંભે બાંધ્યું જળ રહે' તેમ 'જ્ઞાને બાંધ્યું મન રહે'.

પૃથ્વી જેવડો કાગળ, કલ્પવૃક્ષોની કલમ,
સ્વયંભૂરમણ જેવડો ખડીયો અને મેરૂ પર્વત જેટલી શાહી
લઈ સાક્ષાત સરસ્વતી સદાકાળ સુધી લખ્યા કરે,
તો પણ આત્માના ગુણ વર્ણવી શકાય નહિ.

વિષયોના આરંભમાં સુખ, મધ્યમાં આહ્લાદ, અંતમાં દુઃખ.

ધ્યાનના આરંભમાં દુઃખરહિતપણું,

મધ્યમાં સુખ અને અંતમાં અનંત, પૂર્ણ, અખંડ સુખ.

વિષય વિષમિશ્રિત અન્ન છે.

ધ્યાન મારેલ વિષ કે ભસ્મ કરી નાંખેલ સોમલ છે.

જેમ સૂર્યમાં રાત્રી નહિ, તેમ દિવસ પણ નહિ, કિન્તુ

પૂર્ણ પ્રકાશ છે, તેમ આખી સૃષ્ટિ

ભગવદિચ્છામાં દેખી રહ્યો છે, તે ભગત તેનું જ છે.

તે ભગતમાં સુખ-દુઃખ નહિ, પણ આનંદ છે.

સબળ-નિર્બળ નહિ, પણ બળ છે.

વિષયમાંથી મમત્વભાવ કાઢી લે એટલે વિવેક વધશે અને

મમત્વભાવ આત્મસ્વરૂપમાં - શાશ્વત આનંદસ્વરૂપમાં સ્થપાશે.

મમત્વભાવ એ જીવભાવ છે.

તે વિષયમાંથી લઈ લેતાં પોતામાં - આત્મામાં મમત્વભાવ આવે કે વિષયો ભસ્મ થઈ આત્માને, મનને કે ઇંદ્રિયોને બાધા કરતાં નહિ અને વિષયપૂર્ણ સંસારનું ઝેર ચઢતું નહિ. કાદવમાં રહેવા છતાં સૂર્યમાં પ્રીતિવાળું કમળ કાદવનો સ્પર્શ પણ પામતું નહિ, તેમ જેમનું મન પરમાત્મારૂપી સૂર્યનાં પણ સૂર્યમાં સ્થિર થયું છે, તે સંસારરૂપી કાદવમાં

રહ્યા છતાં તેમાં લેપાતું નહિ, પરંતુ સ્વરૂપનો, પરમાત્મ-
સ્વરૂપ લોકાલોકભાસ્કરનો આનંદ લીધા જ કરે છે.

ૐ સાધુભાવમાં રહી પવિત્ર થઈશ,
ઉપાધ્યાયભાવમાં રહી આત્માની પાસે રહીશ,
આચાર્યભાવે રહી સ્વરૂપમાં રમણ કરીશ,
અરિહંતભાવે રહી ધર્મને વહાવતો રહીશ,
ધર્મ વહાવી જતાં સિદ્ધિગતિને સંપાદન કરીશ.

'મહોદય' એટલે એવો ઉદય કે જેનો પછી અસ્ત જ નહિ.
એ અંતરાત્મરૂપ કમળને રાત્રીનો ભય રહેતો નહિ,
તેમ જ કમળની એમ કુદિન અવસ્થામાં નહિ
પણ અનુભવમાં રહેવાનું હોય છે.
'નખશિખ રહત ખુમારી જાકી.'

વિષયની ભાવનામાં ગુલામ હતો, તે જ સ્વરૂપની ભાવનામાં
યુવરાજ થશે અને અહીં લોકનો પ્રભુ માલિક થશે.
સકળ બળનો, સકળ બુદ્ધિનો, સકળ શુદ્ધ સ્વભાવનો અને
સકળ આનંદનો પ્રભુ પોતે જ વહાવશે.

મનને જીતનાર, મનને આત્માનંદ આપી પોષનાર થાય છે.
મન સાધુભાવની પવિત્રતામાં,
ઉપાધ્યાયભાવના આત્મગુહાની સભામાં,

આચાર્યભાવના આત્મગુણો આચરવામાં,
અરિહંતભાવે સ્વરૂપમાં રહી પૂર્વ કર્મોને ટાળવામાં અને
સિદ્ધસ્વરૂપમાં મનને રાખવામાં મદદરૂપ બને છે.
સકલ ભવ્યજનને તું સિદ્ધ છો એટલે મન વશ થશે જ.
હું ઈંદ્રિયોનો ગુલામ નહિ, મનનો સેવક નહિ, હું આત્મા છું.
શરીરરૂપ નગરનો, સંસારરૂપ રાજ્યમાં રાજા છું.
મન એ યુવરાજ છે. વિવેક એ પ્રધાન છે.
ઈંદ્રિયો મનના હજુરીયા છે.
યુવરાજ વશ થતાં વિવેકની શિક્ષા માનશે.
ઈંદ્રિયોને વિષયોરૂપી વિષ ખવડાવી મારી નહિ નાંખે પણ
આત્માને સ્વરૂપ તરફ વાળી સંસારનો વિજય કરાવશે.
હું બધાનો જાણનાર, ઘર-નગર-દેશ-વિદેશ-પૃથ્વી-
જગત-વિશ્વ-ચૌદ રાજલોક-અલોકનો જાણનાર
પુરુષ, મહાવિદેહને જાણનાર, છતાં જડ કેમ થશે?
ઉત્તર: મોહને લીધે.
દેશમાં અને દેહમાં તદાકાર થવાથી
'હું' એટલે ચૈતન્ય-જ્ઞાન-દર્શન-ચારિત્ર
એવું પોતાનું નિજસ્વરૂપ.
તેમાં રમનાર હું પોતે જ્ઞાનમય હોવાથી જ્ઞાનરૂપ જ છું.

શ્રી

## છ દ્રવ્યો થકી થતી સેવા

(૧) ધર્માસ્તિકાય ગતિ રૂપે સેવા કરે છે.
(૨) અધર્માસ્તિકાય સ્થિતિ રૂપે સેવા કરે છે.
(૩) આકાશાસ્તિકાય અવકાશના દાન રૂપે સેવા કરે છે.
(૪) પુદ્ગલાસ્તિકાય જેવું શરીર જોઈએ તેવું જ કરી,
તારી હાજરીમાં રજુ કરે છે.
જેવું જોઈએ તેવું શરીર આત્માની સેવામાં રજુ કરે છે.
વજ્રઋષભનારાચના પુદ્ગલો પણ તારી સન્મુખ રજુ કરે છે.
(૫) જીવ, તું આત્મા-પરમાત્મા-ઈંદ્રોની પણ દયા કરે છે.
(૬) કાળ તને સમય આપે છે. ચલ સ્થિતિવાળો બનાવે છે
અને આદિ-અનંતસ્થિતિ પણ તારી સેવામાં રજુ કરે છે.

ધર્માસ્તિકાયના ટેકા વિના જીવ લુલો છે.
અધર્માસ્તિકાયની સહાય વિના પાંગળો છે.
આકાશાસ્તિકાયના અવલંબન વિના ઘર વગરનો છે.
પુદ્ગલાસ્તિકાયની સહાય વિના તે ભૂખ્યો ભિખારી છે.
કાળની સહાય વિના મુંઝાએલો છે.
કાંઈપણ ક્રિયા કર્યા વિના તે જીવ વિનાનો છે.

સર્વનો જેતા તે જૈન.
દ્રવ્યકર્મ કે ભાવકર્મથી પરાજય ન પામે તે જૈન.
બન્નેને સમભાવથી જીતે તે જૈન.

સંસાર-મોક્ષ બંને આત્મામાં હોઈ, આત્મા બંનેથી મોટો છે.
બંનેમાં કર્તા હોવા છતાં બન્નેથી પર છે.

ભગવાન જિનેશ્વરને જાણવા માટે નામ - દ્રવ્ય - સ્થાપના
એ ત્રણ આંખો છે અને ભાવ એ આપણો આરીસો છે.
આંખ વડે આરીસામાં જોવાથી આત્મદર્શન થાય છે.
નામ-સ્થાપના-દ્રવ્યરૂપી આંખ વડે ભગવજિનેશ્વરરૂપી
આરીસામાં જોવાથી પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું દર્શન થાય.

પહેલાં જિનેશ્વરમાં આત્મા દેખાય છે,
પછી આત્મામાં જિનેશ્વર દેખાય છે.

'હે નાથ! શું જાદુ ભર્યું, અરિહંત શબ્દોચ્ચારમાં,
આફત બધી આશિષ બને, તુજ નામ લેતાં વારમાં.'

હું, માનવ સર્વ શ્રેષ્ઠ સર્જન સર્વ કાળનો માલિક છું.
ધનુર્ધર અર્જુનનો હસ્ત, અભયકુમારનું મસ્તક, પ્રભુવરનું
હૃદય અને કવિ હેમચંદ્રની સરસ્વતીનો હું માલિક છું.

શરીરનો કર્તા જીવ તે ઈશ્વર છે અને
છએ દ્રવ્ય ઉપર વિજય પ્રાપ્ત કરે, તે પરમેશ્વર થાય છે.
ઇંદ્રની ઋદ્ધિ પ્રાપ્ત કરી આત્મા વાચસ્પતિનો માલિક છે.
ઇંદ્ર પણ જેને નમે એવા તીર્થંકર પદને પ્રાપ્ત કરી,
મોક્ષલક્ષ્મીના કર્તા છે, માટે પ્રભુ છે.

ૐ શ્રી

ત્રણ લોકની રાજધાની શિવપુરીનો પ્રભુ પણ તું જ છે,
ઇંદ્ર સુધાની સર્વ ઋદ્ધિનો જીવ પોતે જ માલિક છે.
સંસારની રાજધાની ઇંદ્રપુરી પણ જીવ માટે દુર્ગતિ જ છે.

## સંસારરૂપી ઘોર વનમાં શું શું છે?

ચિંતાઓ રૂપી કાષ્ટવાળી અટવી, કષાયરૂપી ચોરો,
દુષ્ટ રોગોરૂપી સર્પો, આપત્તિ-વિપત્તિરૂપી હિંસક પશુઓ,
અજ્ઞાન અને મોહરૂપી અંધકાર લાવનારી સ્ત્રીઓરૂપી
ગુફાઓ, ચાર ગતિરૂપી ખાઈઓ, આઠ મદરૂપી શિખરો,
મિથ્યાત્વરૂપી રાફડા, મમત્વરૂપી નાના પ્રકારની શિલાઓ,
ઘણા તરંગો-વિચારો-કલ્લોલોવાળી લાંબી આશાનદી છે.

ક્રોધ જ્ઞાન અને સામાન્ય સમજને લૂંટી લે છે.
જ્ઞાનરૂપી અજવાળી રાત્રીમાં ક્રોધરૂપી ચોર ફાવતો નથી.
દયા અને ક્ષમા એ ક્રોધ જીતવાના ઉપાય છે.
વિકટ પર્વતરૂપ દુર્ગમ સંસારને ધ્યાનરૂપી વજ્ર વડે ભેદાય.
કેવળજ્ઞાન રૂપી સૂર્યોદય - આત્માનુભવ જેનો થયો છે,
તેઓનું સ્મરણ કરતાં ક્રોધ પલાયન થઈ જાય છે.

સંસારનો સમસ્ત સાર નવકાર છે.

'હું કેવળ જ્ઞાનમય જ છું.'

કેવળજ્ઞાનરૂપ લોકાલોકનો સૂર્ય ઉદય થતાં જ
લોક-અલોકમાં સર્વત્ર પ્રકાશ ફેલાઈ જાય છે.

આત્મજ્ઞાનથી - કેવળજ્ઞાનથી ક્રોધ મૂળમાંથી ટળાય છે.

**અનંત વીર્ય** : સર્વજ્ઞ, સમદૃષ્ટિએ, ધ્યાન વડે દેખતાં સ્વપ્નાં-જ્ઞાનમાં સર્વ (જીવો) એકસરખાં નજરે પડે છે.

**કીડી ઉપર કાંકરી પડતાં મરણ થાય, પણ હાથી જેવા આત્માને કાંકરા જેવા સંસારની આપદાઓ શું કરે?**

'આત્મવીર્ય તે જ પોતે છે'

એમ ગણી અનંત માને, તેને આપદા શું કરે?

આત્મવીર્યમાં સંયમ કરવાથી આપદાને ટાળી શકાય છે.
પશુને મન નથી, તેથી ત્યારે ઋતુના ઉપદ્રવો સહે છે.

જેમ મનુષ્યને મન હોવાથી
છત્રી, પંખા, ઊનનાં વસ્ત્રો વડે તેનું નિવારણ કરે છે,
તેમ ધ્યાનના બળથી
આત્મામાં સંયમ કરવાથી સર્વ આપત્તિઓ જિતાય છે.

કોઈ જીવને મરણ આપે નહિ, તો મરણ મળે નહિ.
કોઈ જીવને જન્મ આપે નહિ, તો જન્મ મળે નહિ.

**ચિંતારૂપી પક્ષી**

એ એક પક્ષી એવું છે કે જેને પગ નથી, પાંખ નથી, નથી મા કે બાપ, નથી આસમાનમાં કે નથી જમીન ઉપર, છતાં તે હંમેશા મનુષ્યના માંસને કાપી કાપીને ખાય છે.

ચિંતારૂપી અટવામાં મહાત્મા અટવાઈ જાય છે,
પણ એ વિચારતો નથી કે:
'હું પોતે જ્ઞાન છું, પરવસ્તુને જાણું છું,
તો પછી મારે શા ચિંતા છે?'
ધ્યાન જેવા દીવડાના જતાં અન્ય આત્મભાવ પ્રગટતાં
તું લોકને અંતે બિરાજમાન થઈશ.
ધ્યાનવજ્ર વડે દીર્ઘ મમત્વ ભેદાતાં જ
જ ગતિરૂપી ખાઈઓ પુરાઈ જશે.
આત્માના અનંતવીર્યની ઊંચાઈ પાસે
૮ મદરૂપી શિખરોની ઊંચાઈ કાંઈ દેખાતી નથી.
કેવળજ્ઞાન કરતાં કઈ કળા શ્રેષ્ઠ છે?
અનંતવીર્ય કરતાં કયું બળ અધિક છે?
આત્મસૌંદર્ય કરતાં કયું સૌંદર્ય ચઢીયાતું છે?
સંસારપર્વત કરતાં સિદ્ધિશિખર ઘણું ઊંચું છે.
દૃશ્ય જગત તે તું છે કે એને જાણનાર જ્ઞાન તે તું છે?
૦ સ્ત્રી સ્પર્શની મોહ જ્ઞાનાદિ ગુણોનો સ્પર્શ અપૂર્વ
આનંદનું કારણ થાય છે અને તે કાયમ રહે છે.
મોહ ગુફામાં અંધકાર અને અજ્ઞાન રહેલ છે,
તેમ સ્ત્રીને મળવામાં પણ અજ્ઞાન-મોહાંધકાર રહેલ છે,
તેથી સંસારપર્વત ઉપર અંધારી ગુફા જેવી સ્ત્રીઓ છે.

માત્ર જ્ઞાનરૂપ 'સોઽહં'માં જેઓ શરીરાદિ આરોપણ કરે છે,
એ આરોપિત ભ્રમ જતાં જ્ઞાનમય સ્વરૂપ જણાઈ આવે છે
અને મિથ્યાત્વ પલાયન થઈ સમ્યક્ત્વ આવે છે.

પરવસ્તુ તારી નહિ પણ પુદ્ગલની છે,
માટે ત્યાંથી મમત્વ છોડી પોતાનામાં પોતાનું
જ્ઞાન જે સ્થિર છે, તેમાં મમત્વ રાખ.

તેથી પરમાંનું મમત્વ ટળાઈ જશે અને સમત્વ પ્રાપ્ત થશે.
ચિંતા જવાથી શાંતિ અને ભ્રમ જવાથી સમાધિ થશે,
મમત્વશિલા જઈ સિદ્ધશિલારૂપ સોઽહં લાભ પ્રાપ્ત થશે.

'જ્ઞાન એટલે હું છું અને તેમાં આ
૧૪ રાજલોક, ૬ દ્રવ્યો, ૯ તત્ત્વો પ્રતિભાસે છે.'
ધ્યાન દ્વારા આવું જણાતાં જ પરવસ્તુરૂપ
સંસારપર્વતના એકદમ ચૂરેચૂરા થઈ જશે.

કર્મરૂપ પર્વત ભેદાઈ તારા શુદ્ધ આત્માના દર્શન થશે.
માટે મનુષ્યને યોગ્ય એવું એક શુક્લધ્યાન, તેને તું કર.

આત્મજ્ઞાન એકડો છે
અને બાકી સર્વ જ્ઞાન મીંડાં જેવાં છે.

વ્યાકરણ વિના પણ આત્મજ્ઞાન શુદ્ધ ભાષણ કરાવશે.
ન્યાય ભણ્યા વિના પણ સર્વ નયની પ્રતીતિ થઈ શકશે.

શ્રી

આત્મજ્ઞાન થયા પછી જે લખાય કે બોલાય,

તે અજ્ઞાનથી મુક્ત હશે.

શરીરરૂપી ઘર બાંધનાર શિલ્પી અને શરીરરૂપી પુતળું ઘડનાર કસબી એવા આત્માના જ્ઞાનનું માહાત્મ્ય બાહ્ય શિલ્પી અને કસબી કરતાં પણ કેટલાગણું વધારે છે? તેથી આત્મા એ જ શરીરનો રચનાર અનંત મહિમાવાળો ઈશ્વર છે અને શરીરની અંદર છુપાયેલો પરમાત્મા એ

સિદ્ધિરાજ્યનો સ્વામી છે, લોકાલોકનો પ્રભુ છે,

ત્રણ જગતનો નાથ છે અને સર્વ વસ્તુને જાણનારો છે.

ચૌદ પૂર્વનું જ્ઞાન પણ આત્મજ્ઞાન પાસે કાંઈ નથી, કારણકે આત્મજ્ઞાન વડે જ ચૌદ પૂર્વ રચાયાં છે.

જ્ઞાન-જ્ઞાન બોલે, પણ

'આત્મા પોતે જ જ્ઞાન છે' એમ ન જાણે,

તો પછી જ્ઞાન બોલવામાત્રથી જ્ઞાન કેવી રીતે અનુભવે?

આત્મજ્ઞાન જ શ્રેષ્ઠ છે.

આત્મજ્ઞાન તે જ કેવળજ્ઞાન છે.

ગર્વ ચડાવનારાં બાહ્ય જ્ઞાનને છોડી માનરૂપી હાથી પરથી ઉતારનારાં આત્મજ્ઞાનને મેળવો, પછી એકડાં ઉપરના મીંડાની જેમ બાહ્ય જ્ઞાન મહત્ત્વને વધારનારાં હશે.

શ્રી

આત્મજ્ઞાન લઘુમાં લઘુ હોવાથી ગર્વ નહિ કરાવે
પણ વિવેક કરાવશે, સર્વ પ્રકારના વિનયે ચઢાવશે.
અજ્ઞાનરૂપ રોગ મટાડવાને જ્ઞાન છે,
આત્મજ્ઞાન વિનાનું તે જ જ્ઞાન ગર્વ વધારે છે.
આત્માનુભવના રચેલા ગ્રન્થો
આત્માનુભવી હોય તે જ તુરંત સમજી શકે.
વાક્યજ્ઞાન શબ્દ અને નયજ્ઞાન વિચારને સુધારશે.
આત્મજ્ઞાન આશયને સમજાવશે,
તેથી સમ્યક્ વિચારને સર્વનય સહિત ખોલશે.
આત્મજ્ઞાન-કેવળજ્ઞાન મુખ્ય હોવાથી
એ જ્ઞાનમાં ત્રણે લોકનું પ્રતિબિંબ પડે છે.
પ્રથમ ઉદ્દેશ આત્મજ્ઞાનનો કરો, પછી ભલે શબ્દો તે
જ્ઞાનની સિદ્ધિને માટે કરો, તો આત્મજ્ઞાનરૂપી દૂધનું માત્ર
પાત્ર નહિ પણ દૂધ સહિત પાત્ર પણ તમે આપ્યું ગણાય.
શબ્દ એ પાત્ર છે. આત્મજ્ઞાન એ દૂધ છે.
કેટલાક આખો જન્મારો ખડકલાં પાત્રો આપે છે,
પણ આત્મજ્ઞાનરૂપી દૂધપાક આપતા નથી.
પ્રથમ દૂધપાક પીનારાના હૃદયરૂપી કડાયામાંથી ધારણારૂપી
વાસણમાં લઈ પછી જ શબ્દરૂપી પાત્ર સહિત પીરસવો.

એમ નપુંસક મનુષ્ય પ્રજાને ઉત્પન્ન કરી શકે નહિ, તેમ આત્મજ્ઞાનના પુરુષત્વ વિના કરેલો ઉપદેશ બોધરૂપી પુત્ર ઉત્પન્ન કરી શકે નહિ.

કર્મગ્રંથ શાસ્ત્રો વાંચવા આત્મજ્ઞાન ન હોવાથી હલવાઈ પણ બની ગયા છે અને 'કર્મ કઠિન છે' એમ કહીને બીજાને બાયલા બનાવે છે. સૂત્ર ભણી પણ સૂત્રમાં જેવો જણાવ્યો છે, તેવો આત્મા તે જાણતો નથી. જેના અજ્ઞાનથી આ વિશ્વ ભયંકર અંધકારરૂપ લાગે છે અને જેના જ્ઞાનથી હૃદયાંગણ-તેજોમય પ્રતિભાસે છે, જેના અજ્ઞાનથી આ સંસાર દુઃખના દરિયારૂપ લાગે છે, જેના જ્ઞાનથી તે સુખના ક્ષીરસાગરરૂપ લાગે છે, જેના અજ્ઞાનથી મોક્ષદ્વારભૂત માનવ ભવ પણ વિફલ વહ્યો જાય છે, જેના જ્ઞાનથી માનવ ભવ સફલ થઈ મોક્ષનું દ્વાર પણ ઉઘાડે છે, જેના અજ્ઞાનથી જૈનો પણ નામના જૈન જેવા લાગે છે, જેના જ્ઞાનથી કર્મરૂપી શત્રુને હરાવનારા થઈ શકે છે, જેનું અજ્ઞાન ઉત્તમ મનુષ્યભવની સકલ ક્રિયા વિફલ કરે છે અને ઉલટી હાનિ પહોંચાડી અધમ સ્થિતિ ઉપર ઢસડી જાય છે અને જેના જ્ઞાનથી તેની સકલ ક્રિયા એકડાં ઉપર મીંડાની જેમ આ ભવમાં

જ સફળ કાર્ય છે તથા સર્વજ્ઞ ગુણાનુરાગ - સમભાવ વડે
મોક્ષના અધિકારી બનાવે તે લાભ જ આત્મલાભ છે.
ફળ પ્રત્યે વિશ્વાસ અને તેના સાધન પ્રત્યે શ્રદ્ધા જોઈએ.

o નમસ્કાર એ માતા અને પરમેષ્ઠિ એ પિતા છે.
માતા ઉપર શ્રદ્ધા અને પિતા ઉપર ભક્તિ.
પિતા પરંપરાએ કારણ છે, માતા એ સાક્ષાત્કારણ છે.
નવકાર એ પંચ પરમેષ્ઠિની મંત્રમય મૂર્તિ છે.
નવકાર એ પંચ પરમેષ્ઠિની શબ્દમય પ્રતિમા છે.
નવકારના ૬૮ અક્ષરો એ પંચપરમેષ્ઠિનો શાશ્વત દેહ છે.
આ અક્ષરદેહની આરાધના વડે શું પ્રાપ્ત ન થાય?
નમસ્કાર એટલે અહોભાવ, અર્પણભાવ.
ન મમ એટલે બાહ્યભાવ એ મારો નહિ.
બાહ્યાત્મભાવનું અંતરાત્મભાવને સમર્પણ તથા
અંતરાત્મભાવનું પરમાત્મભાવને સમર્પણ
એ પંચ પરમેષ્ઠિને સાચો નમસ્કાર છે.

o શ્રદ્ધાનો દોષ અતત્ત્વ, શ્રદ્ધાના જ્ઞાનનો દોષ સંશય,
વિપર્યય અનધ્યવસાય, ચારિત્રનો દોષ વિપરિત વર્તન.
સમ્યક્ત્વ, ચારિત્ર અને યોગ એ ત્રણની અપેક્ષાએ
આત્માની અવસ્થાઓનું નામ 'ગુણસ્થાનક' છે.

પ્રતિપક્ષ કર્મનો સર્વથા, ક્ષય થવાથી આત્માના
જે ગુણ પ્રગટે તે 'ક્ષાયિક' કહેવાય.

અનંત શક્તિશાળી આત્મદ્રવ્યના સતત સહવાસમાં રહેવા છતાં પરદ્રવ્યોનું આપણા ઉપરનું કામણ શું સૂચવે છે? એ જ કે આપણે પણ તેમના જેવા જડ-ચૈતન્યહીન છીએ,
આપણામાં અને તેમનામાં કાંઈ ફેર નથી.

આસો વદી-૧૩

જગ માત્ર પ્રમોદ, હર્ષ, આનંદ ઝંખે છે.
જગતનું સુખ તમારા હર્ષનું કેન્દ્ર બનાવો.
જગતનું દુઃખ તમારા વિષાદનું કેન્દ્ર બનાવો.

આ હર્ષ અને વિષાદ રાગ-દ્વેષ નથી પણ ભાવના છે.

'ભવનાશિની' આ ભાવનામાં તમે સદૈવ હસતા રહી શકો તેવી જાદુ છે અને જગતના સુખ ઉપર હર્ષનો અનુભવ કરવાની આ કળા વડે અગોચર ચિત્તશાંતિનું માર્મિક સંવેદન કરી શકાય છે, તેથી મુખ પર હંમેશા હસતું રહે છે, ભેટકને અને ભેટકનારને પણ પ્રિય બનાય છે.

ઈર્ષ્યાદિ અનિષ્ટ, સંતાપ અને મુખશ્યામતા અનુભવાય છે,
ઈર્ષ્યાદિ દુઃખ નહિ પણ સુખ હણે છે.

પરસુખ હર્ષ એ ભાવના છે. પરસુખ દ્વેષ એ વાસના છે.

પરસુખ પ્રમોદની ભાવના આબાદ કરે છે.
પરસુખ દ્વેષની વાસના બરબાદ કરે છે.
આજનો સુખ ભ્રાન્તિભાસન ઉપનિદ્રા છે.
સુખના કેન્દ્રમાં પોતાની જાત નહિ, પણ
પરની જાત સ્થાપવાથી તથા પરના સુખમાં આનંદ માણવાથી
પરમાનંદની પ્રાપ્તિ અને તેનો આસ્વાદ અનુભવાશે.
આજ સુધી આપણે આંખ અને અંતર
સંસારને સોંપીને બદલામાં આપણે શું મેળવ્યું ?
આજે આપણા જીવનમાં અરિહંત પરમાત્માની
ભાવનાના બદલે મહામોહ રમી રહ્યો છે,
સ્વાર્થની બદબુ વડે આપણા શ્વાસોચ્છ્વાસ ગંધાય છે.
પ્રભુનું દર્શન પ્રભુપદને પાત્ર બનાવે જ.
'પ્રભુનું દર્શન' એટલે વિશ્વના મહાતારકનું દર્શન,
પરમ ઉપકારી દાતાનું દર્શન, કરુણાના મહાસાગરનું દર્શન,
સર્વકલ્યાણના પરમ પ્રેરકનું દર્શન.

મંત્રાક્ષરો એટલે શું ?

ગુપ્તમાં ગુપ્ત વિચાર પણ વિશ્વમાં પહોંચાડવાના
તાર યા ટેલીફોન યા વાયરલેસ ધ્વનિવર્ધક રેડીયો યંત્ર.
ક્રિયાએ કર્મ, પરિણામે બંધ, ઉપયોગે ધર્મ.

श्री

સં-૨૦૧૭ કારતક સુદી-૧, શુક્રવાર તા-૨૧-૧૦-૬૦

નવા વર્ષના દિવસે જીવનને નિર્મળ કરવા,
સહિષ્ણુતા, ઉદારતા અને ધૈર્યને કેળવવા, કરી શકાય
તેટલી નિઃસ્વાર્થ સેવા કરવાનો સંકલ્પ કરવો જોઈએ.
નિઃસ્વાર્થ સેવાથી સહિષ્ણુતા, ઉદારતા અને ધૈર્ય
પ્રાપ્ત થાય છે અને તેથી જીવન નિર્મળ બને છે.
નિઃસ્વાર્થ સેવાનો સંકલ્પ મન-વચન-કાયાથી કરીને
અથવા કરાવવા-અનુમોદવાથી પણ પૂર્ણ કરી શકાય છે.

બુદ્ધિને વિશ્વપ્રકાશની પ્રેરણા મળે,
તો એ ઉદાર, વ્યાપક, વિશ્વસ્પર્શી બને.
ઇંદ્રિયોની પ્રેરણા તો એને વિશ્વનું ભાન ભૂલાવીને
શિશ્નોદર પરાયણ બનાવે છે.
ઇંદ્રિયોના સુંવાળા સંસ્પર્શોમાં રાચનારી બુદ્ધિ
સ્વાર્થી અને સંકુચિત બને છે.
બુદ્ધિને નિત્ય સ્મરણ રહેવું જોઈએ કે
તેણે 'અલ્પ'ની આરાધના કરવાની નથી,
પણ 'ભૂમા'ના ભક્ત બનવાનું છે.
તેણે સંકુચિત કે સ્વાર્થી બનવાનું નથી,
પણ વિશ્વભક્ત અને વિશ્વસેવક બનવાનું છે.

સત્યનો સાક્ષાત્કાર કરવા મથતા વિવેકનું માર્ગદર્શન
સ્વીકારે, તો બુદ્ધિ વિશ્વલક્ષી અને વિશ્વસેવી બને છે.
આપણો આદર્શ વ્યક્તિવાદનો નહિ પણ વિશ્વવાદનો છે.
આદર્શનું આકાશ અને વ્યવહારની ધરતી વચ્ચે
રહેલું વ્યવધાન અને અંધકારમય અંતર કાપવાની તાકાત
આપણા પ્રાર્થનામાં, ધ્યાનમાં, જપમાં કે નમસ્કારમાં છે,

જો તે માત્ર જિહ્વા કે મનથી નહિ,
પણ અંતર અને આત્માથી થાય તો.

સમષ્ટિમાં રહેલા શાશ્વત સત્યને સત્તાસામાન્ય
અથવા 'બ્રહ્મ' કહેવામાં આવે છે.
વ્યષ્ટિમાં તેને 'આત્મા' કહેવાય છે.
આત્મા અને બ્રહ્મ સમાનધર્મી હોવાથી
બન્ને વચ્ચે એકતા છે.

કર્મયોગમાં વ્યક્તિત્વનાં સર્વ પાસાંઓનો વિકાસ થાય છે.

બુદ્ધિ, ભાવના, ક્રિયાશક્તિ અને સ્થૂલ શરીર
એ બધાં પાસાંઓનો સામટો વિકાસ થાય છે.

સર્વ પ્રકારનાં ક્લેશોનું મૂળ મનમાં છે,
અશુભ અને મલિન વિચારોમાં છે.

સુખ-દુઃખનાં સંવેદનોની ખ્યાતિ મનમાં છે, શરીરમાં નહિ.

શ્રી

માનવની ચેતના એકલા સ્થૂલ શરીરમાં જ
કેન્દ્રિત થઈને રહેતી નથી.
સંકટોનું કાયમ નિવારણ અધ્યાત્મવિદ્યા વિના શક્ય નથી.
જીવનો પ્રકાશ જ્ઞાન છે. અજ્ઞાન અંધકાર છે, મૃત્યુ છે.
જ્ઞાનનો પ્રચાર આચાર દ્વારા જ થઈ શકે.
આચાર વિનાના વિચારની કીંમત કોડીની પણ નથી.
સમાજના માનસ ઉપર આચાર-વિચારમાં અસંગતતાવાળા
મહાપુરુષોનાં ઉપદેશની લગાર પણ અસર થતી નથી.
સંસ્કારોના સમુદાયને 'ટેવ' કહેવાય છે.
સુસંસ્કારો, આત્મચિંતન કે પરમાત્મસ્મરણથી
કુસંસ્કારોને દૂર કરી શકાય છે.
કર્મફળના વિચારથી નિરાભિમાનીપણું આવે છે.
ધર્મફળના વિચારથી નિર્ભયતા પ્રગટે છે.
જે મનુષ્યે અંતઃકરણને નિર્મળ બનાવ્યું છે,
તે જ મુક્તિનો અધિકારી છે.
મન સ્વચ્છ થાય એટલે તેમાં આત્માનું પ્રતિબિંબ પડે છે
અને આપણને અનુભવયુક્ત ખાતરી થવા માંડે છે કે
આપણે મનથી અલગ છીએ, તેના સાક્ષી, નિયંતા છીએ.
આવું અપરોક્ષ જ્ઞાન એ જ 'મુક્તિ'.

તે પછી પ્રકૃતિ ઉપર વર્ચસ્વ પ્રાપ્ત થાય છે.
જગતનાં સર્વ જનોનું કલ્યાણ કરીને
આપણે આપણી જ ઉન્નતિ સાધીએ છીએ.
જગત સ્વતઃ એક દૃષ્ટિએ જોતાં પૂર્ણ જ છે.
આ જગતનો પાયો ઐક્ય છે.
તેને જ આત્મા, બ્રહ્મ, પરમાત્મા વગેરે નામો અપાય છે.
આ એકતા વિરોધક આચાર અને વિચારો એ
પાપ છે, અધર્મ છે, અનીતિ છે, આખરે દુઃખદાયક છે.
નિઃસ્વાર્થતા અને નીતિમત્તા પર્યાયવાચી શબ્દો છે.
સમગ્ર વિશ્વને પ્રેમમાં આવરી લેતા મનુષ્યો જો દેશમાં
૨૦૦ની સંખ્યામાં હોય, તે દેશમાં પાંચ જ દિવસમાં
સત્યયુગનું અવતરણ થાય.
૦ બુદ્ધિનો વિકાસ ગમે તેટલો થયો હોય, પણ ભાવ
દારિદ્ર્યને લીધે આપણું વર્તન સ્વાર્થપરાયણ રહે છે.
આપણે આપણા ક્ષુદ્ર અને અતિ મર્યાદિત અહંની જ
ઉપાસના કરીએ છીએ, વિરાટ અહંની નહિ.
આ એક પ્રકારની બર્બરતા છે, સભ્યતાનો વિલોપ છે.
આત્માના અનુભવ વગર બીજે કોઈ ઠેકાણે મોક્ષ નથી.
જે સર્વમાં આત્મા અનુભવે, એને જીવતાં જ મોક્ષ છે.

શ્રી

બ્રહ્મ તો પિંડમાં અને બ્રહ્માંડમાં નિરંતર વિલસે છે
અને આકાશની જેમ વ્યાપક, એક અને અખંડ છે.
આત્માની શુદ્ધિ વગર આત્માની સુધારણા ન થઈ શકે.

આત્મા વગરનું જીવન એ મરણ જ છે.

આત્માની પ્રાપ્તિ એ પ્રભુની પ્રાપ્તિ.

જેને સત્ય પચ્યું, તેને ભય શો?

જેણે દર્શન કર્યું, તે ડગે શાનો?

આપણો પ્રભુ કેટલો બળવાન છે, તે જોવાને બદલે
શક્તિના સાગરમાં પોતાનું વિલીનીકરણ કરીને
પોતે કેટલો બળવાન છે તે જોવું જોઈએ.

0 સંતો અને ઋષિઓના શબ્દો વૈદિક હોય છે.
એના રણકા જુદા હોય છે.
એ શબ્દો બારાખડી નહિ, પણ શક્તિથી ભરેલા હોય છે.
ઈશ્વરમાં વ્યાપેલા આવિયત અશુદ્ધિ તેઓ નિર્લેપ હોય.

ઈશ્વર વિના આનંદ ન મળે.

જેને એની લગની લાગી છે, તેને એ પોતાનો કરે છે,
તેના સમક્ષ એ પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે છે.

અંતરના દ્વારને 'હૃદય' કહી શકાય.
એને જો ત્યાં જઈને ન ઓળખાશે, તો ભ્રમણાઓ થાય.

હૃદયમાં જઈને જો ઈશ્વરને ઓળખાશે,
તો એની શક્તિ આપણામાં તાજગી અને બળ આવે.
શક્તિઓનું મૂર્તિમંત તત્ત્વ એ મહાત્મા.
એ જ મહામાનવ, ઉત્તમ - વિરલમય - દિવ્ય પુરુષ.
પોતાની મર્યાદિત અસ્મિતાને ઈશ્વરની સર્વવ્યાપી
અમર્યાદ વિભુતામાં ડુબાડી દેવાની તેઓને આવડત છે.
આત્મના વિંદતે વીર્યમ્ઃ = શક્તિનું મૂળ આત્મા છે.
o અરિહંતાદિ પાંચે સર્વનું હિત સાધનારા છે,
તેથી તે સર્વ 'સાધુ' વિશેષણથી સંબોધાય છે.
સર્વ જીવનું હિત સાધનારા અરિહંતો,
સર્વ જીવનું હિત કરનારા સિદ્ધો,
સર્વ નયોને સાધનારા આચાર્યો,
સર્વ શ્રુતનું અધ્યયન કરાવનારા ઉપાધ્યાયો,
સર્વ આચારને પાળનારા સાધુઓ.
અરિહંતનો ધર્મ સર્વ નયોને સ્વીકારનાર હોવાથી તે
'સર્વ' કહેવાય છે, તેને સ્વીકારનારા તે 'સાર્વ' છે.
અરિહંતનો ધર્મ સર્વ નયોથી વિશિષ્ટ છે.
તેનો સ્વીકાર કરનારા સાધુઓ 'સાર્વ' કહેવાય છે.
સર્વ શુભ યોગોમાં વર્તે તે સાર્વ, સર્વસો, અરિહંતો.

श्री

તેમની આજ્ઞાનું પાલન કરવા દ્વારા આરાધના કરે,
સર્વ શુભ યોગોમાં વર્તતા એવા અરિહંતોની
દુર્નય નિરાસ દ્વારા પ્રતિષ્ઠા કરે, તે 'સાર્વ સાધુઓ' કહેવાય.
અરિહંતોની આજ્ઞાને આરાધે,
સાધે, પ્રતિષ્ઠા કરે તે સાર્વ સાધુઓ.

શ્રવ્ય સાધુ = શ્રવણને યોગ્ય વાક્યોને વિષે સાવધાન.
સવ્ય સાધુ = મોક્ષને અનુકૂળ કાર્યને વિષે નિપુણ.
શ્રવ્ય - સર્વ નયોને લાગુ પડે.
સવ્ય - સર્વ શુભ યોગોને લાગુ પડે,
સર્વને હિત કરનારા સર્વ જીવને લાગુ પડે.

૦ તત્ત્વકાય - શુભ, ધર્મકાય - ગુણ, કર્મકાય - કુશલ.
મૈત્ર્યાદિ ગુણ, પ્રમોદાદિ શુભ, કરુણાદિ કુશલ મળે છે.

નમો = દાન, વિનય અને કૃતજ્ઞતાની સરિતા - જીવ.
અરિહંતાણં = વિવેક, પૂજન, પરોપકારનો સાગર - શિવ.

नामंपि सयल कम्मट्ठ-मल-कलंकेहिं विप्पमुक्काणं।
तियसिंदच्चिय-चलणाण जिणवरिंदाण जो सरइ॥
तिविह करणोवउत्तो खणेखणेसीलसंजमुज्जुत्तो।
अविराहियवयनियमो सोऽविहु अइरेण सिज्झेज्जा॥
(૩ગાથા) - श्री महानिशीथ तृतीय अध्ययन

(પરિશિષ્ટ-૧૬)

0 सर्वत्र सर्वे सुखिनो भवन्तु ।
सर्वत्र सर्वे कृतिनो भवन्तु ।
सर्वत्र सर्वे गुणिनो भवन्तु ।
सर्वत्र सर्वे श्रुतिनो भवन्तु ।
सर्वत्र सर्वे भविनो भवन्तु ।

સર્વ ક્ષેત્ર, સર્વ કાળમાં, સર્વ જીવો, સુખ,
કૃતિ, ગુણ, શ્રુતિ અને ભવિ બનો.
અહંકારરૂપી રાક્ષસ, આશંસારૂપી પિશાચીની
અને લોકરંજનરૂપી ડાકણ સર્વ ધર્મોને ખાઈ જાય છે.
નિઃશલ્યો વ્રતી = ૩ શલ્યોવિહિનને 'વ્રતી' કહેવાય છે:
માયા-જનરંજન, નિદાન-આશંસા, મિથ્યાત્વ-અહંકારસંદેહ.

प्राणा यथात्मनोऽभीष्टाः भूतानामपि ते तथा ।
आत्मौपम्येन भूतानां दयां कुर्वीत मानवः ॥

(પરિશિષ્ટ-૧૭)

0 'सर्वे व्यवहारा अविचारितरमणीयाः ।' અર્થાત્
જ્યાં વ્યવહાર વિચાર ન કરો ત્યાં સુધી રમણીય છે,
પણ ન્યાયની કસોટીએ તેમાં કાંઈ પ્રામાણ્ય જણાતું નથી.
તત્ત્વચિંતન પોતે કબૂલ કરે છે કે અંતિમ તત્ત્વ, ઈશ્વર કે
ચેતનતત્ત્વ કે ચૈતન્યધારાનું જ્ઞાન બુદ્ધિકબુદ્ધિ શક્ય નથી.

શ્રી

ચેતન તત્ત્વનો તો માત્ર અનુભવ જ થઈ શકે.
તેને માટે યોગ અને ૧૨ અંગોનો અભ્યાસ આવશ્યક છે.
આ અનુભવપ્રકાશ તુરત મળી જતો નથી.
તેને માટે બુદ્ધિને કસવી પડે છે.
જ્યારે એ સંપૂર્ણ રીતે શુદ્ધ, ક્લેશરહિત, નિર્મળ બને
ત્યારે અનુભૂતિ પ્રકાશી ઊઠે છે. તેની પૂર્વતૈયારી રૂપે
અવલોકન અને તર્કપૂર્વક પરીક્ષા અનિવાર્ય હોય છે.
તત્ત્વચિંતનથી બુદ્ધિ વિશદ બને છે.
વિજ્ઞાનમાં બુદ્ધિના પ્રયત્નોથી માર્ગ સરલ બને છે.
ભૌતિકની સિદ્ધિનું સાચું-ખોટું,
પણ લગભગ ચોક્કસ કરી શકાય તેવું જ્ઞાન થઈ જાય છે,
પછી માત્ર પ્રયોગથી પ્રત્યક્ષ સિદ્ધિ મેળવવાની રહે છે.
સાચો ધર્મ અને તેની સિદ્ધિ મળે કે નહિ, તેનો આધાર
બુદ્ધિની સત્યનિષ્ઠા, નિર્મળતા આદિ ઉપર અવલંબે છે.
યતો ધર્મસ્તતો જયઃ અર્થાત્ જ્યાં ધર્મ છે, ત્યાં જય છે.
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ।
અર્થાત્ થોડો પણ ધર્મ મહાભયથી આપણું રક્ષણ કરે છે.
अनेकान्तभावनाजनित-तत्त्वज्ञान-गर्भित-यथोक्त
अनुष्ठानम् धर्मः = અનેકાંત ભાવનાથી જન્મેલું અને
તત્ત્વજ્ઞાનગર્ભિત કોઈપણ અનુષ્ઠાન 'ધર્મ' કહેવાય છે.

શ્રી

સં. ૨૦૧૭ કારતક સુદ-૧, શુક્રવાર

## અહંકારના ૨ સ્વરૂપો

(૧) સ્વરૂપ ધૃતિ (૨) આઘાત સામે પ્રત્યાઘાત.

આપણે આપણા વિષે સારી-નરસી, ઉચ્ચ-નીચ, અધમ-ઉત્તમ કલ્પનાઓ કરી હોય, તેને દૃઢતાથી વળગી રહેવાની આપણી ચીવટાઈ ભરી વૃત્તિ, તે 'સ્વરૂપ ધૃતિ' છે.

'હું સારી, જોરાવર, ગોરી' વગેરે ખ્યાલો આપણે આપણા વિષે દૃઢતાથી સેવતા હોઈએ છીએ. એની વિરુદ્ધ ખ્યાલો જ્યારે સામે આવે, ત્યારે આપણે આપણા મૂળ ખ્યાલોને જોરથી પકડી રાખીએ છીએ. કૃપણ જેમ ધનને, મરતો જેમ દેહને, તેમ જીવતો સદા પોતે દૃઢપણે આત્મરૂઢ કલ્પનાને છોડતો નથી.

આ અહંતાનું પ્રથમ સ્વરૂપ છે.

આ હોય તો આઘાતની સામે પ્રત્યાઘાત અચૂક થાય જ.

આથી અહંકારનું મૂળ

આત્મા અને અનાત્માના મિશ્ર ભાવમાં છે,

આત્મા ઉપર મિથ્યા કલ્પનાના આરોપોની પરંપરામાં છે.

આપણે મૂળમાં જેવા નથી,

તેવા માની લોકોને મનાવવાની ટેવમાં છે.

જેવા અનુભવ તેવા પ્રત્યાનુભવ કરવાની
જલ્દી ન છૂટે તેવી આદત તે અહંતાનું ભાણું રૂપ છે.
આ જે રૂપે વર્તતી અહંતા માનવની - સમગ્ર સ્વરૂપને
અસુંદર અને કદરૂપું બનાવી દે છે.

આઘાત અવશ્ય છે. પ્રત્યાઘાત આપણા હાથની વાત છે.
ગાળની સામે ગાળ એ અણઘડ પ્રકૃતિ સૂચવે છે.
બૂરા સામે ભલાઈ એ સુઘડ પ્રકૃતિ સૂચવે છે.
સમસ્ત જીવનની કીમત પ્રત્યાઘાતની કળામાં છૂપાઈ છે.

ભગવાનનું નિરતિશય માહાત્મ્ય જે જાણે અને પોતાની
નિરતિશય ક્ષુદ્રતા જે સમજે, પ્રભુની સૌહાર્દતા અને
પોતાની કૃતઘ્નતાનો સાક્ષાત્કાર કરે, તે જ નમ્ર થઈ શકે.
વિનમ્ર માનવની બોલી એ જીવનનો સ્રોત વહાવે છે.

ભગવાનને કરેલો પ્રણિપાત એ
જીવનની અતિ ઉંચી ભૂમિકા છે.

કર્મનું અચિન્ત્ય સામર્થ્ય અને તેના ઉપર ભગવાને
મેળવેલો વિજય એ બેનો વિચાર ભાવવંદના લાવે છે.
ભગવાનના મહાભાગ્યનું, નિરતિશય ઐશ્વર્યનું, અનન્ય
કરુણાનું, અનુપમ દયાનું - અનુકંપાનું, કર્મના અચિન્ત્ય
સામર્થ્યનું, જગદ્રચનાના સૌંદર્યનું, કર્મના નિયમની

સરળતાનું અને ન્યાયીપણાનું સાક્ષાત્ ભાન થાય,
ત્યારે ભગવદ્વંદના લાધે છે.

દ્રવ્યકર્મનું સામર્થ્ય એ પણ ખરી રીતે આત્માનું જ સામર્થ્ય છે, તેથી દિવ્ય છે, ઈશ્વરીય છે, Divine છે. ભાવકર્મનું સામર્થ્ય પણ આત્માનું જ છે અને તે દ્રવ્ય કરતાં વિશિષ્ટ છે, તેથી તે પણ Divine છે. આ રીતે Divine (દિવ્ય)નો વિચાર કરવાથી human (નર) ભુલાય.

ગુરુ! મનુષ્ય કરતાં તેના સદ્વિચારો
મોટાં, વધારે સ્થાયી અને અમર છે.

આપણાં તન-મન-વચનને પ્રેરનાર વિચારો જ છે.
વિચારોની શુદ્ધિ, સત્યતા, પ્રામાણિકતા,
સહૃદયતા, મૌલિકતા ભાવસાધ્ય છે.
એ સાધના જો બરાબર થાય,
તો જીવનમાં કૃતાર્થતા આવ્યા વિના રહી શકે નહિ.
વિચારવૈભવ એ વિશ્વની સમૃદ્ધિ છે.
વિશ્વનો અમર વારસો છે.

'હેયં દુઃખં અનાગતમ્।' અર્થાત્ ન આવેલાં દુઃખને દૂર કરો.

દુનિયાની આપત્તિકાળ ઘણા જ મંગળ ઊગવાની છે.

ધર્મ = કોઈપણ પદાર્થનો વિશિષ્ટ કે લાક્ષણિક સ્વભાવ.

શ્રી

જે કલ્યાણકારી છે, તે શ્રેયસ્ છે.
જે મનગમતું છે, તે પ્રેયસ્ છે.
શ્રેયસ્ અપ્રિય અને પ્રેયસ્ અનિષ્ટ હોઈ શકે.
કડવું ઔષધ અપ્રિય હતાં ઇષ્ટ છે.
શરાબ પ્રિય હતાં અકલ્યાણકારી છે.
બન્ને વચ્ચે ભેદ સમજવા માટે સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ.
<u>પોતાના જેવા જ વિવિધ લાગણીઓ અનુભવતી અન્ય</u>
<u>વ્યક્તિઓનું અસ્તિત્વ છે, એવી સાદી સમજ તે 'માનવતા'.</u>
આત્માનો સ્વભાવ કરૂણા છે.
સહાનુભૂતિ, ક્ષમાશીલતા, કૃતજ્ઞતા અને
સહિષ્ણુતા વગેરે ગુણો એ માનવતાનો વિસ્તાર છે.
પ્રપંચને નહિ, પણ કૌશલ્યને ઐશ્વર્યની ગણવી જોઈએ.
લોકોને વશ કરવાનું સાધન સત્તા નહિ, પણ પ્રેમ છે.
મનુષ્યનું મૂલ્યાંકન ધનથી નહિ, પણ ચારિત્ર્યથી છે.
સ્વાતંત્ર્યનું સાધન ઉચ્છૃંખલતા નહિ, પણ સંયમ છે.
o 'હિંસા' શબ્દ ઉપરથી 'સિંહ' શબ્દ બન્યો છે.
<u>ટ વર્ગની કઠોરતા</u>
ટ-ઠ-ડ-ઢ-ણ સમૂહમાં શબ્દની શરૂઆતમાં બધા અક્ષર
આવે, પણ 'ણ' આવતો જ નથી. દા.ત. ટટ્ટુ, ઠોઠ, ડાંગ, ઢગ.

'अक्षराणामकारोऽस्मि ।'

અક્ષરમાં વધતો - ઘટતો રચનાનો અને દળાણનો ફેરફાર કરવાથી સ્વરો તથા બધા વર્ગો ઊભા થયા છે વિશ્વનો પદાર્થ માત્ર અદ્‌ભુત વાચ્ય, લક્ષ્ય, વ્યંગ્ય અને તાત્પર્યથી ભરપુર છે.

એનાં અક્ષરે અક્ષરે મહાઉપનિષદો છુપાયેલાં છે.

વિશ્વરચના એક મહાકાવ્ય છે.

દુનિયાના તમામ મહાકાવ્યો એની એક લીટીના ઉપર બહુભાષી ભાષ્ય માત્ર છે.

કવિસમ્રાટ એવા પરમાત્માની વિશ્વભારતી વિદ્યાશાળ છે.

ષડ્‌રસરૂચિર ભોજન છે. નવરસરૂચિર કાવ્ય છે.

એ મહાકવિએ આ વિશ્વકાવ્યને 'રસાસે ।' સ્વપ્રખ્યાતિ માટે જ રચ્યું છે. એ રસનું શ્રવણ - મનન - ધ્યાન અહંને ઓગાળનારું, સત્વને શોધનારું, મતિને માંજનારું, પ્રતિભાને પ્રકટાવનારું, આત્મદર્શનમાં કૌશલ્ય લાવનારું છે. તે પાવનથી પણ પાવન છે, કેમકે સમાધિનું પોષક છે. તે અર્થકૃતે । એટલે કે પરમાર્થ, તૃષ્ણાને શમાવનાર, અનર્થની શાંતિ કરનાર છે.

ऽ ચિહ્ન = તે લોપચિહ્નનું - અવગ્રહનું કામ કરે છે.

'વ્યવહાર વિદે' છે. સાચા અર્થમાં વ્યવહાર કુશળ છે.

શિવેતરક્ષતિ, શિવ સહિત થાય છે.

<u>વિશ્વના અક્ષરે અક્ષરે એના કર્તાના સ્વરૂપભૂત આનંદની</u>
<u>ઝલક ભરી છે. ફક્ત એને માણવાનું હૃદય જોઈએ.</u>

માનવની કવિતા એ મહાકવિનું અનુકરણ છે.

જે માનવ જેટલો ઈશ્વરમય,
તેટલું તેનું સર્જન 'સફળ' અને 'સરસ'.

ઈશ્વરે સૃષ્ટિકાવ્યમાં હૃદય ખોલીને સ્વભાવ દાખવ્યો છે,
કલ્પના પૂરી છે, ભાવનાઓ ભરી છે, જીવન રેડ્યું છે,
પ્રભુ પૂરી સ્વાનંદ ઠાલવ્યો છે, સ્વરૂપસંક્રાંતિ કરી છે.

વિશ્વ એ પરમાત્માની, સાહિત્ય એ માનવની અક્ષરગાથા.

રસ એ કાવ્યનો આત્મા છે.

આત્માના દર્શનમાં જીવનની કૃતકૃત્યતા છે,
પછી તે રસરૂપી આત્મા
માનવકવિતાનો હો કે ઈશ્વરકૃત વિશ્વ કાવ્યનો હો.

'સ્થાયીભાવો રસઃ સ્મૃતઃ।'

અહર્નિશ ચિત્ત અનવચ્છિન્ન રહ્યો રહે નહિ, અંતરાત્માને
આનંદથી પ્લાવિત કરતાં કરતાં જે કદી ખૂટે નહિ,
કાયમ રહે, તે સ્થાયીભાવ પરમાત્મા પોતે જ છે.

0 સરિતા - સમુદ્રનો સંગમ અને
વ્યોમ - વસુમતીનું મિલન શૃંગારરસનો જ આવિર્ભાવ છે.
અરમાનની યાદવાસ્થળીમાં અને મોતની આંધીમાં ભીંસાતું
પ્રાણીમાત્રનું જીવન કરુણરસની ગાથા નહિ શું?
ઉંટ અને ભૂંડની સૃષ્ટિ હાસ્યરસની હદ નહિ શું?
હિમાલયના ગગનચુંબી શિખરો, પ્રશાંત મહાસાગરના ગહન
ઊંડાણ, આભની અટારીમાં ચમકતા સૂર્ય-ચંદ્ર-તારિકાઓ
અને નિહારિકાઓ અદ્ભુતરસનો પરચો નહિ, તો શું છે?
પ્રલયકાળનાં ભૈરવતાંડવો રૌદ્રરસનો પુરાવો નહિ શું?
અગાધ સૃષ્ટિના અપાર રહસ્યોને ઉકેલવા મથતો
કાળા માથાનો માનવ શું વીરરસની જ મૂર્તિ નહિ?
આત્માના અગાધ ઊંડાણને માપી ચૂકેલ અને નિરંજન
સમાધિની ઉચ્ચ અવસ્થામાં મગ્ન એવા સંત બુદ્ધો એ
શાંતરસની મનોરમ પ્રતિમા નહીં, તો બીજું શું છે?
ચામડીના પડદે મઢેલ પ્રાણીઓની ભીતરમાં દૃષ્ટિ નાંખીએ,
તો બીભત્સરસ સિવાય બીજા શાનું દર્શન થાય છે?
... અને પ્રાણીમાત્રને
અન્ન, જળ, પ્રકાશ, પવન, ઔષધ, અવકાશનાં સદાવ્રતો
વત્સલરસની અપરિમિત માધુરી નહીં, તો બીજું શું છે?

દૃષ્ટિ હશે તો સૃષ્ટિની ભીતરમાં રહેલાં,
ગિરનાર વહેતાં રહેતાં આ નવરસોનાં દર્શન થશે જ.
રસ એ કાવ્યનો અને સૃષ્ટિનો આત્મા છે;
માટે જ તેનાં દર્શન કરવા જોઈએ.
રસદર્શન જ જીવનની સદ્રૂપતા છે.
નીરસતા એ જડતા ને મૃત્યુનું બીજું નામ છે.
રસનું દર્શન એટલે શું?
દર્શન બે રીતે થાય: એક આંખે અને બીજું હૃદયે.
આંખથી થતું દર્શન અહીં ધ્વનિત નથી,
હૃદયથી થતું દર્શન જ અહીં ધ્વનિત છે.
કાવ્યસૃષ્ટિના રસાસ્વાદ માટે હૃદયની આંખ જાગ્રત જોઈએ.
અરસિકેષુ કવિત્વ-નિવેદનં
શિરસિ મા લિખ। શિરસિ મા લિખ। શિરસિ મા લિખ।
અહો હે વિધાતા! અરસિકોને કવિતા નિવેદન કરવાનું
મારા ભાગ્યમાં ન લખશો, ન લખશો, ન લખશો.
દર્શન = અનુભૂતિ, આસ્વાદ, તદ્રૂપતા, તલ્લીનતા, તદાકારતા.
બાહ્યભાવનું વિસ્મરણ અને રસમાં પરિપૂર્ણ આત્મવિલોપન
એ દર્શને આત્મા પ્રસન્ન થાય, અકારણ આનંદ અનુભવે,
હૃદય અતૃપ્ત અવસ્થા અનુભવે અને કદી 'બસ' કહે નહીં:

કાવ્યસૃષ્ટિના આત્મસ્વરૂપ રસમાં
આવા સમાધિ સ્થિતિનો નિર્બાધ આવિર્ભાવ છે.

## રસ માણવા કઈ સામગ્રી જોઈએ જ ?

પદાર્થનું તલસ્પર્શી અવગાહન,
વાચ્ય-લક્ષ્ય-વ્યંગ્ય-તાત્પર્યાર્થની સ્વાભાવિક સૂઝ, કાવ્યગત
સમગ્રાર્થનું વાગોળવાપણું અને ધ્વન્યર્થમાં મનની એકાગ્રતા.
એ સિવાય રસ માણવાની ચેષ્ટા કરે તે કડછી જેવો ગણાય.

## રસની અભિવ્યક્તિ માટે આવશ્યક ગુણો

પદાર્થની નિર્દોષતા, ત્રિગુણમયતા અને અલંકૃતતા
ઉપરાંત રસદૃષ્ટામાં પ્રતિભા, શાસ્ત્રના અધ્યયનથી જન્મતી
નિપુણતા, વિનીતતા, ઔચિત્યભરી રસજ્ઞતા આવશ્યક છે.
કવિમાં હોય અને વાચકમાં ન હોય તો છતે રસે રસાસ્વાદ
ન અનુભવાય એ રસદર્શનનો અંતર્યામી સિદ્ધાંત છે.
કવિના જેવા જ વાચક થવું ઘટે.
સહેજ પણ ભેદ રહે તો રસદર્શન અધૂરું જ રહે.
સૃષ્ટિકાવ્યનો રસ માણવા માટે
'તત્ત્વમસિ'નો જીવનમાં અમલ કરવો ઘટે.
કાવ્યરસ ચર્ચા કે શિક્ષણનો નહિ પણ ચાખવાનો વિષય છે,
તો પણ જેમ દૂધપાકની મીઠાશ જીભથી ચખાય છે અને

છતાં આજે તેમાં મદદરૂપ થાય છે,
તેમ કાવ્યનું શિક્ષણ સહાયક થવા સંભવ છે.
ભાવવાહી ઉત્તમ વાંચન, પદાર્થના અર્થોનું હૃદયંગમ ગ્રહણ,
સમગ્રતાની દૃષ્ટિએ કાવ્યના ધ્વનિનું આલોચન અને
ધ્વન્યર્થમાં સમાધિ. આટલું શક્યે કાવ્યજન્ય સફળ થાય.
અહીં 'કાવ્ય' એટલે સૃષ્ટિકાવ્ય અને માનવરચિતકાવ્ય.
બંને અર્થો ઉદ્દિષ્ટ છે.

० तप्यन्ते लोकतापेन साधवः प्रायशो जनाः ।
परमाराधनं तद्धि पुरुषस्याखिलात्मनः ॥ (ભાગવત)
અર્થાત્ સજ્જનો મોટે ભાગે લોકોના દુઃખે દુઃખી થાય છે
અને તે જ સર્વાત્મ-પુરુષોત્તમનું સર્વોત્કૃષ્ટ આરાધન છે.

આત્મા પ્રમાણોથી ઉપર છે.
પ્રત્યક્ષ વગેરે પ્રમાણો તેને માપવાને અસમર્થ છે.
આત્માના લાભ માટે સમાધિ એ જ ઉપાય છે.
સમાધિ એ સત્ત્વગુણની અવસ્થાવિશેષ છે.
સત્ત્વગુણ સ્વયં પ્રકાશાત્મક હોઈ, જ્યારે તેનો ઠીક માત્રામાં
સ્થાયી ઉત્કર્ષ થાય, ત્યારે જ વૈરાગ્ય દૃઢ થાય છે.
વૈરાગ્ય એ લાભની જ પ્રસન્ન સ્થિતિ છે અને
વૈરાગ્ય જ સમાધિનું સાક્ષાત્ સાધન છે.

વૈરાગ્ય વડે ઇચ્છા - આશાનો આપમેળે જ નિરોધ થાય.
વૈરાગ્યની ઉપાસના જ આશા, ઇચ્છા વગેરેના
ત્યાગનું સાધન છે. પર અને અપર વૈરાગ્ય વડે માનવ,
આશા અને ઇચ્છામાં રહેલા દોષો જોઈ શકે છે.

આંશિક દર્શને દોષો ભયંકર લાગે,
પણ પૂર્ણ દર્શને અગ્નિની પણ મહત્તા છે.
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ વગેરેનો
જો વિવેકપૂર્વક ઉપયોગ આવડે, તો જરૂરી છે.

મરચાં મરચાં તરીકે ખાઈએ, તો ઇજા કરે પણ બીજા રસોમાં
મિશ્રિત થઈ રસોઈને સ્વાદિષ્ટ બનાવે, પચવામાં સહાય કરે,
અને સર્વગ્રાહી નજરે જોતાં કશું પણ નકામું નથી.
સ્વસ્થ - તટસ્થ દર્શનથી સર્વની ઉપયોગિતા સમજાય છે.

'સ્થિતપ્રજ્ઞ' તે છે જે જ્ઞાનેન્દ્રિયોને વશમાં લાવી કર્મેન્દ્રિયો
દ્વારા વિહિત પ્રવૃત્તિઓ નિષ્કામ ભાવે કરતો રહે છે.

o ઊંચા આસને બેસવું, ગાવું, નાચવું, ફોકટ ફરવું કે
વારંવાર થૂંકવું એ બ્રહ્મચારીને નિષિદ્ધ છે.

આત્મશક્તિ પ્રાપ્ત કરવા અગાઉ મન-ઇંદ્રિયોનો નિરોધ
કરતાં કરતાં જુદી જુદી સિદ્ધિઓ આપોઆપ પ્રગટે છે.
અનુભવ એ જ મુખ્ય વસ્તુ છે.

૦ ધૂપ-દીપ સત્યગ્રહણને વિકસાવે છે. શેરડી, ધૂપસળી, સોનું અને ચંદન એ બધા દૃષ્ટાંતે સમતા વિકસાવવા રહી.

દિક્ અને કાળની મર્યાદામાં
જ્યારે આપણો અનુભવ રહેય છે,
ત્યારે આપણને આપણું જીવન જગતથી જુદું લાગે છે,
પરંતુ એ મર્યાદાની પારનો જ્યારે આપણો અનુભવ રહેય છે, ત્યારે ચેતનની એક અખંડ ધારા જ રહેય છે.
યોગ = મન - ઇંદ્રિયોનો સંયમ કરનાર વિશિષ્ટ માનવ.
આવા માનવને ભૂત - ભાવિનું જ્ઞાન રહેય છે.
કાળને અંત નથી, ભૂત - વર્તમાન - ભાવિ એ કલ્પિત માનાં છે.
પરમાણુઓની સૂક્ષ્મગતિનું નામ 'મન.'
મનને 'ઇચ્છા' પણ કહી શકાય.
જ્યાં પરમાણુ, ત્યાં પરિમાણ અર્થાત્ કે માપ.
પરમાણુની ગતિ અને મનની ગતિ સાથે જ રહેય છે.
જ્યાં માપ ત્યાં કાળ. જ્યાં મન ત્યાં કાળ.
જેનું મન સ્થિર થાય, તેનો કાળ પણ સ્થિર થાય છે.
તેને ભૂત, ભાવિ, વર્તમાન એકરૂપ થાય છે.
યોગ મનને સ્વેચ્છાથી ઓગાળી આત્મામાં ભેળવી દે છે.
ભાન જ્યારે ભૂતેલું મટી જાગે, ત્યારે જ્ઞાન થાય છે.

અસ્તિત્વના સ્વરૂપ બદલાય છે,
પણ અસ્તિત્વ તો સદા જ રહે છે.
મન એ પરમાત્માની અદ્ભુત બક્ષિસ છે.
એને સંયમમાં રાખનાર યોગીઓ માયાનો અલૌકિક
વિલાસ ધારેલે સ્થળે અને સમયે માણી શકે છે.
ભોગી ફક્ત ઈશ્વર વિરુદ્ધ જઈને ભોગવતા નથી.
આપણાં મન દેખીતી રીતે જુદાં છે,
પણ મૂળમાં તો એક જ છે. મન ચંચળ વસ્તુ છે.
તેનું સ્થાન આકાશમાં પતંગની જેવું છે. પ્રાણ તેનો દોર છે.
જે પ્રાણને વશ કરે, તેને મન આપોઆપ વશ થાય છે.
૦ પુસ્તકો વાંચવાથી અગર ચર્ચાથી ખરેખર
જ્ઞાન મળતું નથી, ફક્ત પાંડિત્ય વધે છે.
એકલું પાંડિત્ય તે તો પોલી અને પોકળ વસ્તુ છે.
'અભ્યાસ' એટલે ચોપડીઓ નહિ.
ચોપડીઓને તો ઉધઈ પણ ખાય છે.
પંડિતો અને ઉધઈમાં કશો ફરક નથી.
ઉધઈ તો સારી છે કે તે મૌન રાખે છે.
અનુભવી મહાત્માઓ જ સાચું વિશ્વવિદ્યાલય છે.
મહાત્માઓ આધ્યાત્મિક શક્તિના Dynamo છે.
આધ્યાત્મિક વિદ્યાના પ્રકાશથી અંધકાર દૂર થાય છે.

o

## શાસ્ત્રોનો સિદ્ધાંત

આત્માની અનંતતા, એકતા અને વિભુતા.

આપણી મર્યાદાઓ પ્રમાણે આપણે જીવનની મર્યાદાઓ કલ્પી લઈએ છીએ, તેનું જ નામ 'અજ્ઞાન'.

બ્રહ્મને જાણનારો સૌને જાણે છે.

રાજા મહેલે નહિ, ભોગા મહેલે છે.

વિશિષ્ટ પુરુષ, રહસ્યમય પુરુષ, ઔપનિષદ પુરુષની પાછળ પ્રાણનિરોધ તથા મનોલયનાં જ ગૂઢ રહસ્યો ભરેલાં છે.

શબ્દશક્તિના મૂળમાં પ્રાણશક્તિ રહેલી છે, વિકસેલી છે.

હૃદયમાં પડેલું સઘળું જ્ઞાન હૃદયમાંથી મનમાં આવે છે.

એ જાણવાથી આપણને આપણી અનંત શક્તિનો ખ્યાલ આવે છે અને આ શક્તિ આપણામાં છે, તો પછી આપણામાં જ ઈશ્વર છે, એ નિશ્ચય થઈ જાય છે.

આ આખો સંસાર પરમાત્માનો પ્રસાદ છે.

પ્રેમ જ જ્ઞાનનું મૂળ અને પરમાત્મા છે.

કોઈપણ પ્રાણીની હિંસા કરવી નહિ.

સમાધિની મનોતીત ભૂમિકામાં જન્મ-મરણ છે જ નહિ, માત્ર એક અખંડ અને અવિરત ચૈતન્યનો અનુભવ છે.

સ્મૃતિ એ જાગૃતકાળની એક ઉપાધિ છે.

શ્રી

બ્રહ્મ એ કંઈ માત્ર શ્વાસોશ્વાસ નહિ.
પ્રત્યેક શબ્દમાં બ્રહ્મ છે.
જે શબ્દના ઉચ્ચારણથી મૂળાધાર ઉપર બ્રહ્મની અસર પહોંચે, તે શબ્દ ગુરૂ દ્વારા જ આપવામાં આવે છે.

<u>શક્તિપાતનું કથન</u>

શક્તિ મળ્યે મહારાજની મુક્તિ મહારાજના હાથમાં આવે.
મહારાજની મુક્તિનો આધાર બાહ્ય ઈશ્વર નહિ.
આ બધું વિશ્વ થયું ક્યાંથી?
દેખાતું વિશ્વ મનોમય છે.
મન શું છે? બ્રહ્મશક્તિનો સ્પંદ છે.
આ બધું જાણીને શું? જાણીને અનુભવવાનું, આત્મજ્ઞાન થવાનું, પોતાની અમર્યાદિત શક્તિનું દર્શન કરવાનું, સ્વતંત્રતા, મુક્તિ અને શક્તિના સામ્રાજ્યમાં વસવાનું.

૦ સિદ્ધિ એ ધ્યેય નહિ, પણ ધ્યેયનું સોપાન છે.
સર્વ શાસ્ત્રો એ માત્ર ધ્યેયના ગ્રન્થો નથી, ઉપાસનાના છે.
ઉપાસના દ્વારા ધ્યેય મેળવવાનું હોય છે.

૦ નાડીચક્રોમાં રહેલા તત્વનું નામ 'સંગીતરસ' છે.
એ રસ સૂર્યના કિરણોમાંથી આપણે ખેંચી શકીએ છીએ.
ચંદ્રમાંથી પણ બ્રહ્મતત્વ આપણે આકર્ષી શકીએ છીએ.

કાગળ ઉપર તત્ત્વજ્ઞાનની વાતો લખવી એ એક વસ્તુ છે,
પણ તેવો અનુભવ લેવો એ તદ્દન જ નોખી વસ્તુ છે.

બૌદ્ધિક તાલીમ બુદ્ધિનું બળ વધશે.

મનનું બળ વધારવું હોય તો દરેક રીતે નિગ્રહશક્તિ
વધારવાનો પ્રયત્ન થવો જોઈએ. મનમાં વળગી રહેવાની,
આસક્ત થવાની શક્તિ ભગવાને સૌને આપી છે.

આ શક્તિનો ઉપયોગ ભોગ માટે અથવા
વૈરાગ્ય માટે પણ કરી શકાય.

મનમાં ક્રોધ પેદા ન થાય એ શાંતિ - ક્ષમા.
ક્રોધ પેદા થયે મનમાં ઠારી, શાંત કરી દઈએ એ અક્રોધ.
ઇંદ્રિયોની ભોગ તરફ અને અંતરાત્માની ત્યાગ તરફ, એમ
એકમેકથી તદ્દન વિરુદ્ધ પ્રેરણા આપણા અંદર અનુભવાય છે.

આત્માની પ્રેરણા પ્રમાણે ચાલીએ તો શ્રેય થાય.
ઇંદ્રિયોને વશ થઈએ તો શ્રેય નહિ, પણ પ્રેય પ્રાપ્ત થાય.

આપણામાં જે ચૈતન્યસ્વરૂપ આત્મા બિરાજમાન છે,
તે વિષે શ્રદ્ધા રાખવી. જગત ચૈતન્યનો જ આભાસ છે.
શ્રદ્ધા ઊંડી થાય પછી અહંકાર એમાં જ શમી જાય છે.

'હું કરું છું' એવું કર્તાપણાનું મિથ્યાભિમાન,
ચૈતન્ય વિષેની જ્વલંત શ્રદ્ધામાં ન ટકી શકે.
'બધી સૃષ્ટિ ચૈતન્યને આધીન છે' એવી શ્રદ્ધા દૃઢ કરવી.

0 વિષયોનું આકર્ષણ ત્યાં સુધી જ થાય છે, જ્યાં સુધી અંદર રહેલા ચૈતન્યનું આકર્ષણ થતું નથી, કારણકે વિષયો પ્રત્યક્ષ દેખાય છે, ચૈતન્ય દેખાતું નથી. તેથી સ્વાભાવિક રીતે જ વિષયો ચિત્ત પર ચઢી જાય છે. દૃષ્ટ, શ્રુત, કલ્પિત વસ્તુઓનું આકર્ષણ કાઢવું તે 'ઉપરતિ'. ચિત્તમાં ચૈતન્યનું ખેંચાણ રહે તો જ આ પ્રશ્ન ઉકેલાય. લોકોની ઇચ્છા ક્ષીણ થયે જ મોક્ષની ઇચ્છા સંભવે. એ રીતે મોક્ષની ઇચ્છા જાગે, તો લોકની ઇચ્છા જાય.

0 પડછાયો એ બીજી કોઈ વસ્તુ નથી, તેમ વસ્તુનું રૂપ અને આકાર પણ વસ્તુ સાથે રહેવા છતાં વસ્તુરૂપ નથી. પ્રત્યક્ષ હોસ્પીટલને લંબાઈ-પહોળાઈ હોય છે, પરન્તુ એના ફોટાને હોતી નથી, છતાં તે ફોટો હોસ્પીટલની ઓળખાણ કરાવે છે જ. મનમાં જે સૃષ્ટિ પેદા થાય છે, તે રૂપ-આકારની જ હોય છે, પણ સાચી સૃષ્ટિ હોતી નથી. સાચી સૃષ્ટિ તો બહાર ઊભેલી છે, તે પણ ક્ષણભંગુર છે.

'માનસિક સૃષ્ટિ કાલ્પનિક છે એટલે મિથ્યા છે' આ વિચાર જો બરાબર ઠસી જાય, અંદર ઊંડો ઉતરી જાય, તો મનમાં જે વિચારચક્ર ચાલ્યા કરે છે, તેને આપણે અટકાવી શકીશું.

'अथातो ब्रह्म जिज्ञासा ।'

તેના ઉપર ભાષ્યમાં સાધન ચતુષ્ટય વર્ણવ્યાં છે:

(૧) નિત્યાનિત્ય વસ્તુવિવેક (૩) શમ-દમાદિ સાધનસંપત્તિ

(૨) ઈહામુત્ર અર્થ ભોગવિરાગ (૪) મુમુક્ષુત્વ - મોક્ષની ઈચ્છા.

સાધન ચતુષ્ટય અને આત્મદર્શન

એ જેની સાધના વડે ચૈતન્યનો અનુગ્રહ થાય છે તથા કષ્ટ વખતે પણ શાંતિ-ક્ષમા જાળવી શકાય છે.

નિત્ય વસ્તુ કઈ અને અનિત્ય વસ્તુ કઈ તેનો વિવેક નિરંતર ચિત્તમાં થતો રહેવો જોઈએ. એથી નિત્ય વસ્તુ વિષે પ્રેમ અને 'અનિત્ય વસ્તુ નિઃસાર છે' એમ મનમાં ઠસવાથી તેના પ્રત્યે અરૂચિ પૈદા થતી જાય.

જીવન કર્તવ્યનિષ્ઠ બનતું જાય એટલે અકર્તવ્ય પ્રત્યે ઉદાસીનતા કેળવાતી જાય અને આહાર-વિહારમાં સંયમ આવતો જાય.

આ સાધન ચતુષ્ટય મનનું બળ વધારવાનાં સાધન છે.

આત્માનુભવ કરવા માટે સાધન મન જ છે, તેથી તેનું બળ વધવું જોઈએ.

વિષય સેવન માટે બળની જરૂર નથી, કેમકે તે નીચે લઈ જનાર છે, નીચે ઉતરવા માટે બળ જોઈતું નથી.

ઉપર ચઢવું હોય તો જાગ જોઈએ.

'આત્માનુભવ કરવો' એટલે ઉંચે ચઢવું.

નિત્યાનિત્ય વિવેકથી મનની શક્તિ વધતી જાય છે.
આપણને શબ્દાદિ વિષયો પ્રત્યે જબ્બર આકર્ષણ છે.
આ આકર્ષણને લઈને પંચ વિષયના ભોગમાં જ આપણી
બધી માનસિક શક્તિ વહાઈ જાય છે, ક્ષીણ થઈ જાય છે.
વિષયોનું સ્વરૂપ ઓળખાતા તેના પ્રત્યેનું આકર્ષણ
ઓછું થઈ જાય છે અને ક્રમે ક્રમે ઘસાઈ જાય છે.

શમ = આંતરિક શાંતિ.

તિતિક્ષા = ટાઢ તડકો સહન કરવો, માનાપમાન પણ સહવા.

દમ = સર્વેન્દ્રિયોનું દમન. સમાધાન = ચિત્તસ્થ ભાવ.

સંતુષ્ટ = પ્રારબ્ધાનુસાર પ્રાપ્ત થાય તેમાં સમાધાન માનવું,
અર્થનો લોભ છોડવો, દેહ પ્રત્યે સાધન દ્રષ્ટિથી જોવું.

ચૈતન્યસ્વરૂપ આત્મા જે આપણામાં છે,
તેના પ્રત્યે શ્રદ્ધા રાખવી.

માયાશક્તિ, નિયતિશક્તિ, કાલશક્તિ એક જ વસ્તુ છે.

મુક્તો પોતાની સિદ્ધિ સ્વરૂપથી મેળવે છે.
તેઓની આસપાસ સ્વરૂપનું તેજ હોય છે.
મુક્ત પુરુષો આખરે સ્વરૂપમાં જ વિલીન થાય છે.

શ્રી

૨૦૭૬, ભાદરવા સુદ-૯

## દિવ્ય સહાયક નવકાર

નમસ્કાર છે જૈન ધર્મનો, મંત્ર મહાનવકાર,
નાશ કરે તે અષ્ટકર્મનો, અષ્ટસિદ્ધિ દાતાર. -૧
શાશ્વત મંત્ર એ શ્રુતશિરોમણિ, મંત્રમાંહી શિરતાજ,
પંચ પરમેષ્ઠિ તારક જગધણી, વ્યાપક ચૌદહ રાજ -૨
મહીમાવંતા આ ઉપકારી, જુગાજુગાદિ પુજાય,
શક્તિ અનંતી તારણહારી, ગણતા પાપ પલાય -૩
અર્થથી ગંભીર સિદ્ધિદાયક, અનંત સુખ દેનાર
મુક્તિમાર્ગમાં એક સહાયક, મંગળનો કરનાર -૪
સદ્ગુરુ એકને નિત્ય સુહાવે, સહુનો પરમ આધાર
વાંછિત આપે-દુઃખડા કાપે, સ્થાપે મુક્તિ મોઝાર -૫

⁂

પરમ પ્રભુ સબ જન શબ્દે ધ્યાવે,
જબ લગ અંતર ભરમ ન ભાંજે,
તબલગ કોઉ ન પાવે. પરમ...(૧)
સકલ અંશ દેખે જગ જોગી,
જો બિનુ સમતા આવે,

મમતા અંધ ન દેખે યાકું,
ચિત્ત ચિહું ઓર ધ્યાવે. પરમ...(૨)
સહજ શક્તિ અરૂ ભક્તિ સુગુરૂ કી,
જો ચિત્ત જોગ જગાવે,
ગુણ-પર્યાય-દ્રવ્યસું અપને,
તો લય કોઉ લગાવે. પરમ...(૩)
પઢત પુરાણ વેદ અરૂ ગીતા,
મૂરખ અરથ ન ભાવે,
ઈત ઉત ફિરત ગ્રહત રસ નાંહી,
ચિત્ત ચિહું ઓર ધ્યાવે. પરમ...(૪)
પુદ્ગલ સેં ન્યારો પ્રભુ મેરો,
પુદ્ગલ આપ છિપાવે,
ઉનતેં અંતર નાંહી હમેરો,
અબ કહાં ભાગો જાવે. પરમ...(૫)
અકલ અલખ અજ અજર નિરંજન,
સો પ્રભુ સહજ સુહાવે,
અંતરયામી પૂરન પ્રગટ્યો,
સેવક જસ ગુણ ગાવે. પરમ...(૬)

श्रीँ

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧)**
સામાયિકમાં રહેલા શ્રાવકના ૪ પ્રકારના ધર્મોપગરણ કહ્યા છે, તે આ પ્રમાણેઃ (૧) સ્થાપનાજી (૨) મુહપત્તિ (૩) નવકારવાળી (જપમાળા) (૪) ચરવળો.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૪૭)**
એકને પૂજવાથી બધા પૂજાય છે, એકની હિલના કરવાથી બધાની હિલના થાય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૫૩)**
(૧) પૂજ્યની પૂજા (૨) દયા (૩) દાન (૪) તીર્થયાત્રા (૫) જપ (૬) તપ (૭) શ્રુત અને (૮) પરોપકાર, એ મનુષ્ય જન્મના ૮ ફળો છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૭૭)**
ભયમાં શરણ એ ઉપાય છે, રોગમાં ક્રિયા એ ઉપાય છે અને વિષમાં મંત્ર એ ઉપાય છે. તત્ત્વથી આ બધા પાપકર્મોને દૂર કરવાના ભેદો છે. અહીં ગુરૂ એ શરણ છે, કર્મરોગમાં ક્રિયા એ ઉપાય છે અને સ્વાધ્યાય એ મોક્ષરૂપી વિષને નાશ કરવા માટેનો શ્રેષ્ઠ મંત્ર છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૮૬)**
અસત્ પદાર્થ વિદ્યમાન હોતો નથી અને વિદ્યમાન પદાર્થનો અભાવ થતો નથી. આ બંને બાબતમાં તત્ત્વદર્શીઓ વડે દૃષ્ટાંત રૂપે સૂર્ય કહેવાયો છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૯૯)**
જેવી રીતે નિર્ઘર્ષણ, છેદ, તાપ અને તાડન - આ ૪ પ્રકારે સોનાની પરીક્ષા થાય, તેવી જ રીતે વિદ્વાન પુરૂષો શ્રુત, શીલ, તપ અને દયા વડે ધર્મની પરીક્ષા કરે છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૦૫)**
'ભગવાને કહેલું છે' એવી ભક્તિથી સ્વીકારવું.
મૈત્ર્યાદિ ભાવોથી યુક્ત, જિનધર્મથી વાસિત સર્વ જીવો પ્રત્યે મને મૈત્રી થાઓ.

શ્રી

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૪૦)**

દાન અને પૂજા એ શ્રાવક ધર્મમાં મુખ્ય છે. જેમ દાન-પૂજા વિનાનો શ્રાવક ન કહેવાય, તેમ ધ્યાન અને અધ્યયન સાધુને મુખ્ય છે. ધ્યાન અને અધ્યયન વિના સાધુપણું પણ ન હોય.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૪૦)**

દયાથી વિશુદ્ધ એવો ધર્મ, સર્વ સંગના ત્યાગરૂપ પ્રવજ્યા અને નાશ થયો છે મોહ જેનો એવા દેવ ભવ્યજીવોને ઉદય કરનારા છે. - બોધપ્રાભૃત

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૪૦)**

તપ અને વ્રત વડે સ્વર્ગ પ્રાપ્ત થાય છે તે પણ ઉત્તમ છે. બીજામાં રક્ત ન થાઓ અર્થાત્ બીજા કાર્યો કરીને સ્વર્ગથી ઉતરતી ગતિમાં જવું સારૂં નથી. તડકામાં ઉભેલાને છાયા અને પડતાંને આલંબન આપવામાં ઘણો ફરક છે. - મોક્ષપ્રાભૃત

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૪૫)**

જે જ્ઞાતપુત્ર પ્રભુવીરના વચનોને સ્વીકારીને છ એ કાયના જીવોને પોતાના આત્મા સમાન માને, પાંચે મહાવ્રતોને સ્પર્શી સુચારૂ રીતે પાલન કરે તથા પાંચ આશ્રવોને જે સંવરે કે અટકાવે, તેને 'ભિક્ષુ' કહેવાય.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૪૭)**

ખરેખર હે જીવ! પૂર્વે આચરેલા અને આલોચના નહીં કરેલા એવા પાપકર્મોને ભોગવીને મોક્ષ થાય છે. ભોગવ્યા વિના કે તપ વડે નિર્જરા કર્યા વિના મોક્ષ થતો નથી.

- દશવૈકાલિક, ચૂલિકા પહેલી

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૪૯)**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ - એ પંચપરમેષ્ઠિ શરૂઆતમાં રહેલા છે, તેથી તેઓ જ આદિમાં મને શરણ હો.

ઉભો ન રહે, કંઈ બોલ નહી અને કંઈ વિચાર પણ નહીં, જેથી તુ સ્થિર થઈ શકે. આત્મા - આત્મામાં રક્ત થાય એ જ પરમ ધ્યાન કહેવાય.

શ્રીઁ

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૪૯)

સહજ શુદ્ધ જ્ઞાન-દર્શનસ્વરૂપ પરમાત્મતત્ત્વ પ્રત્યે સમ્યગ્ શ્રદ્ધા અને જ્ઞાનના આચરણરૂપ અભેદ રત્નત્રય સ્વરૂપ પરમ સમાધિથી ઉત્પન્ન થયેલ સર્વ આત્મ પ્રદેશમાં આહ્લાદને ઉત્પન્ન કરનાર એવા સુખના આસ્વાદની પરિણતિવાળો પોતાના આત્મામાં રકત થાય છે. 'પરિણત' એટલે આત્મામાં લીન, તદ્ઘચિત્તવાળો. એવા જ આત્મસુખમાં તન્મયપણું બને, તે નિશ્ચયથી જ પરમ ઉત્કૃષ્ટ ધ્યાન થાય છે.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૬૪)

પોતાને માન મળે તો ખુશ ન થાય, અપમાન મળે તો ગુસ્સે ન થાય, ગંગાના વહેણની જેમ જે ક્ષોભ પામતો નથી, તે 'પંડિત' કહેવાય છે.

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૮૯)

ત્રણ કરણથી ઉપયોગવંત, ક્ષણે ક્ષણે શીલ-સંયમમાં પ્રયત્નવાળો, વ્રત-નિયમની વિરાધના નહિં કરનારો જે આત્મા, બધા (આઠ) કર્મરૂપી મેલના કલંકરહિત અને દેવ-દેવેન્દ્રોથી પૂજાયેલા જિનેશ્વર પરમાત્માના ચરણોનું નામથી પણ સ્મરણ કરે છે, તે ટૂંક સમયમાં સિદ્ધ થાય છે. - શ્રી મહાનિશીથ સૂત્ર

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૯૦)

જેવી રીતે પોતાના પ્રાણ પોતાને ઈષ્ટ છે, તેવી રીતે બીજા જીવોને પણ તે ઈષ્ટ છે. એટલે માનવે પોતાના આત્માની જેમ બીજા જીવોની દયા કરવી જોઈએ.

श्री

# ભીતરની આ શાંતક્રાંતિ...

પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજને મળતાં જ પૂછું છું એક પ્રશ્ન કેઃ 'રોજ પરોઢે વિસ્મય પામું છું... અખંડ શારીરિક-માનસિક શક્તિ સંગે ભીતરની આ શાંતક્રાંતિ ક્યાંથી જન્મી રહી હશે?' ઉત્તર મળે છેઃ 'સમગ્ર વિશ્વ માટે બની રહેનારી હસ્તાક્ષરોની આ અદ્વિતીય અધ્યાત્મ વિરાસતની જ ફલશ્રુતિ લાગે છે એ મને!'

પોતાની વિદેહી ઉપસ્થિતિમાં પણ અનેક જગ્યાએ અંગૂલિનિર્દેશ કરી આ કાર્યમાં રાહ દર્શાવે છે, તેવા પૂજ્ય પંન્યાસજી મહારાજની દ્વિશતાધિક રોજનીશીઓમાંથી નીતરતાં અધ્યાત્મ અમૃતમય એક-એક અક્ષરોનો વળોટ એવં અર્થગાંભીર્ય મારી સાથે દિવસ ઉપરાંત રાતની નિરવતામાંયે ગોષ્ઠિ માંડે છે... લાગે છે આ હસ્તાક્ષરોનો સંકલ્પ છે કે આપણા સૌની આત્મશુદ્ધિ માટે કલ્યાણમાર્ગ - શ્રેયમાર્ગ શીઘ્ર ઉઘડતો જાય!

જગતથી સા...વ વિખૂટી પડી જઈને રોજે કલાકો પર્યંત અવિચ્છિન્ન કાર્ય ચાલે, ત્યારે ઘડિયાળ - કેલેન્ડરની બહારે અને નિરંતર પ્રસન્નતાપૂર્ણ રીતિએ સર્‌સર્ જીવન વહે, તેવો આ વરદાનરૂપ સુવર્ણ સમયખંડ ઉપહાર રૂપે મને મળ્યો જ છે, ત્યારે...

તેના વળતરરૂપે વિશ્વને હું

'દરેક આત્મા મારા જેવો જ છે અને મને ગમે છે તેવો જ વ્યવહાર સૌને ગમે છે' એવા આત્મૌપમ્ય ને સમતાભાવની ભેટ આપી શકું તેવી જિનેશ્વરને પ્રાર્થના સહ,

પરિશ્રમલાધ્ય આ પંદરમાં રતનને અંતરથી આવકારીએ.

**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥




ઉપર દર્શાવેલ ૬ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૫૯ - ૧૯૭૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# હ્રીઁકાર બીજમાં પંદરીયો યંત્ર




માતૃકા = માતિ = ઉત્પત્તિ

તરતિ = વિસ્તાર

કાયતિ = નાદ

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in